रा. खेंगार अने

(ઇશ્વર સ્તુતિ

(સર્વે પાત્રો સાથે)

છે જનપાલક કાલક દુઃખનો કુલ પૃથ્વ.

(એ ઢબ).

સર્વે પાત્રો.

પરમેશ પરેશ કૃપા કરજે, અલ્પ સ્તુતી અમારી ઉર
ઉમયા અર્ધાંગે ગખી સદા, ભકતોને નહી દુખ કદા,
ભજે છે જન તુજને સર્વદા, દુખો અમારાં તુ હરજે.
અર્ધ ચંદ્ર જટામા બીરાજે છે, ખળ ખળ ગગાજી વહે છે,
સર્વમાં વ્યાપક હે નાથ, પતીત પાવન અધમ ઉધાર,
સ્તુતિ કરીયે વારમવાર, કલેશ અમારા તુ હરજે
જળધારે ગળ[illegible] કર છો, [illegible] છો.
ભસ્મનો અગે લેપ કરો, જગલમાં નિશ દિન લેર કરો.
ગજ ચર્મ હમેશાં વસ્ત્ર ધરો, સમદ્રષ્ટી રાખી સૌપર છે. ૩
જયદ્રથની ભુજામાં વાસ કર્યો, આ દુષ્ટોનો તો નાશ કર્યો,
કૃતી કળે નહી કોઇ જન, વસો છો સર્વને હો મન,
અર્પી તુજને તન મન ધન, અર્જ કરી તે ચિત ધરજે ૪
વિસ્વેશ સુરેશ નરેશ પતી, પરમેશ ધનેશ ધુરેછ જટી,
શેવક આજ કરે છે શેવ, દેવ તણા પણ મ્હોટા દેવ,
માની લેજે સ્તુતી એવ, દુખો અમારા તુ હરજે. ૫

પ્રવેશ ૧ લો.

સ્થળ—કડલી નગ[illegible] ાં રાજા પારસીંહની કચેરી.

પાત્ર—પારસીહ , દેબળ, અને દાસી કેસર.

પારસીંહ—પ્રિય પ્ર[illegible]ાનજી આજ કાલ માહારૂં મન વ્હેળ રહે છે, કારણ માહારી આટલી વૃદ્ધ અવસ્થા સંતતિ પ્રાપ્ત થઇ નથી. એટલુંજ નહીં પણ હાલ [illegible]સના મહાન કષ્ટમાં આને દુઃખ પામે છે, વાહાલા [illegible] પુત્ર રત્ન પ્રાપ્ત થાય તો હું

/ માહારા હજારે દુશ્મનો ૯
. સલામત રહે. નહીંતર એક તો
આ મ્હોટી ફીકરથી થએલ અશક્ત-
વાસ્તે નહીં લે અરે દૈવ ગેં તારો એવો
મને દુખી કરે છે ? (નીચું ેઇ રૂમાલથી

મહારાજાધિરાજ ! સાવધ થાઓ ! સાવધ થાઓ
ગીરી કરવાથી આપની અશક્તિમાં ઓર જ્યારે
ા લાગશે પરમેશ્વર સર્વ વ્યાપક આપની આસ્તા
નીતિ અને ભક્તિ ઉપર પુરતું લક્ષ આપી આપનું
ગજમાં દદે કરશે

રસીંહ—પ્રધાનજી ! એ ઝાઝવાના જળની માફક, આકા-
ફુલની માફક, સસલાના સીગના જેવી નિષ્ફળ આશા ક્યાં
. રાખવી ? જો સર્વજ્ઞ અંતર્યામીની માહારા ઉપર કૃપા હોત તો
ાજ દિવસ સુધી શા માટે ન થાત, પરંતુ વાહાલા પ્રધાન એ
કૃપા નહી પણુ કુનેહ છે, માહારૂ શરીર હવે લાંબો વખત આ
દુનિયા ઉપર ટકવાનુ નથી હા ઇશ્વર ! માહારા દુખનો છેડો લાવ
અને માહારો નેક ન્યાય તારી હજુર બોલાવી કર તખ્ત ઉપર બેભાન
હાલતમા શોકમા લીન થઈ ગાય છે

ભૈરવી ગજલ

(ચંદ્રમુખીને એકલી છોડીને હુ આવ્યો અહી—એ ઢબ).

દુખ દર્દથી દીલડુ અતી, બેહાલ થઈ માહારી ગતી,
વિના સતતી અરે, મુખ માહારૂ સૌ હરે,
ધીક વિના પુત્રની, ફીટકાર લોક સૌ કરે ૧
મુખ માહારૂ કો કદી, જુવે નહી સવારમા,
કહે છે મુખથી વાંઝીયો, આવે નહી દુવારમાં. ૨
પાપ પેલે જન્મ મેં, કર્યા ઘણું પ્રભુ અરે,
ક્ષમા કરો હો નાથરે, લાચાર છું ખરે ખરે ૩
ઉદાસ મન તો થયુ, ગઇજ હામ દીલની;
પરેખરી પ્રભુ, વિનતી આ અસીલની. ૪
પુરા દીન તો, પત્નિ મહારીને ખરા,
દે હવે, આવી છે માહારી જરા ૫

(મુર્છાગત થાય છે)

કેસર—પ્રધાનજી ! માહારાજા આમ બેભાન કેમ પડ્યા છે ? આપણી લઈને આવી છઊં.

બુદ્ધિબળ—કેમ શેની વધામણી ? શું બાઈસાહેબને પુત્રનો પ્રસવ થયો ?

કેસર—હા ના, પુત્રતો નહી પણ પુત્રીનો પ્રસવ: થયો.

બુદ્ધિબળ—ભલા સારૂં, સર્વજ્ઞ સર્વેસ્વરે બાઇસાહેબને તે બધન મુક્ત કર્યા એજ શુક્ર લે ત્યારે હુ માહારાજાને જાગૃત કરૂ છુ. એમ કહી માહારાજાને મુર્છા અવસ્થામાથી જાગૃત અવસ્થામાં લાવે છે.

પારસીંહ—કેમ કેસર ! અતરગૃહના શુ ખબર છે ?

કેસર—(માથું નીચુ નમાવી) માહારાજા !

(ધરસે ઇહાં કોન ખુદાકે લીયે લાયા મુજકું—એ ઢબ)

લાવી છઉં આજ રાજા, એક બધાઈ સારી;
પુત્રી પેદા થઇ છે, આપ ઘેર એક પ્યારી.
કરો ખુશી આજ રાજા, અર્જ પાપ પાસ મારી;
સુખી કરો તેથી આજ, આપી સીરપાવ સારી. ૨

માહારાજા આપને ત્યાં આજે એક અતિ રમ્ય પુત્રીનો જન્મ થયો છે તેને માટે આ કીકરીને યોગ્ય સીરપાવ આપી નીહાલ કરશો.

પારસીંહ—(ઘણીજ ખુશીમાં આવી) પરધાનજી !

ઊપલીજ ઢબ.

ઘણો ખુશીનોજ દીન, આજ છે પ્રધાન માહારા,
તેથી જલ્દી દેજે તુ, દાશીને સીરપાવ સારા. ૧
જલ્દી બોલાવતુ, જોશીનેજ આજ આંહી,
કરે જન્મોતરી, પુત્રીજ કેરી તે તહીં. ૨

વાહાલા પ્રધાન! પુત્ર કે પુત્રી એ કુદરતના હાથમાં છે પરંતુ માહારી વાહાલી પ્રીયાને બંધમુક્ત કરી એજ અતરયામી ઇશ્વરનો આભાર માનવા જોગ છે જેથી આજનો દિવસ મહોટા આનદનો ગણવો જોઇએ. આ કેસરને સારી રીતે પોશાક આપો અને હુ અંતઃપુરમાં જાઊં છઊ. તમે આપણા રાજ્ય જોશીને બોલાવી ત્યાં આવો કે પુત્રીની જન્મોતરી કરાવીયે.

બુદ્ધિબળ—જેવી માહારાજની આજ્ઞા.

(સૌ જાય છે.)

પ્રવેશ ૨ જો.

(સ્થળ—અંતગ્રહ)

પાત્ર—પારસીંહ, રાજા, કમળાકુંવરી, રાણી, બુદ્ધિબળ પ્રધાન, ગવરીશંકર જોશી.

બુદ્ધિબળ—માહારાજાધિરાજ આજની ખુશાલીનો કંઇજ પાર નથી, પરમેશ્વર સૌને તદુરસ્ત રાખે.

(મેં લાખકી દો લાખકી પરવા નહીં રખતી—એ રાહ)

ખુશી થઈ છે આજ, અતી રાજ અમારા,
થઇ છે પુત્રી ઘેર જેથી આજ તમારા.
આપ્યા છે સીરપાવ, આજ દાસીને સારા;
લાવ્યો છું જોશીને, હુજ કદમ તમારા.

માહારાજ આપના હુકમ અનુસાર કેસરને સારી રીતે પોશાક આપ્યો છે તેમજ આપણા રાજ્ય જોશી ગવરીશંકરને પણ આપ હજુર હાજર કરૂં છઉં.

પારસીંહ—જોશી માહારાજ ! આજે ઇશ્વર કૃપાથી પુત્રીનો પ્રસવ થયો છે તે ઘડી પળ આ કાગળમાં માંડી છે તે લ્યો.

(અરે લાલદેવ ઇસ તરફ જલ્દી આ એ રાહ.)—

અરે જોશી ! કે, જલ્દી સાચી વાત;
પુત્રી થઈ કેવી આ સાક્ષાત.
જન્મ તેનો કેવો થયો છે આજ;
બનશે ભવીષ્યમા કેવો બનાવ

ગવરીશંકરજી, જે હકીકત આપને જોતિષ વિદ્યા અનુસાર ખરી લાગે તેજ યથાસ્થિત કહી સંભળાવો આપ સત્ય વક્તા છો તેથી જૂઠું નહીજ કહો એવી આશા છે.

ગવરીશંકર—માહારાજાધિરાજ સાંભળો ત્યારે (આંગળીના વેઢા ગણતો તથા ટીપણું પહોળું કરી ગાય છે)

કેરબો.

જોઈ ટીપણું ને વાત કહુ આજ સાચીરે,
આજ સાચીરે રાજા આજ સાચીરે;
ધન, મકર, ને મીન મેખ કુંભ અને વરખ,
સીહ મીથુન કન્યા તુલા વૃશ્ચિકને કરક. ૧
દા, ચા, ઝા, થા મીન જાણો બા, વા, જાણો વરખ;
રાતા તુલ ગોસા કુંભ, ડાહા છે કરક. ૨
યમઘંટને વૈદ્રય વખતે હતોજ વ્યતીપાત;

જનમ વખતે અહલુ હું મરશે એનો તાત, ૩
કુળ તણો તો નાશ કરશે રેશે જે ઘરમાંય;
સાચે સાચું કહુંછું રાંજા કરો મને ક્ષમાય. ૪

રાજાધિરાજ! મેં આ કુંવરીની અહકુંડળી કરી બારીક નજરથી તપાસ્યું તે તેણે જન્મ ઘણાજ વિપરીત કાળમાં થયો છે અને તેને લીધે આ પુત્રીનું મુખ વધારે વખત જોવું એ પણ સારૂં નથી એમ મારો મત છે. (જલ્દી સટકી જાય છે,

(કમળા કુંવરી એકદમ મુર્છાગત થાય છે તેને સુધીમાં લાવીને)

પારસીંહ—પ્રાણપ્રીયા! તમારી અત્યંત દીલગીરીમાં હું પણ વિભાગી છઉં, પરંતુ પરમેશ્વરે આપણને આટલે વર્ષે એક ફળ આપ્યું અને તે પણ આવું ત્યારે દૈવની આપણા ઉપર અકૃપા છેજ એમ સમજી લાચાર થઇ ખમવું જોઇએ.

કમળા કુંવરી—પ્રીય પ્રાણનાથ આપ કહો છો તે તદન ખરૂ છે પરંતુ સ્ત્રી જાતીનો સ્વભાવિક સ્વભાવજ છે આટલુ આટલું દુઃખ સહન કરતાં જે ફળ પ્રાપ્ત થાય તેના ઉપરથી માયા કેમ ઉતારી નંખાય તેને આપણી નજરથી કેમ દૂર કરાય, અરેરે આટલાં વર્ષે જનુની થવાનો વખત આવ્યો તેનો લાહાવો શું માહારે ન લેવો? હે દૈવ તું કેમ દુર થયો. (એમ કહી અશ્રુપાત કરે છે.)

પારસીંહ—સુવદના? ધીરજ ધર, ધીરજ ધર, પરમેશ્વર વળી મેહેરબાની કરશે. આ પુત્રીને આપણા પ્રધાનજીને ત્યાંજ રાખવાની ગોઠવણ કરશું, તું મુઝા મા.

કમળા—જેવી પ્રાણનાથની ઇચ્છા. (સૌ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ રાજાનું ગુપ્ત મહ૦

પાત્ર—પારસીંહ, રાજા, બુદ્ધિબળ પ્રધાન.

પારસીંહ—પ્રધાનજી!

ત્રોટક છંદ.

નથી કામ તણીએ પુત્રી ખરે, નકી ઘાટ કુટુંબનો તેજ કરે;
કરવી દુર તેને નકીજ ઠરી, દીલમાં તહીં આશ ધરૂં જરી;
થઇ સત્વર જા તું પ્રધાન અરે, મુક જંગલમાં જઇ પુત્રી ખરે.
દીલમાં અતિ દાઝ રહીજ ખરી, પણ વાત ખરી દુઃખકારી ઠરી;

પ્રધાન? જો આ પુત્રીને આ શહેરમાંજ રહેવા દઇએતો

કોઇ દીવસ પણ તેનું મુખ જોયા વગર રહેવાયજ નહી અને જોવાય ત્યારે તેમાંથી ઘણું માઠું પરીણામ નીપજ્યા વગર રહેજ નહીં માટે મારો મત એવો છે કે તેને જંગલમાં કોઇ નીર્ભય જગ્યાએ મુકી આવવી પછી જે તેના નશીબમા લખ્યું હશે તેજ જશે.

બુદ્ધિબળ—મહારાજાધીરાજ માહરો પણ એજ મત છે અને તેને માટે. **પીલુની ઠુમરી.**

આપણો હુકમ માથે ચડાવી, જોઉ હું સત્વર પુત્રી તેડાવી,
નીર્ભયસ્થાને મુકીશ હાથે ફરી અહી નહીં આવો કોઇની સાથે.
છોડો તમે દીલનીજ ઉદાસી, લખી જે ભવિષ્યમાં તેજ વાત સાચી.

મહારાજા જે બનાવવાનું છે તે હમેશા બનેજ છે માટે આપ તે બાબત જરા પણ સોચ નહી કરશો હું તેને કોઈ નિર્ભયસ્થાને મુકી આવીશ અને તે વાતની મહારાણીને પણ ખબર નહી થવા દઉં.

(સર્વ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ કડવી પાસેનું અરણ્ય.

હુડમત—ચાલી ચાલીને તો ઘણોજ દુર આવ્યો, ગધેડા પણ હવે થાકી ગયા, લાકડાં અને માટી પણ હારી એકઠી કરી ટાઢને લીધે મારૂ દીલ પણ થરથરે છે ચાલને પેલો વડ કળાય તે નીચે જરા વિસામો તો લઉ

(વડ તળે જાય છે તેવામા એક બે દીવસની જન્મેલી છોકરી એક દુસાલામાં લપેટાઇ પડી છે, સૂર્યનારાયણના તેજસ્વી કીરણો જરીના દુશાલા ઉપર પડવાથી ચકચકાટ થઇ રહયો છે તેની નજીક જઈ નીહાળતો.)

આહાહાહા ! પરમેશ્વરની કેવી મેર સેને આવુ કુમળુ બચ્ચું વગડામાં કુણ લાયું હશે (આસપાસ જુવે છે તો કોઇ આદમી નજરે નથી પડતું) અરે આટલામા કોઈ મનખ પણ નથી પણ હવે એ વિસાર તો સોઠી દઉ માહારી ઉમર એહીક વરહની થઈ તો પણ મારે કાઇ સોકરૂં બોકરૂ થયુ નહી સાલને એને પણ લઈ જાઉં અને માહારી ઘેર વાળીને આપુ કે તે રાજી થાય અને આપણે ઘડપણમા હખ થાય એને દીચરી કરીને રાખશુ.

(અમ કહી ઘણીજ જાળવણુથી લઇ જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ હુડમતનું ઘર.

પાત્ર હુડમત અને તેની સ્ત્રી.

હુડમત—ઘેરવાળી ? એ ઘરવાળી ! ઉઠ, ઉઠ, સાંભળ મારી વાત જંગલમાંથી આ કુમળું બાળક મને જડયું છે આપણે આજ સુધી કાંઇ સોકરૂં ઓકરૂં થયુ નથી આ ગગીને દીચરી કરીને રાખશું અને ઉસેરી મોટી કરહુ. (એકદમ ખુશીમા આવી જઇ.)

ત્રીભંગી છંદની ચાલ.

સાંભળહેકે નહી તુ આવી વાત ખુહીની લાવો સઉ,
વાંઝીયાનુ મેણુ ટળહે, સુખ સહુ મળહે આજ બહુ,
લાપસી રાધજે સગા ખવડાવજે, ઘી પીરહજે, બહુ બહુ,
હીમત ભાઈ તો ખાટલે બેસશે, હુગો ગડગડશે બહુ બહુ.

સ્ત્રી—તમે જે વાત કહી તે મને બહુજ ગમી (છોકરીને ખોળામાં લઇને) આહાહા ? કેવી રૂપાળી સેને ? હુ તો તમને બોલાવવાને પણ મુઝાતી હવે તો દીચરીના બાપ કહેવા થાહે

કુ૦—(હાલરડુ વાલુ પ્યારી મારીને હાલરડુ વાલુ—એ રાગ)
આણુદ અગ ન માય, સ્વામી આજે આનદ અગ ન માય ટેક.
ધન્ય દિવસ હુ આજનો જાણુ, ઉરમા વધ્યો ઉત્સાહ. સ્વામી.
હર્ષના આસુ આવે નયનમા, પ્રેમ હૃદય પ્રગટાય સ્વામી.
આજ અતિશે હર્ષ વધ્યો છે, તેથી મુને સુખ થાય સ્વામી.
આ બાળકને ક્યાથી લાવ્યા, કહોને મુજને આજ. સ્વામી.

(ખુશી થાય છે.)

હુડમત—હમજીને ? એ સઘળુ તો ઠીક પણ તુ જાણુશે કે ના એ કોઇ મારા ઘરની સોકરી હશે વળી આપણે વાઝીયાં સઇએ ને કોઈ આને રડતુ હાંભળહે કે ના તો ફજેતી થહે માટે ચાલ ઝટકર કોઈ બીજે ગામ જઈ રહીયે આ કડલીમાં રહેવાથી હવે ફાયદો નથી.

સ્ત્રી—એ તો ખરૂ કહ્યુ પણ હુતો આ મારી દીચરીનું રૂપ જોઈ ઘેલી થઇ ગઈ સઉ, અરરર ! જોને રડસે તે એને હાલરડુ ગાઉ. (છોકરીને બકી ભરતી જાય છે.)

પુર્ણ થયો છે ખેલ સજ્જનો પુર્ણ થયો છે ખેલ—એ ઢબ.
હાલરડું વાલું પ્યારી રે, મારી હાલરડુ વાલું;
ગ નહીં તુ કરજે, પ્યારી હીચોળુ તનડુ. ૧

શાન્ત થઇ તું સુઇ જાજે, ખુશી દીલ માહારૂં. ૨.
કજીયા કરીશ તો આછે આવશે કરડે મ્હો તારૂં. ૩

હુડમત—હવે એ લેપ હમણાં સોડી દેને જો મહળકું થયું ને આગડ વાળુ તો ભુડા હાલ થાહે, ચાલ હવે કચ્છ દેહમાં જઇ રેહું.

સ્ત્રી—હું ક્યાં ના પાડું સહુ જે લેવું હોય તે લઈ આગળ થાઓ.

હુડમત—મેં તો બધો સામાન ગધેડાં ઉપર નાંખી ગધેડાં પણ સોડયાંસે લે હેંડ.

(કચ્છ તરફ જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ભુજ નગરમાં હુડમતનું ઘર.

પાત્ર—રાણુકદેવી પછીથી લાખોફુલાણી, કચ્છનો રાજા.

અહીંયાં રાણુકદેવીની ઉમ્મર તેર વર્ષની થાય છે અને તેણે કોઇ વિદ્વાન પાસે તે વખ્તની સાધારણ કેળવણી મેળવી છે તે આ વખત હુડમતની ઘર નજીક નાના બગીચામા ઉદાશ બેઠી છે.

રાણુકદેવી—હે દીનબંધુ ! જગતકર્તા હવે માહારૂ મન તદ્દન વિહ્વળ થએલુ છે. (ઉદાશીમાં.)

(પીયુને તજાવનાર વેરી અલંકાર એ ઢબ.)

પ્રીત રીત કેરૂં પાન ક્યારે હુ કરૂ,
પ્રીતરે વિનાનુ ધીક જીવવું ખરૂ,
નથી કીધુ પરસ્પર પ્રીતિનુરે પાન,
છેરે જન જન નહીં પશુરે સમાન.
કોની સાથે કેવી પ્રીત મારેરે થશે,
અપ્રીતિ વાળાથી માહારૂ સુખરે જશે.
રામ રસ મિષ્ટ રસમાં રે રસ એક,
ખાધા રે થકી રે વધે આનદ વિશેક;
પ્રીત રીત મારે નવ રસ તો વશે.
કહો ત્યારે તેથી કેવો આનંદ થશે;
મુજરે નસીબમાં શું માંડયું રે હશે,
મીલાપ મારોરે કેવા જનથી થશે.
પ્રીત રીતમાં રે ભયભીત હું ભજું,

અપ્રીતવાળાથી પરણી પૃથ્વીમાં સમું.

અરે નિરંજન નિરાકાર અદ્વૈત પ્રભુ ! તાહરી ગહન ગતિ છે અરે ! હું કોની દીકરી ? અને ક્યાં આવી ! માહારાં ખરા માત પિતા કોણ હશે શું સ્થિતિ ભોગવતાં હશે ? અરેરે ! જોતાં જોતામાં માહારી ઉમર તેર વરસની થઇ ચુકી. કામાગ્નિથી દેહમાં પ્રજ્વલિત થએલો દાહ ઓલવવાને તે કેને નિરમાણ કર્યો છે ? અરે મને આ કુંભાર કોણ જાણે ક્યાં નાંખશે, મને રાત દિવસ ક્યાંઈ પણ સુખ થતું નથી. માહારૂં જોબન ઉનાળાની રૂતુમાં સાયકાળ વખતે ખીલેલી મોગરાની કળીની તારીફાઈ કરે છે અરે દૈવ દૈવ ! આ કરતાં મરવું હજાર દરજ્જે ઉચિત છે. અરે પ્રીતમ વિનાની પત્નિ તે પત્નિ નહીં પણ પશુ સમાન સમજવી હાય ! જે પ્રીત રીતમાં ભયભીત નથી થયું તેને ધીક્કાર છે.

એટલામાં લાખોફુલાણી કચ્છનો માહારાજા અચાનક પ્રવેશ કરી ગુપ્ત કરી પોતે આશક થાય છે.)

લાખોફુલાણી—આહા ! ! કેવી સુંદર સ્ત્રી છે ! ! !

(એક તરફ રહીને)

ધરસેં ઈહાં કોન ખુદાકે લીયે લાયા મુજકુ—એ રાહ.

કેવી સુદર દીસે છે એહી પ્રીયા આજ અહી,
લાગ્યું મન એહથી છુટે તે કદી નહી;
હા, મારી આંખ તેણે ચીત મારૂં ચોરી લીધુ.
ઘણી ખુશીથી મુને તેમનુજ પાન દીધુ,

ખરેખર આ સ્ત્રી સાથે જ્યાં સુધી સબંધ નથી કર્યો તેને ધીઃકાર છે.

વેરાડી જોગીઓ.

વરવાની મુને હામ છે આ સુદર પ્રીયાની સાથ;
તેથી આનદ તો થશે, પાણી ગ્રહ હું હાથ. ૧
ચંદ્રમુખી કામ કદળી, હમેશ રહેવા પાસ,
પ્રભુને હું વિનતી કરૂં, તું પુરજે માહારી આશ. ૨
જઇ કહું એના તાતને, જલદી કરે લગન,
લગનમાં જો વિઘન તો, કરૂ હું નીકદન. ૩

આ પ્રથ્વીપટની અંદર ખરેખર આ સ્ત્રી વગર જીતવું તે નિરર્થક છે.

બનઝારા.

નથી કરી આ નારી મારી, થઇ જીંદગી મારી આકારી;

પ્રીત જગતમાં જેરે કેવાય, તે તો આ નારીથી થાયે;
તો ખરેખરી દીલદારી નથી, કરી આ નારી મારી. ૧
આ પૃથ્વી ઉપર પરખો, નારી રત્નજ નયને નીરખો;
નહીં ચીજ બીજી સુખકારી, નથી કરી આ નારી મારી,
હોય ગુસ્સામાં ભરપુર, ભલે નીશામાં ચકચુર;
સઘળુ જાય દીઠાથી પ્યારી, નથી કરી આ નારી મારી. ૨
પ્રીત રીતમાં મરવુ આજે, તેતો આ નારીને કાજે,
ઓઉ જીંદગી માહારી, સારી નથી કરી આ નારી મારી. ૪

અરે મે એક વખત વિદ્વાનના મ્હોથી એક શ્લોક સાંભળ્યો છે તેનો પણ અર્થ એવો છે કે,

સોરઠની ગઝલ.

નથી પદમણી જેના ઘર વિશે, ધિકાર છે તે જનને,
ફરે નહી તે સુખમા, પ્રીયા બાળે છે તનને.
વિના વિદ્વાન સભાજ જાણો, રજની વીના ચદ્રની,
પુરૂષાર્થ વિના પુરૂષ જે છે, સેજ વિના કામની. ૨

અને એટલાજ ખાતર આ મહાન કાર્ય સિદ્ધ થવા હું ઇશ્વર સ્તુતિ કરી લઉં.

ઠુમરી.

(કુદરતના કરનાર ખલકના સ્વામી—એ ઢબ)
જોડીને હાથ નામ ને શીષ જગતના ધીશ
કરજે કરૂણા તુ દેવ ખલકના ઇશ,
થઇ ઇચ્છા માહારી આજ નારીને કાજ,
કરી કૃપા પ્રભુ તુ રાખે મારી લાજ. ૧
ધારે જન કદી જે મન થવાનુ થાયે,
તુજ કૃપા વિના હે નાથ સર્વ સુખ જાયે,
દઇ સુખ હમેશાં સાર દુ ખ હરીશ,
માટે તુ સાહ્ય પાય પડીશ ૨

વળી તેની સાથે મારી કુળદેવી આશાપુરીનુ પણ સ્તવન કરી લઉં,

કલ્યાણની ગજલ.

(પૂર્ણ થયો છે ખેલ સજ્જનો પૂર્ણ થયો છે ખેલ—એ રાગ.)
જગત જનુની માતા આશાપુરી, જગત જનુની માત;
મન તણી તુ આશા પુરજે, વરવાને આ કાન્તા ૧
લાખો કુલાણી વીનતી કરે છે, કરજે સુખશાન્તા. ૨

ચાલ હવે હું આ સુદરીના બાપ પાસે જઇ તેની માગણી કરૂં

અને મુને ખાત્રીજ છે કે, તે કબુલ રાખશેજ કારણ તે માહારી રૈયત છે માટે હું તેને શામ, દામ દંડ, અને ભેદથી સમજાવી માહારૂં કાર્ય પરિપુર્ણ કરીશ.

પ્રવેશ ૭ મો.

સ્થળ—હુડમતનું ઘર.

પાત્ર—હડમત તેની સ્ત્રી, અને લાખોફુલાણી,

હુડમત—ઘેરવાળી આજે એકદમ દરબાર સાહેબ એકલા આપણે ત્યાં આવે છે તેનુ શુ કારણ હશે ?

સ્ત્રી—કેમ ખબર પડે (લાખો ફુલાણી આવે છે તેને).

હુડમત—દરબાર સાયબ ? પધારો, આજતો તમે આપનાં ઘર પાવન કર્યા માહારે પોતાને તમારે ઘેર પધારવુ જોઇએ તેને બદલે તમે આવ્યા,

લાખોફુલાણી—હા ? હડમત તારૂ આજે મારે એક કામ છે અને મને ખાત્રી છે કે, તે તુ પાર પાડીશજ અરે ? મારા જેવો આ કચ્છ દેશનો મહિપતી તે પૃથ્વીની અંદર બીજો કયો જોયો છે, અને જ્યારે તે મારો જમાત્ર થવા ઇચ્છા રાખે ત્યારે બેશક તારા ભાગ્યનો સૂર્યોદય થઈ ચુકયો એમ સમજી ખચીત તારે યાદ રાખવા નુ છે કે, જો તુ આ કામમા વિઘ્ન લાવશે તો તારૂ અને તારી સ્ત્રીનું ઘાણીમાં ઘલાવી તેલ કઢાવીશ, હડમત નીચે જોઇ એક પણ શબ્દ બોલ્યા વગર બેશી રહે છે) અરે નહી નહી મને ખાત્રીજ છે કે, તું એમ નહીજ કરે અને ખચીત તેથીજ તુ આ કચ્છ દેશનો પ્રધાન થઇશ જો હાલ તો હું જાઉ છઉ અને તુ આ બાબતનો ઉંડો વિચાર કરજે કાલે પાછી હુ તારી મુલાકાત લઇશ એમ કહી જાય છે.

હુડમત—(તેની સ્ત્રીને) સાભળ્યુ કે, સિંધ સોડી આંહી આવ્યા તો આંહી પણ આ પાપ નડયુ આપણે રાણકને આવડી મ્હોટી પાળી પોશીને કરી તે ફક્ત આપણી નાતમાં આપણો સબંધ જોડવા માટે તે આ રાજાને કેમ દેવાય ? નાત આપણે ગધેડે ચડાવે કે, નહી, માટે માહરો વિચાર છે કે, જેમ સિંધ છોડયુ તેમ આ કચ્છ છોડી સોરઠમાં જઇ રહીએ, તે પણ નજીક છે.

સ્ત્રી—જેમ તમારી મરજી.

(આંહીથી સૌ ચાલી સોરાષ્ટમાં જીર્ણદુર્ગ નજીકના મજેવડી ગામમાં આવી રહે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—મજેવડીનો ચોરો.

પાત્ર—હડમત, જીવો પટેલ, રામદાસ બાવો અને ગીરધરદાસ સિદ્ધરાજનો દસોંદી ભાટ.

(સિદ્ધરાજે પોતાના દસોંદી ભાટને પોતાના યોગ્ય કોઇ અનુપમ કન્યારૂપી રત્ન ખોળવા મોકલ્યો છે તેના સાંભળવામાં રાણકદેવીની તારીફ આવતાં તે આંહી મજેવડી આવેલ છે.

ગીરધર—બાવાજી ! રામ રામ છે,

રામદાસ—જે નરસિંહ.

ગીરધરદાસ—(જીવો પટેલ બેઠા બેઠા બીડીની પરાર મુકેછે તેને) પટેલ, રામ રામ

જીવો—રામ બા રામ ! આજ તો આણીગમ આવવું થયું.

ગીરધર—હા ભાઇ ! તમારા જેવું કાંઈ કામ છે અને તે એજ કે તમારા ગામમા જે હડમત કુંભાર છે તેની છોકરીના લગ્ન ગુજરાતના મહીપતી માહારાજા સિદ્ધરાજ સાથ કરાવાના છે. આ કામમાં તમારે તેમજ બાવાજીએ પુરતી મદદ દેવી જોશે કારણ તે વગર બને તેમ નથી, અને આ કાર્ય સફળ થયું તો તમારા દાળીદર દુર થઇ જશે, નહી તો પાયમાલ થશો કેમ ખરૂ કે ?

જીવો—બહુ હારૂ બા ? બહુ હારૂ એમાં શુ ? એમ ક્યાં માહારાજ શ્રી બાઉ સઇએ (એમ કહી હડમતને તેડી આવે છે)

હડમત—રામ રામ બા રામ ગમ

ગીરધર—આવો હડમતભાઇ આવો ! ભલા મેં સાંભળ્યુ કે, તમારી દીકરી તેર ચૌદેક વરસની થઇ તોપણ તેની સગાઇ નવી તેથી કાંઇ ગોઠવણ કરી કે નહી.

હડમત—હા મહારાજ! મારોપણ વિચાર ઘણા દિવસ થયા થયાં કરેસે, અને નાતરૂ પણ ઘોતું સઉ પણ ઘર વર બરાબર મન ગમતું મળતું નથી, અમારી નાતનાં મોભાદાર ખોરડાં જુનાગઢ, વથળી વગેરેમાં સે અને સદેશો પણ કહાવ્યો સે તો કોઈ સારો વર અમારો ધંધો સારો જાણતો હશે એટલે નળીયાં સે, ચપણીયાં સે, હાંડલા સે, ગોળા સે એવું હારૂ જાણતો હશે તેને પરણાવી દઇશ.

જીવો—અરે મુરખ! એમાં તે તારૂં શું વળ્યું ? આ ગીરધરભાઇને કેને તે ક્યાક લાકડે માંકડું વળગાડી દેશે.

રામદાસ—અરે ગુજરાતી રકી તેરે નાત જાતકા ક્યા કામ હે તેરી એસી અપ્સરા જેવી બેટીકું કોઈ ઈંદ્ર જેસા આદમીસે લગાદે ફીર રામજી કે આસરે મોજ ઉડાઇંગે.

હુરમત—ના બાવાજી ? અમારે એવા જોઇએ મે તો કચ્છમે લાખાફુલાણીને પણ ના પાડી હે મે તો કોઈ ગરીબ કુભાર સાથે પરણુગિંગા.

ગીરધર—અરે મુર્ખ ? તુ જે હુ કહુ છુ તે ધ્યાન દઈ સાંભળ બેઅક્કલ ! ભુત જેવી તારી નાત તેમા તારી અપ્સરા સરખી દીકરી નાંખીશુ તેનો તુ નીસાસો લેવા માગે છે ? શુ તે માટી ખોદવા યોગ્ય છે શુ તે તડકો ટાઢ વેઠવા અને મજુરી કરવા યોગ્ય છે અરે કદી કદીજ નહીં, તુ તેને કાચાનો કકડો સમજી થોડી કીમતે વેચી નાંખવા ધારે છે પણ અરે કમ અક્કલ ! તુ જરા વીચાર કરકે તું એ રત્નને સારી યોજનાથી વેચીશ તો નીહાલ થઈશ. અરે એવા મજુરી વગેરેના અયોગ બોજામાં નાખી શુ તુએ કુમળા ફુલને કુમળા નાંખવા ચાહે છે ! જરા વિચાર કર વિચાર કર ઓ ગધેડાના ચારનાર ! એ નાજુકવેલી ઉલટી લચકાઈ વધારે ભારથી તુટી જશે તુ જરા ખ્યાલ કર ? આખા ગામમાં તો શુ બલકે આખી પૃથ્વીમા તેના જેવુ રંગમાં કે શરીરના ઘાટમા, મુખથી સુવાસમાં કે ગળાના રાગમાં વાણીની મીઠાશમાં કે આંખના તેજમા લલાટના ચળકાટમાં ને ચ્હેરાની કાન્તિમાં બીજું કયુ પદમણી રૂપી રત્ન જોયુ છે ! યા સાંભળ્યુ છે ! ખરેખર એ દેવી સ્વરૂપ છે, તેને તેનીજ યોગ્ય ઈંદ્રસમાન પતિ ખોળી આપ્ય વળી તું ખાત્રીથી માનજે કે તેના યોગ્ય સિદ્ધરાજ જ્યસિંહ સિવાય કોઇ દુનીયોમાં નથી માટે તેની સાથે લગ્ન કરય નહીતર નકી સમજજો કે તુ ઘણો હેરાન થઈશ હુ પણ તેજ મહારાજા બહાદુરનો દસોદી છઉં અને તેના મોકલવાથીજ તાહારી પાસે આવ્યો તેમ અહીઆંથી નાશી જશે પણ એમાં તું મ્હોટી ભુલ કરે છે. તું કદી પાતાળમાં પેશીશ ને ત્યાંથી આકાશમાં જઇશ તો ત્યાથી મતબલ ટુકામાં જ્યા જ્યા વાયુનુ સચરવું છે ત્યાંથી તુને મહારાજા બાહાદુરના ગુપ્ત દુતો પકડી ઠાર કરશે, માટે ભલો થઈ માન્ય અને અમને ગોળ ખવરાવ્ય કે જેથી મહારાજા બાહાદુરના સસરાનુ મ્હોટુ માન દઇ બોલાવીએ.

હુડમત—(હસ્તે ચહેરે) બહુ હાર જેમ તમારી મરજી લ્યો આ ત્યારે ખાવ ગોળ.

ગીરધર—વાહ વાહ ધન્ય છે ? હડમત ! ધન્ય છે હવે અમે રજા લઇશું અને થોડા દીવસમા માહારાજા સહીત આવશુ (સર્વ જાય છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ—જીર્ણુદુર્ગમાં મહારાજા રાખેંગારની કચેરી.

પાત્ર—રાહખેગાર, પ્રધાન, સેનાપતિ, ચોપદાર

ચોપદાર—ધણી ખમા, રાખેગાર માહારાજ ?

પ્રધાન—સરકાર ? વદન કરૂ છઉ,

રાહખેંગાર—પ્રધાનજી આશીર્વાદ

સેનાપતી—માહારાજા ? નમન કરૂ છઉ,

રાહખેંગાર—સેનાપતી ? કલ્યાણ માહારા વાહાલા પ્રધાન. મને આ વખતે બોલવાને ઘણીજ ખુશી પેદા થાય છે કે મને મારા પીતારામ નવ ઘણે માહારા તમામ ભાઇઓ કરતાં વધારે લાયક ગણી તખ્તનશીન કર્યો છે આ સોરાષ્ટ પહાડી મુલકમા દુષ્ટ પાહાડી લુટારાઓએ માહારી રઇયતને વખ્તો વખત પીડી અતિશય દુ ખ આપ્યુ છે પરતુ હવે તે લોકોનું સત્યાનાશ કરવાને સત્વર ઉપાયો કામે લગાડવા જોઇએ.

પ્રધાન—પ્રથવીપતી આપનુ કહેવુ યથાર્થ છે, માળવા ઉપર સ્નેહ મેળવી જે લસ્કર આવ્યુ છે તેને પુરતુ ઈનામ આપ નામદારના હુકમથી આપ્યુ છે તેજ લસ્કરને દુષ્ટ બળવાખોરોને પારપત કરવાને મોકલવાની અગત્ય છે એમ હુ માહારો આધીન મત આપ નામદારને નિવેદન કરૂ છઉ.

સેનાપતી—હા ? શું હજી તે દુષ્ટ બળવાખોરો આ પૃથ્વી પટની અંદર જીવતા છે ? માહારાજા ધીરાજ આ એક નોકરી તો અમને સોંપવી જોઇએ અને એકદમ આજ્ઞા આપો કે તેનો હુ સત્વર નાશ કરૂં.

ખેંગાર—સબુર ? માહારા શુરવીર સેનાપતી ! એટલી બધી ઉતાવળ કરવાની કાંઈ જરૂર નથી. કારણુ તે લોકો હાલ ગીરનારના ઘાટા જગલમાં ચોમાસાના સબબને લીધે ભરાઈ બેઠા છે તે જ્યારે પાછા શીયાળામા બાહાર નીકળશે ત્યારે તેનો નાશ કરવો ઘણો સહેલ થઈ પડશે કેમ પ્રધાનજી

પ્રધાન—માહારાજાનું કહેવું યથાર્થ છે.

(રાહખેંગાર ચોપદાર સામી નજર કરે છે.)

ચોપદાર—કચેરી બરખાસ્ત મહેરબાન સલામ

પ્રવેશ ૧૦ મો.

સ્થળ—એક અરણ્ય.

પાત્ર—સિદ્ધરાજ, અશ્વપાળ અને પછી ગીરધર ભાટ.

સિદ્ધરાજ—પ્યારા અશ્વપાળ ! આજે આપણને આ હરણી આટલે બધે દુર ઘસડી લાવી છે પણ અંતે આપણે તેને મારવામાં ફતેહ પામ્યા છઇએ.

અશ્વપાળ—મહારાજા ! આપનુ કહેવુ યથાર્થ છે પરંતુ હવે આ બન્ને અશ્વો ઘણુજ થાકવાથી હાફે છે તેને આ વૃક્ષ નીચે બાંધી જરા આરામ લઇએ (ઝાડ નીચે બેસે છે)

ગીરધર—(પ્રવેશ કરીને) મહારાજાધિરાજ ! પૃથ્વીપાળ ! અન્નદાતા ! પ્રાણુરક્ષક ! કૃપાનિધિ ! સિદ્ધરાજ જયસિંહ ! બાહાદુરનું રાજ્ય અમર તપો.

સિદ્ધરાજ—આવો આવો ગીરધરભાઇ ! શું કરી આવ્યા.

ગીરધર—વળી એમાં તે કાઇ પુછવુ હોય, સાંભળો અન્નદાતા ! (પીંગળ વિરૂદ્ધ જુની શૈલી પ્રમાણે કવિત બોલે છે)

મનહર છંદની ચાલ.

ધારી ધારી દીઠી નારી, નથી કહેવા શક્તી મારી,
શીષ પર શેષ નાગ, વેણીને લટકે લાગ
જોઇ જુઇ જાગ સાજ, ભમર તો ભાગે છે;
કેશરી કટાક્ષ વાળી, રમતીતી એક બાળી
ભમરો રસાળ કાળી, આખ્ય અણીયાળી છે.
ગાલ છે ગુલાબી લાલ, હોઠ છે પરવાળા લાલ.
સ્વેત દન્ત જીભ લાલ, મુખ ચદ્ર વાળી છે.
કંચન લતાની માંહે, સ્રગો દીસે છે ત્યાંહે;
જોઇ જોઇ દીલ માંહે, મુર્છીત થાએ છે.
કેશરીની ચાલ એની, કેશરીની કેડ એની;
હીરણીની આંખ એવી, હીરણાક્ષી બાળી છે.
જોઇ મેં નીહાળી નારી, નથી જોડ તેની ભાળી;
એક આપ સારૂ ખાલી, લમ એનાં લાવ્યો છઉં.

સિદ્ધરાજ—વાહ વાહ ! પરંતુ જેનાં તમે આટલાં બધાં વખાણુ

કરો છો તે કોની દીકરી ! ક્યાં રહે છે ? અને કેવી નાતે છે ? તે તો કહો ?

ગીરધર—(માથું હલાવી) મહારાજા ! જુનાગઢ નજીક એક મજેવડી ગામ તેમાં એક હડમતીયો કરી કુંભાર છે. તેને ત્યાં તે છોકરી ઉછરે છે.

સિદ્ધરાજ—હા ! શું એક ગામડાનો રહેનાર ગધેડાનો ચારનાર, તેને ઘેર સિદ્ધરાજ બાહાદુરનાં માગાં ? માટીનાં ચપણુ કરતાં શીખેલ છોકરી શું રાણીપણું કરવાને યોગ્ય ! અરે નહીં નહી. અરે હજારવાર નહી જો તમો ભાટમાં અકલ હોય તો બીખ શા માટે માગો.

सोरठो.

गीरधर—आंगण आंबो मोरीओ, साख पडी घरबार;
देवे ऊपाय देवडी, नहीं जात कुंभार.

ગીરધર—પૃથ્વીનાથ ! ક્ષમા કરો. મેં જે કર્યું છે વિચારીનેજ કર્યું છે એમા બીલકુલ ભુલ નથી બાધી એમ નક્કી સમજો. તે કદી કુભારને ઘેર ઉછરે છે તેથી તે કુંભારની છોકરીજ છે એમ કેમ મનાય ? મેં સઘળી બાબતોનો તપાસ કર્યો છે તે કડલીનગરના પાર રાજાની છોકરી છે શ્રીકૃષ્ણુ જાંબુવતીનો અનિરૂધ બાણાસુર રાક્ષસની પુત્રીને બાહાદુર ભીમ હડીબાંને અને એવા એવા હજારો દાખલાઓ શાઅમાંથી મળી આવશે કે નીચા કુળમાંથી પુત્રી લેવાને કંઇજ હરકત નથી, મહારાજા રત્ન તો કાદવમાંજ પેદા થાક છે.

સિદ્ધરાજ—એમ છે ! ત્યારે તો ઘણુંજ સારૂ, ચાલો ત્યારે આપણે ઘર તરફ જઇએ અને લગ્નની તમામ સામગ્રી તૈયાર કરાવીએ.

(સૌ જાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—મજેવડી અને જુનાગઢ વચેનો ભવ્ય બાગ.

પાત્ર—રાહખેંગાર અને રાણકદેવી.

રાણકદેવી—(આજ શ્યામ મોહીની કો બૈંસુરી બજાઇ શ્યામ)—એ ઢબ.

બાગ આજ સારી છે નીહાળતાં જરેજરી.
ચડી છે વેલ તો ખરી, પ્રીતમથી હસી હસી. ૧
ગુલાબ પાસ મોગરો, ગુલાલ લાલ ગુલછડી,
કેતકીને માલતીજ, બાળે પ્રીત રીતથી. ૨
લપટાઇ છે ચંબેલી આજ, પ્રીતમથીજ પ્રીતથી;

મન મારૂં તે થકી, બળે છે વિરૂદ્ધ રીતથી. ૩
અગથીયા વેલ તો પ્યારથી ગળે પડી;
પ્રીતમ મુજને ક્યાં મળે. રહુંજ એવી રીતથી. ૪

હા ! પ્રભુ ! કેહેવત છે કે જેવો વિચાર તેવોજ ઉચ્ચાર મ્હારા મનમાં રાત્ર દીન પ્રીતિનો અંકુર સ્ફુરાયમાન થતો જાય છે અને તેનેજ લીધે આ વૃક્ષોને પણુ હું કામ અને રતીની માફક નીહાળું છઊં, અહાહા !

દીંડી

આ વન વિષે સર્વને છે સુખ, કદી પક્ષી નહી પામતા હોય દુ:ખ;
ધન્ય ધન્ય એની જનેતાની કુખ. આ વન.
સજોડ મળી સર્વ પ્રીત ચાખે, મધુર વચન થકી પ્યાર વૃદ્ધિ દાખે;
સહુ સાથ વસી માયા બહુ રાખે આ વન૦
સહુ દંપતીની પ્રીત બહુ ભારે, મળી પતિથીજ વૃક્ષ ઉભાં હારે.
એવો વખ્ત બતાવે પ્રભુ ક્યારે. આ વન૦

આહાહા હે દીનબંધુ ! ! ! શું હુ આ નાના વૃક્ષો કરતાં પણુ હીણુભાગ્ય ! ! શુ આ લતાઓ માહારી મશ્કરી કરે છે ! કરો બહેનો ! કરો તમારો પણુ વખ્ત છે પણુ નાના તેઓ નીચા નમી માહારા દુ:ખ-માં ભાગ લે છે, અરે પણુ આ સુર ક્યાંથી આવે છે.

(ઝાડને ઓઠે રહી સાંભળે છે)

રાહુખેંગાર—(એક ઝાડની વાંસે સતઇ રહી સમયમાં ગાય છે.)

રાહુખેંગાર— સોરઠની ગજલ.

(ડુબ્યો આજ તાપ વિલાપમાં—એ રાગ)

રૂપ કેવું છે આ ત્રિયા તણું, જાણે કામ પ્રિય આવી ખરે;
નહીં દીઠી આવી કો ભામની, મુજ નેત્રથી આ ભૂમીપરે. ટેક.
મખ દાખવી મારૂ મન હર્યું, કામણગારીએ તો કામણ કર્યું;
હાય શું કરૂં હવે ઓ પ્રભુ, નહીં કાજ સુઝે મુને અરે રૂપ.
ફેંકી બાણુ કામ કટાક્ષનુ. એણે વિધ્યું હ્રદય માહરૂં;
હૈયું હાથ રહેતું નથી તેવે, પાપી કામ દુ:ખી મુને કરે. રૂપ.

(ખુશ રહો સનમજા મોરાબી દાતા બેલી—એ ઢબ.)

કોયલ સુર લાગે દીલને આનંદકારી,
જેમ પ્રિય પુકારે કાન્ત બની મતબારી.
એ રતી રંભા કે ઉરવસી આવી આંહી;
કે મુજ દીલ કરવા શાન્ત અપ્સરા આવી.

એ કોમળ કમળ તું વાસ પસારે તારી,
આ ભમર ભમે છે તુજપર વારી વારી.

રાણકદેવી—અહા ! શુ સુંદર સમસ્યા મને કેવી રીતે સમજાવે છે ? પણ એકદમ નામ લેવુ એ કરતા હુ પણ તેને સમસ્યામાંજ સમજાવુ એ ઉચિત છે.

(ઉપરનીજ ઢબ)

એ ભમર ભમે છે શાને મધુવન છોડી,
આ પુષ્પ ખીલ્યા છે આવ જલ્દી તુ દોડી
નવરંગિત પુષ્પે બેશ ફરીને ઉડી
અએલી ચિતમા ચાહે ફરે મન ઘેલી
તુજ રૂપ ગુણને નામ જણાવે પ્યારા,
કે દઇ દર્શનનો લાભ મેળવ મન મારા

રાહખેંગાર—અહા ! મનને આનદમા લીન કરી નાંખનાર કેવા શબ્દો ! શુ શુ ખુબીદાર જવાબ ! ! ચાલ ચાલ જાઉ જાઉ નહીં નહીં એમ સાહસ કરવામા માલ નહીં હવે હુ ખુલ્લી રીતે મહારૂં નામ ઠામ જણાવુ.

બિહાગની ગજલ,

માનુની તુ માન મારૂ વચન આ નીરધાર,
સૌરાષ્ટનો પતિજ હુ નામ રાહખેગાર, ૧
ભાન ભુલી ભામની કેમ વનમા ફરે,
ઉદાસ દિલ તારૂ કેમ પૃથ્વીમાં કરે. ૨
છે આશ શી તુજ દીલ વિશે જણાવને મુને,
કેમ આહી એકલી કેમ દેહને દમે. ૩

(સૌરાષ્ટના મહિપતીનુ અચાનક નામ સાભળતા રાણકદેવી મુર્છીત થઇ પડે છે, ગુપ્ત રહેલ રાહખેગાર બાહાર આવી તેને જાગૃત કરી સતાઈ જાય છે, બેભાન હાલતમા રાણીકદેવી શોચ કરે છે)

રાણકદેવી—અરેરે ! માહારા શરીરને અચાનક આ શુ થયુ ? અરે હુ જાગૃત છઉ કે સ્વપ્નાવસ્થા ભોગવુ છુ ! ર છે કે કોઈ બાગ છે ? અરે પ્રભુ મ્હારી આ શી ગતી ! અરેરે જે જે હુ સાભળુ છઉ તે ખરૂ છે કે ખાલી ભણકાર ? મદન યુક્ત મનને ભમાવે છે ! હે દીન બધુ ! (નીસ્વાસ નાખે છે)

સોરઠની ગજલ.

(મદમત લોચન ડોલતો અલિ જાણ્ય કામઇ આવતો એ ઢબ.)

કેમ ભાન ભૂલી હુ મારા દેહનુ મુજ શુદ્ધ બુદ્ધ ક્યાં ગઇ,

જોઉછું સ્વપ્ન કે સાચુ હુ અરે નિસ્તેજ મુખે કેમ થઈ.
ગાજે છે મેઘ જોરથી, કે કામ બોલે કોપથી.
મુજ મન ભેદી જાય છે, પિતમ તણાજ વિયોગથી,
ઓ નાથ આપી મળો તમે દીલ શાન્ત કરવા મુજકને.
દર્શનની આતુર હુ હવે દાશી સભાળે આપને.
(એટલામા રાહખેગાર આવે છે તેને પ્રેમાલિગન કરીને)

ઉપરની ઢબ.

જગમાં દીઠા જન તો ઘણા, પણ તમ સમો એક નથી,
મનમા સદા સમજુ બહુ પણ આ સમે લાચાર થઈ;
દુનીયાની વિશે દીલદાર જો જો મોઘી વસ્તુ પ્રેમ છે.
તમ કાયથી તે ખરીદવો મુજ મનમા દ્રઢ એમ છે ૨
મમ સુખ માટે દુખ તમને આપુ કેમ અધીપતી,
કોડી તણા કારણ વીશે નવ રત્ન ડુલો મહીપતી ૩

પ્રાણ પતિ ! (મનમા) અરે આ શુ બોલુ છઉ ? કેવુ સાહસકર્મ ! (ચાસન) મહારાજા ? આપની યોગ્ય મે કોઈ પણ પુરૂષ આ પૃથ્વીમા જોયો નથી આપનો પ્રીતીરૂપી તનુ કામનીયોનાં કોમળ હદય બાધવાને માટે પુરતો છે પરતુ આપનો અમુલ્ય દેહ આ કિકરીની જોખમી દેહ માટે ગુમાવવો યોગ્યજ નથી.

રાહખેંગાર—પણ કુમારીકા !

ઉપરનીજ ઢબ.

પ્રેમી જીવે જો પ્રેમી બળતા, પ્રેમને તો ધીક છે,
તેથી જગતમા પાણી પયની, પ્રીતડી તો ઠીક છે
જો જાય મ્હારૂ રાજ આજ, તમામ તો હુ નવ ડરૂ,
ગીરનાર કરવા ન્હાર છે, તૈયાર તવમા કેમ કરૂ, ૨
રાક્ષસ મનુષ્ય દેવ છે. કે ભૂત છે ભુમી વીશે,
બેચાર ચડશે રણવીશે, કોણ જગતમા જીતી જશે

એવો કયો પુરૂષ આ પૃથ્વીની અદર જન્મેલો છે કે આ બહાદુર રાહખેગારને ડરાવે ? કુમારીકા ? તુ નિર્ભય રહે એમ કરી બોલે છે.

રાહખેંગારે— આશાગોડી.

સુરતી અજબ છે તારી, પ્રિયા મારી સુરતી અજબ તારી ટેક.
અજન અજીન નયન હરે મન, મારી નેન કટારી પ્રિયા.
આનંદ ઉરમાં પ્રગટે અતીશે, શશીસમ વદન નીહાળી. પ્રિયા.
ચાલ ચતુરા હંસની માફક કુમ કુમ ટીકા છે સારી. પ્રિયા.
શબ્દ મધુરા મુખે વદીને મોહ જમાવે તુ પ્યારી. પ્રિયા.

સ્ત્રીની તુલ્યે રૂપ દેખીને મન્મથ વ્યાપે ભારી. .પ્રિયા.

રાણકદેવી—મહારાજા ! કેમ નહીં પણ ગુજરાતનો અધિપતિ સિદ્ધરાજ જયસિંહ.

(એટલામા એક ભયકર અવાજ થાય છે કે તુરતજ રાહ એગાર સ્વાર થઈ સટકી જાય છે રાણકદેવી શોચ કરે છે)

રસીયાનો કનરો

પ્રીતમ મ્હારા નાશી ગયા શુ પ્રીત કરી કા મુજને છોડી.
રેહેમ ન આવી દાસી ઉપર, બ્હાની સાથ ગયા તે દોડી.
વાત પરસ્પર પ્રીતની જામી, મુકી ગયા કેમ પ્યારા સ્વામી.
કહેતી હતી હુ મ્હારા મનની, આગ ઓલવવા કાજ હું તનની;
કુડે નશીએ કુડુ થાયે, પ્રાણ રજ કાં નાશી જાયે,
પ્રીત રહીત સિદ્ધરાજથી વરવુ, નકી કરયું મે તેથી મરવુ.

હે દયા સાગર ! હે દિનકર ! મે તારી સમક્ષ મહારાજા રાહ ખેગારને મ્હારા પ્રાણપતિ પ્રાણરક્ષક કર્યા છે હે જગત બંધુ ! તું એ કાર્યમાં મને સાહ્યભુત રહેજે

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—જીર્ણદુર્ગમાં રાહખેંગારનું વીચાર ભુવન.

પાત્ર—રાહખેગાર, દેશળજી—રાહખેગારનો ભાણેજ, પ્રધાન.

દેશળજી—મામા આપણા આ ઇંદ્રપુરી સમ ઓપતા પતન દુર્ગોંત્રાં પદમણી રૂપી રત્ન જ્યાં સુધી નથી ત્યા સુધી તે એક ખરે-ખર જીવ રહિત લાગે છે હાલજ મારા જોવામા એક રમ્યરમણી આવી છે કે તેનુ સ્વરૂપ જોતાંજ આપને ખાત્રી થશે કે તે ખરે-ખર દેવી સ્વરૂપ છે, વળી તે કાંઇ દુર નથી આપણા મજેવડી ગામમાં રહે છે

રાહખેંગાર—બરોબર દેશળજી ? મે પણ તે સુદરીને આજ જોઈ છે જેથી તેના સ્વરૂપ વિશે બધુ વિવેચન કરવાની જરૂર નથી પણ અડચણ માત્ર એટલીજ કે એ કુવરીનાં લગ્ન સિદ્ધરાજથી થવાનાં નકી થઈ ચુકયા છે, કેમ પ્રધાનજી ! આપનો શું વિચાર છે

પ્રધાન—ભાઈ દેશળજી ! તુ રૂપના આટલાં બધાં વખાણ કરે છે તે કદાચ ખરી વાત હશે પણ તે ઇંદ્રવયણાના ફળને ખરીદવામાં કાંઈ માલ નથી, વળી સાપની ફળ ઉપર મણી, વાઘની મુછના વાળ, સિંહને કુસે મધ, એ લેવા જતાં પરિણામે અશુભ છે. કદી એક વખ્ત ફતેહ પામ્યા તેથી વખ્તો વખ્ત ફતેહ પામશું એમ

આમજેવું નહિ, જબરૂ તે જબરૂજ માટે મારો વિચાર નથી કદી મહારાજાની મરજી હશે તો બીજી કન્યાની ક્યાં ખોટ છે?

દેશળજી— કાકા? એતો એવડો ક્યાંથી મ્હોટો થઇ આવ્યો શું એ ક્ષત્રી છે અને બીજા વાણીયા છે? શું એ સિંહ છે અને બીજા બાકર છે? શુ એ રાજા છે અને અમે રાંક છઇએ! અલબત એને ચાહીને ન છોડત પણ આપણા રાજ્યમાંથી કન્યા રૂપી રત્ન લઇ જાય એ આપણે થોડુ શરમ ભરેલુ છે! મામાએ તેનુ નાક કાપ્યુ છે, શેહેરનો દરવાજો તોડયો છે એ શુ વેર નથી કર્યું? માટે બેશક તેને તો આંહીજ લાવવી, આપ બુઢા માણસ તેમા શુ સમજો સાઠે બુદ્ધિ નાઠે.

રાહખેંગાર—બરોબર ભાણેજ દેશળજી? હુ પણ તમારા મતનેજ મળતો છઉં, એ તો મ્હારો કયો દુશ્મન માહરા પ્રિય પિતાનું અપમાન કરનાર દુષ્ટ છે એ પણ જાણશે કે હજી ક્ષત્રી બચ્ચા દુનિયામાં છે એને રણ પડવું છે. માહરા વિજયથી દેવતાઇ કીલાની આખર સહાય છે હા! ક્ષત્રી બચ્ચો જ્યાં સુધી યુદ્ધમા નામ નહી કાઢે, હો જ્યાં સુધી યુદ્ધમાં આયુદ્ધ પુરૂ નહી કરે, યુદ્ધમાં અમર નહી થાય, ત્યારે જન્મીને શું કરશે દુનિયામાં શું કામ પેદા થશે માટે બસ પ્રિય ભાણેજ દેશળજી તું આજે સર્વ સામગ્રી તૈયાર કરી જા અને તે કુભારને સમજાવી તે કેમળાંગીને તેડી લાવ

દેશળજી—જેવી આજ્ઞા (સૌ જાય છે)

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—મજેવડી ગામનો ચોરો.

પાત્ર—હડમત, જીવો, રામદાસ, દેશળ, સીપાઇઓ.

દેશળજી—સીપાઇ? જલદી જાકે, પટેલકુ બુલાવ

જીવો—રામ રામ ધણી ખમા અન્નદાતા

દેશળજી—આવો પટેલ આવો તમે અમારે માટે કાંઇ તરખડ કરશોમાં, અમે સઉ નાસ્તો કરી આવ્યા છઇએ ફક્ત અમારે હડમતનું કામ છે તેને બોલાવો.

(પટેલ જઇ હડમતને અને રામદાસને બોલાવે છે)

હડમત—રામ રામ દેશળભાઈ રામ રામ

દેશળજી—આવો હડમતભાઇ, આજે અમારા સરખુ એક કામ પડ્યું છે અને તે એજ કે જ્યારથી માહારા મામા રાયખેગારે તમારી પુત્રીનાં વખાણ સાંભળ્યાં છે ત્યારથી તેને વરવાનો નિશ્ચય કર્યો છે અને

તેથીજ અમને આ ખાંડુ લઇ મોકલ્યા છે માટે ઘેર જઇ સર્વે તૈયારી કરો અમે થોડા વખતમાં આ ખાંડુ લઇ આવીએ છઇએ માટે હવે ઉઠો સત્વર કરો

હડમત—નારે દેહરજી ભાઇ, ના રાઇના ભાવ તો રાતે ગયા. એતો સિદ્ધરાજ જેસિંઘની થઇ ચુકી, માટે આપના મામાને મારા પગે લાગણુ કહેજો અને ક્હેજો કે એ વિચાર હવે છોડી દે

જીવો—હા બાપજી, જો સગપણુ ન થયુ હોત તો તો કાંઇ હરકત ન હતી પહેલા તમે અને પછી બીજા પણુ આ તો મગ ચોખા ભળી ગયા એટલે શું કરીએ ! લાચાર

રામદાસ—હ બાબારાજા વહ બાતમે કુછ માલ નહિ હે રામજીકે આશરે કહાં ગુજરાતકા મહિપતિ સિદ્ધરાજ જેસંઘ ઔર કહા રાહખેંગાર, ઉસકી સાથ બેર કરકે હડમતકુ રહેના કહા, રામજીકે આશરે જો હે સો આપકે તાબેમેં હે ઉસીમે સહસ્ત્ર ગણા જાદે મુલક ઉસકે તાબેમેં હે, હડમતકુ તો તો કયા, લેકીન સારે મુલકુકુ પાયમાલ કરે. ગિરનારકે પથરેકું જમીનદોસ્ત કર દેવે એસા મહાન રાજાકી ઓરતકું રામજીકે આશરે જો હે મો આપ લેનેકુ' તાકતે હો ઉસમેં પરીણામ કછુ અચ્છા નહી હે રામજીકે આશરે જો હે સો કહા તલાવ, ઔર કહાં સમુદ્ર કહા ચદ્ર ઔર કહા સુર્ય, કહા કુત્તા ઔર કહા સીહ આપકા બચાવ નહી કરસકોગે તો રામજી કે આશરે જો હે સો દુસરે કે કયા કરોગે ? મહારાજાસે બૈર કરનેકા, મુલકકા શ્રાપ લેનેકા ઓર અપ્સરાકુ દ્:ખમેં ડાલનેકા રામજી કે આશરે જો હે સો નહી બનેગા.

હડમત— નહી, નહી. ને નહી', હજારપાણીયે પોએલ ચોખી નહી, ના ના ને ના,

सोरठो.

जोरसिंह देवे जाय, धार नगर ढंढोरीओ;
कपरो ते कहेवाय, खेंगार तुं खेधे पडयो.

દેશળજી—(તરવાર ખેંચી ઘણાજ ગુસ્સામા) બસ ભીખારી ! બસ !!! ઘણુ થયુ ! હદ થઇ' ગધેડાના સરદાર ! હે ? તુ જાણુતો આવે કે હજી કાલેજ મારા મામા સિદ્ધરાજનુ નાક કાપી ચાલ્યા આવે છે ! જા ભોયરાના રાજા કે હસરાજ મહીડાને રાહખેંગારના હાથ પુછી આવ્યા હો !!! જેના સક્કા સો સો ગામમાં ઝળકી રહી

છે અરે જેણે ગાદીએ બેસ્તાજ દુસ્મનોને થથરાવ્યા તે હા ! જેના કીલ્લો અંજીત છે, જેને માથે જગતગુરૂ દતાત્રેયનો હાથ છે બશ, ચાલ્યા પટેલ ! ઉઠ રથ જોડાવ તેને પણ પુછ્વાની જરૂર નથી હા જેમ શ્રી કૃષ્ણ રૂકમણીનુ હરણ કરી ગયા, સુભદ્રાને અરજુન હરી ગયા ઓખાને અનિરૂધ હરી ગયો, તેમ હું મારા મામા સારૂ આ હરણીનું હરણ કરી જાઉ છઉં. પછી જેમ શિશુપાળ, બળભદ્ર અને બાણાસુરના જેવા હાલ કરાવવા હોય તે આવજો (હડમત તરફ જોઇ) માન્ય માન્ય અને માન્ય અને હજી તૈયારી કર " પાછળ બુદ્ધિ બ્રહ્મ "ની શીખામણ છોડી દે.

सारठो.

बावन हजार वांधीया, घोडा गढ गीरनार;
केम सांखे सोरठ धणी, खोहणदल खेंगार;

હડમત—(વાકુ મ્હોડુ કરી) મને તો સિધરાજ મારી નાખે

દેશળજી—સીપઈ ! ચાલો ઘરમાથી દાસીયોને બોલાવો જે થોડા વખતમા સોરઠની પટરાણી થવાની છે તેને વધાવીયે (અહીયાથી સૌ હડમતને ઘેર જાય છે અને ખાડા સાથે યથાવિધિ લગ્ન કરી રાણકદેવીને જુનાગઢ લાવે છે)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—રાણીકદેવીનું શયન ગ્રહ.

પાત્ર—રાણીકદેવી, દાસી અને પછી રાહખેંગાર

રાણક—આહા ! ! ! પરમેશ્વરની અજબ કૃતિ છે. આજ શરીર ઉપર આટલી નાહાની વયમા કેટલા વિતકો પડયા અને અતે માહારા મનથી માનેલો પતિ મળ્યો, પણ હે વિશ્વભર હજી પણ આ દેહ ઉપર કોણ જાણે શુ ગુજરવાની હવે ગુજરાતના મહિપતિ સિધરાજને જ્યારે આ ખબર પડશે ત્યારે શુ તે વેર લેવાને નહી આવે અને જ્યારે આવશે ત્યારે લાખો માણસના જાનની ખુવારી થશે તે પણ આ દેહને માટેજ કે નહી ? ઠીક ભગવાન ? જેવી તારી મરજી આ વખતે તો તાહારો આભારજ માનુ કે તેં મનમાનતુ જોડુ મેળવ્યું.

રાણકદેવી દાસીપ્રત્યે—સતી તણો સુખ ધર્મ હો દાસી મારી ઉઠી પ્રભાતમાં સ્નાન કરવુ, પતીની સેવામાં ધ્યાન ધરવુ;

પતીની રજા વિના બાર ન ફરવુ કરવું ધરવું હો દાસી. મારી
આચામાં સાચી દાસી પીયુને સેવા, આરોગવા નીત્ય મીઠાં મેવા,
સ્વામી પેલા આપણે ન લેવા હો દાસી મારી.

બનજારા.

(હરી કલક આરે ઉતારો મુજ પ્રાણુનાથ ઉગારો—એ ઢબ)

નમુ નમુ હુ ગુરૂ ગીરનારી, ભવ ભયથી દે તુ તારી,
અકળ ગતિ છે તારી નહી પોંચે હેમની ત્યાં મારી.
આ ખેલ ભવિષ્યના ભારી, નમુ નમુ હુ ગુરૂ ગીરનારી.
મુજ માત પિતા કોણુ ક્યાહે, હડમત મજેવડી માહે,
એની જીંદગી થઇ દુખીયારી, નમુ નમુ હુ ગુરૂ ગીરનારી,
ક્યાં ભાળ્યો મે કચ્છ દેશ, લાખોફુલાણી રૂડે વેશ,
પ્રભુ અહી તે બાહ મ્હારી નમુ નમુ હુ ગુરૂ ગીરનારી,
ઢીલ દીલ લગી દીલદાર, મારા પ્રીતમનો જે પ્યાર,
અરે કેમ મુકુ હુ વિચારી નમુ નમુ હુ ગુરૂ ગીરનારી,
ભુપ રાહખેંગાર જેહ, મન મેહન મારા તેહ,
તે પરથી હુ ઓવારી, નમુ નમુ હુ ગુરૂ ગીરનારી.
અરે દાસી તુ સત્વર કરને, મુજ નાથને ઇહા ધરને,
પ્રીતે કરીએ સ્તુતી તારી, નમુ નમુ હુ ગીરનારી,

દાસી ? જરા પ્રાણુનાથને વીનતી કર કે આપનુ મુખારવિંદ
જોવાને આતુર છે

દાસી—બહુ સારૂ બાઇ સાહેબ ! જેવી આજ્ઞા

(રાહખેંગાર આવે છે.)

રાણુક—એજી મારા પ્યારા પતીઓ પધારો (ચાર ફેરે બોલવુ)
ધન ધન દીન આજનો મનમા પ્રેમ વધારો એજી મારાપ્યારા.
સીધરાજ વેરે સગપણુ થયુ છે ગભરાશો નહી પ્યારાએજી.
તમે કથ થાઓ મારા સોગન છે પ્યારા એજી.
માંહે નાયકા નચાવુ એજી હવે બીજાઅવર માગા ઉતારાં એજી.

રાહખેંગાર—કેમ પ્યારી, સુવદને, મને કેમ યાદ કર્યો.

રાણુક—પ્રીતમ, આપના મુખારવિંદનુ દર્શન જો આ કિકરીને
થોડી વાર પણુ નથી થતુ તો એક ઘડી યુગ સમાન જાય છે. પ્રા-
ણુનાથ, મને આ વખતે માહારી ભુતકાળની સર્વ બીના નજરો નજર
કરમા. માહરૂ મન વિવ્હળ થયુ પરતુ વાહાલા પતિ, જ્યારે તે બાબત
ઉપર વધારે વિચાર કર્યો ત્યારે સર્વ વ્યાપક ઇશ્વરની કૃપાથી પાપ જેવું
અમુલ્ય રત્ન મહારા નસીબમાં હમેશને માટે લખાએલું માલુમ પડતાં

હમેશંને માટે લખાએલુ માલુમ પડતા તે સ્વયમ્ નિયતાનો આપણુ બન્ને સાથેજ રહી આભાર માનીયે તેવી ઇચ્છા થઈ અને તેનેજ લીધે આપને તસ્દી આપવી પડી માટે ક્ષમા ચાહુ છઉ

રાહખેં૦—મૃગનયની ! વિલોલ નેત્ર ! તમારા પ્રત્યેક શબ્દ મને અમૃત તુલ્ય સુખ ઉપજાવે છે, આ બાબતમા તમે કયુ અનુચિત કાર્ય કર્યુ છે કે મારી માગી મને શરમીન્દો કરોછો ? ચાલો ત્યારે આપણે બન્ને સાથેજ પરમકૃપાળુ પરમેશ્વરનો પાડ માનીયે

બંન્ને—(સાથે—દયાળુ દેવ કૃપાળુ તુ—એ ઢબ)

અરે જગનાથ ગ્રહોને હાથ, હમેશા રાખ અમને સાથ,
દતાત્રી તુ વિઘ્ન હરજે, કૃપા અમપર સદા કરજે,
અખીલ જગનોજ કરતા તુ, મયાળુ તુ દયાળુ તુ.

રાણક—પ્રીતમ માહારા પ્રાણાધાર, ખરે દીલદાર હૈયાના હાર
અમર તુ કર કૃપાળુ નાથ, સોભાગ્ય રહે માગે નાથ ૨

રાહખેં—પ્યારી માગીને દેજે સુખ, કૃપા કરીને હરજે દુખ
પ્રથમ મરવુ મને દેજે, વિના પ્યારી નહીં કરજે ૩

બંન્ને—પ્રીતમ પ્યારી આ પ્રથ્વીમા, કરે સુખ ચેન ખુશીમા
નમી નમી કરીયે પ્રણામ કૃપાળુ ઇશ એહે નમ ૪

રાહખેં—કેમ પ્રિયા ! હવે મને ચોરીમા જવાની રજા છે ?

રાણીક—વાહાલા પ્રાણપતિ ! કેમ શુ બોલોછો ? હુ શુ આપને રજા દેવાને યોગ્ય છઉ સુખેથી પધારો

(સર્વ જાય છે)

પ્રવેશ ૧૫ મો.

સ્થળ—જીર્ણદુર્ગ પાસેનું વન.

પાત્ર—શેરઅલ્લી, સિદ્ધરાજયો ગીપાઈ, તથા ગામનાં માણસો.

શેરઅલ્લી—યા ખુદા બહુતદીનસે થકા ભુખા ઇદર તો આ પહોચા, ઓર શીકાર બી બડા હાથ આયા હે, વો હીરન સામની પડા હે, ઉસકુ દેર કરૂ (ધીમે ધીમે પાસે જાય છે તેટલામા આદમીયોનુ ટોળુ હોહાગ કરતુ આવે છે ને હરણ નાસી જાય છે)

(ઇંગ્રેજી રાહ)

ખુશી ખુશીજ આજ, ખુશી ખુશીજ આજ,
માહારાજા રાહખેંગારનાં, લગન થયા તે કાજ,

પેહેલો—સટાબટા ઉડાયગે હે ઉમ્દુ કે સરદાર,

ગટર પટરમાં પેગે પેસે હે અપાર. ખુશી.

બીજો—આપલ્યા ઘેર તાકુલ, ઔર ગુડધે આઇચે;
ફાર ચાંગલા ઉતમ, સબમે ભાત ખાઇગે, ખુશી.

સર્વ જણ—(તાણીને),
ખુશી ખુશી ખુશીજ આજ ખુશી ખુશીજ આજ,
માહારાજ રાહખેંગારનાં, લગન થયાં તે કાજ.

શેરઅલ્લી—(શીકાર છટકી જવાથી ગુસ્સામા આવી) અરે ઔ બદમાસ લોક! યે કયા ગરબડ સડબડ મચાઈ હે! હમને બહુજ મુશ્કેલીસે એક શીકાર હાથ કીયાથા વો બી તુમારી ગડબડસે છટક ગયા, ઉતની રાડ પાડનેકા તુમારે કયા સબબ હે!

એક જણ—દેખો મયા સાયબ! આજ હેમો અમારે રાજા રાહખેંગાર બહાદુરકા પરણવા રાણીકદેવીની સાથ થયા હે અને ઉસકે માટે આખા શેહેરમા આજ ગોઠ આપી હે ઉસકે માટે આજ હમ ખુશી થાતા હે

શેરઅલ્લી—દાઢી ઉપર હાથ નાખી લાહોલ, બીલાહોલ, લાહોલ, બીલાહોલ, અફતકર અલ્લા યા અકબર! યહ કયા ગઝબ! માહારાજા સિદ્ધરાજકી પટગનીકુ યહ રાખેંગાર લે ગયા કયા જુલમ! યા અલ્લા! પાટનમે કૈગી સાદીકી ધમાલ મચ રહી હે યા ખુદા! લેકીન જ્યા ચલ અબ યહ ખબર જલદિસે પાટનમે પહોચાઉ.

પ્રવેશ ૧૬ મો.

સ્થળ—પાટણમાં સીદ્ધરાજની કચેરી.

પાત્ર—સિદ્ધરાજ પ્રધાન અને પાછળથી શેરઅલ્લી

સીદ્ધરાજ—માહારા શાણા પ્રધાન! લગ્નને માટે મુકરર કરેલ શુભ દિવસ હવે નજીક છે સર્વ તૈયારી થઇ રહી છે માટે હવે આવતી કાલે તમે માહારી આ રત્નજડિત સમશેર લઇ જાઓ અને તે કામળાગીને માહારો મહેલ શોભાવવા લઇ આવો તેની સાથે હડમતને પણ તેનાં સહકુટુંબ પરિવાર મ્હોટા માન અને દબદબાથી લાવજો.

(તેટલામા શેરઅલ્લી પ્રવેશ કરે છે)

શેરઅલ્લી—(માથું ધુણાવતો) માહારાજા! કુછ કેહેનેકી બાત ઈ નહી હે કે માહારાજા સિદ્ધરાજકી પાસ ઉસ્કા કયા ચલેગા.

સિદ્ધરાજ—(આશ્ચર્ય થઇ) હે કયા?

શેરઅલ્લી—માહારાજા ! થઈ બાત મેરેકુ મત બુઝારે મેરે મોંસેભી નહી કહી જાતી હે ઉને એસા અનર્થ કીયા હે કે સારી પૃથ્વીમેં બી ન હોયે, ઉસકુ આપકા તો કુછ ડર બી નહી હે, ઓર બોલતા હે વહ ક્યા કરેગા ! ક્યા ઉસકી તાકાત હે ? મેરે શીવાય ક્ષત્રી બચ્યા પૃથ્વીપર હઈ નહી

સિદ્ધરાજ—લેકીન ઇતના સો કયા હે ! !

શેરઅલ્લી—માહારાજા ! દુસરા તો કુછ નહી હે લેકીન આપકી જો સાદી હોનેકી થી વહી અપ્સરાકુ જુર્ણદુર્ગકા રાજા રાહખેગાર હરન કર લે ગયા ઓર ઉસકી સાથ સાદી કી હે

સિદ્ધરાજ—(ઘણાજ ગુસ્સામા) ઠીક ફીકર નહી, જુઓ કે, સીહને છેડી શીયાળ કેટલી ઘડી ક્ષેમ કુશળ રહે છે ! મણીધરને જગાડી ઉંદર કેટલી વાર દોડે છે ! ! ગજરાજને ગીગડુ મારી પાડી કેટલે દુર જાય છે ! ? હા ! એ દુષ્ટે ઝાડ ઉત્તમ ભોજન અભડાવ્યુ છે રાવણે સીતાને હરી જાતાં કાંઇજ વિચાર નહોતો કર્યો બલકે ' જાનકી " લેવા જતાં ' જીવ જાનેકી " લઇ લાગ્યો હતો તેમ આ પણ રાણકદેવીને નહીં પણ પોતાના કુળનો નાશ કરનાર દેવીને લાવ્યો છે હા ! મ્હારી કહેવાએલીને તે હરી જાય ! હો ! મ્હારી પ્યારી વસ્તુનો તે ઉપભોગ કરે ! ! અરે જ્યા સુધી હુ જીવુ છુ ! જ્યા સુધી મ્હારામા હાલવા ચાલવાની શક્તી છે ! બલકે જ્યાં સુધી મ્હારી નસોમા લોહીનુ હરવું ફરવું થાય છે ત્યા સુધી તો તે દેવનો કે દાનવનો રાજા હોય તો પણ છોડનાર નથી ! ! ? હો વિપરી બુદ્ધિના રાહખેગાર ! તુને થોડીજ ખબર છે કે આ બાહાદુર સિદ્ધરાજ તારો ક્ષણવારમાં નાશ કરશે ! આજ દિવસ સુધી હુ એમ માનતો હતો કે મિત્રતાનો નાતો તેમજ દુશ્મની બરોબરીયાથીજ કરવી પણ તે તેમા ખરેખર ભોળોયાડી છે ! મણિધરના ભોણમા હાથ નાખ્યો છે હા ! જરૂર મ્હારી ગેરહાજરીમા તે દુષ્ટ મ્હારા દરવાજાની ઇંટા પાડી ખોખરા કરી ગયો તે તેના વધેલા હાડકાં ખોખરાં કરવાનેજ માટે હો ! હુ તેને લડતા શીખવીશ ! ક્ષત્રીવટ બતાવીશ ! ! અને એ ફસાઈ પડેલી અબળાને જણાવીશ કે એ ખરો ક્ષત્રી નહીં પણ હંસના પીછા ઘાલનાર કાગડો છે સીહ નહી પણ સીહનું ચામડુ ઓઢનાર ગધેડો છે ! ! તેને પોતાના લશ્કરનો કે સતાનો તદ્દન વિચારજ ન આવ્યો ! પણ ક્યાથી આવે ? તે તે અબળાના મોહપાસની અંદર ફસાઇ પડયો છે એજ પદમણી માટે એ રણમાં પડશે કહેવત છે કે " વિનાશકાળે વિપરીત બુદ્ધી " હવે હાલમાં એ બાબત

લંબાણ કરવાનું નથી કહેવા કરતા કરી બતાવવું કઠીણ છે માટે મ્હારા શાણા પ્રધાન ! તમે તમામ બાબતનો યોગ્ય બંદોબસ્ત કરો અને મ્હારા શુરવીર સેનાપતિઓ ! મ્હારા બહાદુર ક્ષત્રી લડવૈયાઓ ! સર્વ તૈયાર થાઓ કાલે આપણે અહીંયાંથી કુચ કરવાની છે

પ્રવેશ ૧૭ મો.

સ્થળ—પાટણથી સોરઠ જવાનો રસ્તો.

પાત્ર - સિદ્ધરાજ, સેનાપતી, સીપાઈઓ

સિદ્ધરાજ—મ્હારા બહાદુર સેનાપતિઓ ! અને ક્ષત્રિ લડવૈયાઓ ! તમારા સર્વના જાણ્યામાજ છે કે લડવુ એ છોકરાની રમત નથી નથી ખેલવુ સેતરંજ, કે નહિ ચોપાટ, નહી ગંજીફા કે નહી બાજી, નથી વાત કરવી કે નથી બેઠું રહેવુ તરવારના સખત ઝટકા, બંદુકોના સખત ઘા ભાલા અને તીરના સખત મારની આ શુરવીર રમત છે, તેમા હરેકનુ માથુ ધડથી જુદુ થશે કદી લાંબા દિવસ ભુખે રહેવા પડશે ટાઢ પડશે ટાઢ અને વખત તડકા વેઠવા પડશે, માટે જેઓને હીમત હોય તેજ મ્હારી સાથે આવવા હીમત કરજો મ્હારો ખાસ નિશ્ચય છે કે જ્યારે લડવૈયા પડશે તેની સાથે હુ પણ રણમા પડીશ તોજ તે કામગારીને છોડીશ. માટે હજી હજી અને હજી. ફરી ફરીને કહુ છઉ કે જેને પાછુ જવુ હોય તેને ખુશીથી જવુ

સિદ્ધરાજ--બોલે છે

અરે દુષ્ટ ચંડાળ સુભટ સા દીલમા લાજી મરો રે (એ વાર) અરે દુષ્ટ
ધણી તણુ નીજ નીમક ખાઈ પછી શુ વિચાર કરો રે અરે.
અરે લુચ્ચા ડાકુ લફંગા કર હઉ અખડા નહી થાય છુટકા રે અરે.
દાઢી કાતરી મુછ મુડાવી વેફળ નામ ધરો રે અરે.
નહી નહી જગ ઈશ્વર સાખ, નરકેથી નહી નીકળો રે અરે.
આ વખત જે પાછો હટશે તેને ડાંઈજ જરો રે અરે.
ભય બોકી જટ પ્રાણ નીહાળુ ડાહુ પ્રાણ પ્યારો રે અરે.

સર્વ લશ્કર—માહારાજા ! અમે સર્વ ક્ષત્રી છઈએ અરે જો લડવાથી ડરી પાછા જઈએ તો અમારી જનુની લાજે; વળી આજ દિવસ સુધી અમે આપનુજ નિમક ખાધુ છે તે જો બર ન લાવીએ તો નિમકહરામ કેહેવાઈએ આ શરીર છે તે અમોએ આ-

પનેજ અર્પણ કરેલાં છે. માટે માહારાજા, અમે ફરી પણ પાછા ફરવાના નથી ગમે તેમ થશે તોપણ અમે આપની સાથેજ છઇએ ક્ષત્રી પુત્રોને રણભુમીપર પડવું એજ ઉચિત છે માટે કૃપાનિધી આવો અનુકુળ વખત મુકી ઘરને ખુણે મરવા કદી પણ ચાહતા નથી માટે જેમ બને તેમ જલદી ચાહો અમે સર્વ હાજર છઇએ.

સિદ્ધરાજ—શાબાશ ક્ષત્રિ, પુત્રો, એજ યોગ્ય છે, ચાલો ત્યારે, આપણે ચાલવા માડિયે

સર્વ લ૦—

ધરીને હામ કરવા કામ રાખીયે ક્ષત્રિનુ નામ,
લડાઈ મચાવી આઠ જામ, દઈ દડ ભેદ સામ.

સિદ્ધ—

શુરવીર મારા શાણા આજ, રાહખેંગારની પડયું છે કાજ.
લડો લડાઈ ખુશી સાથ, બતાવો શતરૂને હાથ,

સેનાપતિ—

માહારાજા રાજ સિદ્ધરાજ, સેનાપતિ હુ આપનો આજ.
ખડગ ચલાવી સૌંથી શ્રેષ્ટ, મારી લાત ફોડુ પેટ

સિપાઇ—મઝા વરંથી સત્વર દેઉ, લશકર જાકે ઉઠે ઠેઉ,
બાઈ કોલામી જલદી ધેઉ, બાર તોડ ફોડ કરૂન.

(સર્વ સાલવા માડે છે)

પ્રવેશ ૧૮ મો.

સ્થળ—રાહખેંગારની કચેરી.

પાત્ર—

રાહખેંગાર—પ્રધાન, સેનાપતિ અને પાછળથી સિદ્ધરાજનો દુત

રાહખેંગાર—પ્રધાનજી, આપણે સિધરાજથી જાગૃત રહેવાની પુરી જરૂર છે કારણુ જ્યારે તેને આ વાતની ખબર પડશે ત્યારે બેશક મોહોટુ લશ્કર લઈ આવશે કારણુ હુ તેના સ્વભાવને સારી રીતે જાણુ છઉ કે તે ઘણો જીદ્દીજ માણુસ છે, માટે આપણે આપણી તમામ તૈયારીમાં રહેલુ ડાહાપણુ ભરેલુ છે

દુત—(સિદ્ધરાજનો કાગળ રાહખેંગારને આપે છે) માહારાજાધિરાજ રાહખેંગાર ! યહ કાગજ ગુજરાતકા મહિપતિ સિધરાજ જયસિંહ બહાદુરને ભેજા હય.

રાહખેં—(કાગળ વાંચતાં ઘણાજ ગુસ્સામાં આવી જાય છે.)

પ્રધાનજી ! જે પ્રસંગ હાલ ચાલતો હતો તેજ પ્રસંગ વિશે આ સદેશો છે આ સંધેલી એવું જણાવે છે કે, ઘણાજ મોહોટું લશ્કર લઇ સિદ્ધરાજ આ તરફ આવવા ચાર દિવસ થયા નીકળી ચુકયો છે. પરંતુ કાંઈ ફીકર નહી તેના મનમાં યશોવર્મા ઉપર મેળવેલી જીતનો મદ ચડયો હશે પરતુ આ કીલ્લો જીતવો ઘણોજ કઠણુ પડશે. હા, મારા ગીરનારના સખ્ત પથરા જેવા મારા સખત શુરવીરોને હાથે તે દરેકના માથા માતા અંબીકાજીને ચડાવીશ, અને ગમે તેમ થાય તોપણુ મરવું યા મારવુ એ શીવાય બીજો કાંઈ રસ્તોજ નથી એના દીલમાં તેણે એમ ખ્યાલ કર્યો હશે કે મારા સૈન્યના દેખવાથી તો નાશી જાય, પણ ધિક છે, તેની બુદ્ધિને જે ખરો ક્ષત્રિ પુત્ર છે, તે જીવ જાતાં સુધી પણ ટેક મુકનાર નથી, પણ પ્રધાનજી, આપણે એટલુ તો વિચારવાનુ છે કે, તેની સામે કીલ્લો છોડી લડવા જવામા માલ નથી, એમ સાહસ કરી એક થોડા વખતમા વગર પરીશ્રમે તેને લાભ નજ આપવો એ પણ યાદ કરે કે હુ લડવા ગયા હતો માટે આપણો ઉપર કોટનો કીલ્લો જલદીથી સમરાવે કે ત્યા જઇ રહેવુ ત્યાંથી ગીરનારની ગુમ ગુફાઓ મારફતે જે જોશે તે મળી શકશે, મારા શુરવીર ક્ષત્રી પુત્રો મને તમારી પુરણ ખાત્રી છે કે તમે તમારી નાત જાત અને જનુની દીપાવશોજ

દેશ૮—નીરમળ સતરુ સબળ ગજપર આજ ચડીને આવે છે
સીહ સમાન પુરા ગજાને એ. હીયાળીડિ ગભરાવે છે
કેમ બોલોછો રાજાજી આવી કાયરની વાણી
આપ મની કદાપી આવી નહોતી જાણી
મને લાગે છે કે હાય હવે થાવા બેઠી હાની નીરમળ સતરુ,

ચોપદાર—કાચારી બરખાસ્ત મેહેરબાન સલામ

પ્રવેશ ૧૯ મો.

સ્થળ—એક મેદાન.

(બને તરફના લશ્કર ઘણાજ જોસથી લડે છે)

સિધ્ર—લડો મારા બાહાદુર લડવૈયાઓ, લડો, લડો તમારા નામ માટે, લડો તમારી કીરતી માટે, લડો તમારા દેશને માટે જેવી બહાદુરી તમોએ વખતો વખત બતાવી દુસમનોને જેર કર્યાં છે તે તમારૂ શુરવીર યાદ કરો, અને લડો, રાહખેગાર તુ યાદ રાખ કે આ મારી સમશેર તારા લોહીમાં રંગી તે પાછી સાબર-

ગલીમાં પોઇશ ત્યારેજ મ્યાન કરીશ, તું ખાત્રીથી સમજજે કે કરોડે વર્ષ થઇ જાય તોપણ એ રાણકદેવી મારી પ્યારી વસ્તુને હું છોડનાર નથી તારા દરેક લડવૈયાઓના શીષ ઉતારીશ, તારા રાજને અને તને ધુળમાં મીલાવીશ માટે આ વાતનો ખ્યાલ કર અને ખાલી વિચારમાં રાજ અને રૈયતને હેરાન નહી કર, જેમ બને તેમ જલદી શરણે આવી સુંદરીને સોપી જા, કે તેથી તુને અભય દાન આપી નીર્ભય કરૂ, અને એમને એમ પાછો ચાલ્યો જાઉ માટે માન.

રાહ—કહેવુ સહેલુ છે અને કરવુ કઠણ છે જે મ્હોડે બોલે છે ન પાળી શકે નહી તો પછી તેનુ જીવતર વૃથા છે જે કુતરૂ ભસે છે, તે કરડતુ નથી હુ તારી એવી ધમકીથી કદી ડરનાર નથી, ગમે તે થાય તો પણ આ શિર માટે તે સુન્દરી છે માટે વૃથા બકવાદ કર્યા કરતા સમશેર ચલાવવી એજ ઉચિત છે, મારા બાહાદુર ક્ષત્રી પુત્રો. આવો વખત ફરી ફરીને આવનાર નથી ઘેર બેઠા ગંગા આવી છે તે સૈન્યરૂપી ગંગાના રક્ત રૂપી તમે ઝુલો અને તમારૂ નામ અમર આ નાશવંત જગતમાંથી કીરતી શીવાય બીજુ કાંઇ પણ સાથે આવવાનું નથી, વળી પવિત્ર રણક્ષેત્રમાં પડ્યુ ગાંધર્વ કન્યાઓને વરવુ અને દેશને માટે જીવ દઇ સ્વર્ગીઓને ખુશ કરવા એ શીવાય બીજુ કાંઈ પણ સાર્થક નથી માટે લડો અને લડો, જીવ જાતા સુધી શુરવીર અને ક્ષત્રી જાતને એબ લગાડતા નહી (આવી રીતે બન્ને બાજુ ઉશ્કેરણી થાય છે અને લશ્કર ઘણુજ જોરથી લડે છે,

---

પ્રવેશ ૨૦ મો.

સ્થળ—ખાનગી બેઠક.

પાત્ર.

(રાહખેંગાર—અને દેશળજી)

રાહ—પ્રિય ભાણેજ દેશળજી, ઇશ્વરના પ્રતાપથી ખુશી થવાનું એટલુંજ છે કે આજે ૧૧ અગીઆર વર્ષ થયાં સિદ્ધરાજે કોટને ઘેરો ઘાલ્યો છે. છતાં કાંઇ પણ તક મળી શકી નથી, અને હેરાન હેરાન થઈ ગયો છે. આપણા ખસુસ જાસુસથી એવી ખબર મલ્યા છે. "સિ-

દ્ધરાજનું લશ્કર તમામ બેદીલ થઈ ગયું છે. અને દેશ તરફ પાછું ફરવા ઉશ્કેરાઈ રહ્યું છે. તેને સિદ્ધરાજે ઘણું સમજાવી ચાલતા ચોમાસાના ચાર મહીના રોક્યા છે. અને દીવાળી બાદ તરત ઉપડી જવા તેણે ચોકસ ઠરાવ કર્યો છે. " આજ સુધી ઈશ્વરે આપણી લાજ રાખી છે. તેવીજ રીતે આ ચાર માસ રાખે તો આપણા આનંદમાં કંઈ ન્યુનતા રહે નહી, અને મને ખાત્રી છે કે આપણો ગ્રહ હાલ સબળોજ છે, જેથી આજ સુધી પાર પડ્યુ અને તેવી રીતે છેવટ સુધી થશે પરતુ ભાઈ દેશળ, આજે ગુપ્ત રસ્તેથી જે દારૂ આવેલ છે, તે ક્યાં છે, લાવ તો ખરો, જરા પીએ. અને જીવને આનદ પમાડીએ, આપણે ઘણે ભાગે નિર્વિઘ્ન થઈ ગયા છઈએ

દેશ—મામા, આપનુ કહેવુ તદ્દન ખરૂ છે હુ કાલે રાત્રીએ કીલ્લા ઉપર ફરવા નીસરયો હતો અને તે વખતે કીલ્લાની દરેક બાજુએ ઘેરાઈ રહેલા લશ્કરની ટુકડીયોના અમલદારો તેમજ સીપાઇઓ તોબાહ પુકારતા હતા તેનુ કારણુ એવુ હતુ કે એક તો લાંબો વખત નીકળી ગયા છતાં રતીભાર પણ ફતેહ મેળવી શક્યા નહિ બીજુ જગલની ઝેરી હવાને લીધે લશ્કરની તનદુરસ્તી બગડી છે તીજુ ચાલતા ચોમાસાને લીધે ઝેરી જીવ જતુનો ઘણો ઉપદ્રવ છે અને ચોથુ તથા મ્હોટું કારણ એજ છે કે સિદ્ધરાજ આ નામી પાસ થયેથી ઘણોજ બાહાવરો બની ગયો છે કોઈ દીવસ તે કોઈ સાથે હસીને વાત કરતો નથી અને જેને તેને ધમકાવ્યા કરે છે વગર વાકે મારે તે અને આખા લશ્કરમા માતેલા સિહની પેઠે ફરે છે અને આવી હાલતને લીધે લશ્કર તમામ બેદીલ થઈ ગયુ છે અને આ સીપાઇઓની તથા અમલદારોની બીન તકસીર આબરૂ પાડે છે તેનુ મગજ તદ્દન ચળી ગયુ છે દીનદશાની તેને ખબર નથી અને આપણા કહેવા મુજબ તેઓ ચોમાસા પછી કુચ કરશે એ પણ ખરી વાત, કારણુ આ તમામ હકીકત મે કીલ્લા ઉપરથી નીચેની ઘેરો ઘાલી પડેલી ટુકડીઓના મુખથી સાંભળી છે, મામા, એક તો આપના પુન્યથી અને બીજું શ્રી ગીરનારીની કૃપાથી બેશક આપણે ફતેહ પામીશુ એમાં નવાઇ નહી, કારણુ તેનાં તમામ શુભ ચિન્હો હાલથી માલુમ પડે છે અને વળી જોશુ હાલ તો આજ્ઞા પ્રમાણે મધ હાજર કરું. (એમ કહી જાય છે અને દારૂ લાવે છે. દેશળજી તેમજ રાહખેગાર અરસપરસ એક બીજાને ખુબ તાણાખેચ કરે છે અને દારૂ પીએ છે તથા વારાંગના ગાય છે અને એવી રીતે ઘણોજ દારૂ પીએ છે.

વારાંગના—રાગ કાફી તાલ દીપચંદી.
(ખુદાદોસ્ત મુલતાંનકી પ્યારી—એ ઢબ.)

જામેં કીરતી જગમાં તમારી, પ્રભુ આપે સુખ ભારી. ટેક.
રવીત ચંદ્ર દીવાકર સુધી, રાજ રહે સુખકારી,
પુત્ર પૌત્ર વધુ વંશજ વધજો સાથે હાંહાં સાથે રહો શુદ્ધ નારી.
સમદ્રષ્ટી રાખોછો સૌપર, પ્રજા પુત્ર સમ પ્યારી,
દીલ દરીયાવ દયાવાન દંપતી, જોડ હાહા જોડે પ્રભુકર નહી ન્યારી
મનુસ્મૃતિથી ન્યાય ચલાવો, શીક્ષા આપો સારી,
નીચ લબાડ જે લાચીયા પાપી, તેની હાહા કરોછો ખુવારી
સુખી સુખી રહે પ્રજા તમારી, રહે સદા નીર્વીકારી
પ્રેમ પ્રજાનો આપની ઉપર મુખથી, હાહા મુખથી ન શકીયે ઉચ્ચારી
દુશ્મન દળ જે આવી ચડયુ છે નાથ નાખે તે વિદારી,
ઇશ કૃપાથી ફતે તમારી, અરી, હાહા અરી, ડરી જાય હારી

રાહખેં—શાબાશ, ભાઇ દેશળજી, આ વારાગનાઓને યોગ્ય શીરપાવ અપાવો (દેશળજી તેને શીરપાવ આપે છે) ભાઇ દેશળ આ દારૂ ઘણોજ લેહજતદારછે. જેથી હુ ધારૂ કે તુ થોડો અતપુરમાં આપી આવ કારણ એ પણ આપણા સુખ દુખમા વિભાગી છે જ્યારે આપણે આવી રીતે આપણા ઉપર ટગાઇ રહેલા દુખના વાદળાનુ દુખ દુર કરીયે ત્યારે તેને પણ બેશક નચીત થવુ જોઇએ કારણ આ બધાનુ મુળ તેજ છે. અને તેને માટે પારાવાર બળાપો વખતે મારી સમક્ષ અને મારી ગેરહાજરીમા કરે છે એવી મારી પુર્ણ ખાત્રી થઈ છે માટે જા

દેશળજી—મામા ? આપની આજ્ઞા હુ શિરોચસ્મ કરૂ છઉ પણ મારી એક વિનતી છે અને તે એટલીજ કે, નિસાનો જોશ મારામા પુર છે મને આ વખતે પુરી શુધિ નથી અને વખત જતે તેટલી પણ નહીં રહે એમ હુ ધારૂ છઉ મારા મગજમા ચક્કર આવે છે અને મારો જીવ ઉંડો ઉતરે છે, આવે બારીક રામે ત્યાં જવુ એ હું સલાહ ભરેલુ માનતો નથી મ-મ માટે આપ કૃપા ક-કરી બીજાને આજ્ઞા આપો, અને મ-મ મને મ-મ માફ કરો મને પુરી દીન્દી દીલગીરી થાય છે કે મે આ દેહ ધરી કદી પણ આપના આ આ-આમના ઉલગ ધ-ઘન કરી નથી પણ લા-લાચાર છઉ

રાહખેં—પ્રિય ભાણેજ, દેશળજી કાંઇજ ફીકર નહીં ઘણે દુર જાવું નથી આ નજીકનું મણીમય શયનગૃહ છે ત્યાં જઇ આપી આવો અને પુછી ઘરત પાછો આવજે એટલા વખતમાં કાંઇ હરકત નહીં

આવે તમારા શીવાય બીજુ કોણ ત્યાં જઈ શકે તેમ છે?

દેશળજી—જજજ જવી આપની અ-અ-અ.આગનાં.

(એમ કહી નીશાના પુર જોસમા લડથડીયા ખાતો જાય છે.)

પ્રવેશ ૨૧ મો.

સ્થળ—મણીમય શયનગ્રહ.

પાત્ર—રાણકદેવી, દેશળજી, અને પછીથી ગાહએગાર

રાણીક—(દેશળ તરફ જોઇને) ભાઈ દેશળ આજે આ ડોલતો ડોલતો કેમ આવે છે તેને પુછુ તો ખરી દેશળજીભાઈ આજે આપના દુસ્મનની તબીયત કવી છે?

દેશળજી—મ મ મ મામી આજે આજે આજે (ખુબહસેછે) શુભ રસ્તેથી ઘણુંજ ઉમદા દારૂ આવ્યો છ તે મે અને મારા મામાએ ખુબ પીધો પીધો (ખુબ હસે છે! અને તમારે મ મ-મ માટે મોકલ્યો છે તે તમે પીઓ આ-આ આ આ (આપે છે.)

રાણીક—ભાણેજ, આ મદ્ય ખાસ મારે માટેજ મોકલ્યો છે?

દેશળજી—હહહ હા! હા! હા! ખુબ હસે છે)

રાણીક—(સ્વગત) આહા પરમેશ્વર! આજ દિવસ સુધી મેં કોઇ કોઇવાર મદ્યપાન કર્યુ છે પરતુ તે મને માફક નથી તો પણ પ્રિય પતિની આજ્ઞા પાળવા માટે તેમ કરવુ પડ છ

(મદ્યના પ્યાલા તરફ નજર કરીને)

વસંત તિલકા વૃત.

રાગ—પીલુ તાલ—દીપચદી

શુ રમ્ય આ મધુ અતીજ ગુલાબી લાગે,
આનદ દીલ થઇને દુખ સર્વ ભાગે,
અતે કરે મનુષ્યને નિસતેજ એ તો,
જાણો જરૂર મનમાજ ખરાબ તે તો,

શારદુલ વિક્રિડિત વૃત.

માહામા નડી માલ હાલ જરીતો, બેહાલ અતે કરે,
કરવો જે અતિમદ્ય મુજ મનથી, પીવો નહી તે ગમે
મમ પ્યારે મમ નાથના હુકમને, આધી હુ થાઉ છીં,
આ ટાણે મધુપાન મુજ શુનમા, હેરાની પામુજ છી.

હે જગતકરતા! ગમે તેમ હોય તો પણ પતિની આજ્ઞા પાળવી એજ સતીનો ધર્મ છે. એમ કહી મદ્યપાન કરે છે, થોડીવાર

પછી ઘંણીજ બેશુદ્ધ થઇ જાય છે.

શિખરીણી વૃતની ચાલ.

થર થર થર કંપે છે દેહ મુજ આ સમે,
નયન ઉંડા જાએ દીલ અધીકું ક્રમે.
નિશામાં ચકચુર થઇશુ હુ હરી;
રાખો મારી લાજ કહુ છઉં ક–ર–ગ–રી–ઈ–ઈ–ઈ.

(આવી રીતે બોલતાં તુરત બેશુદ્ધ થઈ જાય છે અને પાસેના પલંગ ઉપર લડથડી પડે છે)

દેશળજી—(નીશામા પુર બેશુદ્ધ થઈ) હ હ હા હા હા હા હા (ખુબ હસે છે અને થોડીવાર પછી તે પણ બેશુદ્ધ થઈ જે પલગ ઉપર રાણીકહેવી પડી છે, તેના ઉપર તે પણ પાડે છે)

રાહખેં—પ્રવેશ કરી ઉપર પ્રમાણેનો દેખાવ જોઇ ઘણોજ ક્રોધાતુર થાય છે, અરે આ શો ગજબ ! આ શુ મારી નજરે જોઉ છઉ ! સ્વપ્ન તો નહી (પોતાની આગળી કરડી જુવે છે) નહી નહી ખરેખર હુ જાગૃત છઉ અને જે જોઉ છઉ તે ખરૂજ છે ત્યારે શુ આ બન્ને દોષિત છે ના એમ કેમ મનાય ! મારી પ્રાણપ્રિયા શુદ્ધ સ્નેહી શું તેનામાં આવી ભૂલ પડે ! કદીજ નહી મારા લાબા અનુભવ ઉપરથી હુ સિદ્ધ કરૂ છઉ કે આ અબળા ખરેજ પવિત્ર છે (પરતુ ઘણા ગુસ્સામાં) નીમકહરામ ! જેને મે પાળીપોષી મ્હોટો કર્યો અને આવી પાયરીએ ચડાવ્યો તેજ દુષ્ટ થયો તેનીજ નીતિ બગડી બીચારી પવિત્ર અબળાને અતિ મદ્યપાન કરવી બેશુદ્ધ કરી પણ હવે વીચાર શું કરવો ! આવા નીચ પાપીને દુનિયામાથી ઓછો કરવા એજ ઉચિત છે (એમ કહી એકદમ પોતે તરવાર ખેચે છે અને દેશળજી ઉપર જોરથી ઝટકો મારે છે પરતુ તે પલગના પાયામા વાગતાં સહરહુ પાયો જુદો પડી જાય છે અને પલગ વાંકો વળી જાય છે તેથી બન્ને જાગી જઈ શુધીમા આવે છે

દેશળજી પોતાના મામાને આવી રીતે ક્રોધાતુર જોઇ તેની પાસે હાથ જોડી નીચો નમી ઉભો રહે છે તેને રાયખેગાર ઘણાજ જોસથી ધમકાવે છે.

નીચ ઘાતકી, ચંડાળ, પાપી દુષ્ટ, નીમકહરામ તારૂં કાળુ મુખ મને વધારે વખત નહીં બતાવ. મેં તને આજ દીવસ સુધી કેટલાક પ્રેમથી અને માનપુર્વક રાખ્યો, તેનો પણ તે જરા વિચાર ન કર્યો.

દેશળજી—(સજળ નેત્રે) મામા, હું ખરેખર નિરદોષ છઉં પુરેપુરો તપાસ કર્યાં શિવાય વાચનરૂપી શાસ્ત્રધારથી મન અન્યાય આપવો એ આપ સરખા કદરદાન મુરબીને ઘટિત નથી કૃપા કરી શાન્ત થઇ મારી અર્જ સાંભળો.

તાલ કવાલી.

(અધબીજ મોહોબત તોડી મે દાદી દીવાનાને—એ ટબ.)
કરગરી કહુ છુ, તમે વચન માનો છે નિરધાર ટેક.
છઉં જાતવત (૨) એમાં નહી સંદેહ,
મુજ મનમાં નિશ્ચે જાણુ, મુજ માન ખરી છે એહ. ૧
કરી અરજ (૨) નહિ જેવાને તે ટાણે,
હતો આગ્રહ આપનો પુરો, બનીયુ છે આજ પ્રમાણે ૨
હતો નીશામાં ચકચુર બન્નો તે વખ્ત,
નહીં શુધ રહી શરીરની, શુ પડયો ઉપર આ વખ્ત. ૩

વડીલ શ્રી જે વખતે આપે મદ્યપાન કર્યું અને આપે મને આંહી આપવા આજ્ઞા આપી તે વખ્તની મારી બોલી તથા શરીરની શુદ્ધ વગેરે આપે જે બારીક નજરથી તપાસ્યુ હશે તો, આપની ખાતરી થવી જોઇએજ કે મને તે વખતે કાઇ પણ ખબર નહી હતી, મે પણ આપની પાસે વિનતી કરી હતી કે મને ત્યાં જવાને માટે માફ કરો તો પણ આપે આગ્રહ કરી મોકલ્યો. આહી આવી ને મેં ફક્ત મારી માતુશ્રી તુલ્ય મામીના હાથમાં પ્યાલો આપ્યો તે પછી શુ થયુ તેની પણ મને ખબર નથી મને આ પલગમા કોણે સુવાર્યો તેની પણ હુ જાણુતો નથી માટે કૃપા કરી મારા ઉપર આવુ કલંક નહી ચડાવો, અને મને ક્ષમા કરો

રાહુ—ચુપ રહે દુષ્ટ, મને શુ શમજાવવા જાય છે, મેં જે નજરો નજર જોયુ તે હુ કેમ ખોટુ માનુ, !

રાગ ક્ષત્રીકલંકનો.

આ દુષ્ટ કરૂં કામ, કેવુ મે નજરે દીઠુ રે,
કેવુ કરવા બીડી હામ, બોલે શુ મુખથી મીઠુ રે.
રાખ્યો પુત્ર સમાન મે આજ, કેવુ મે નજરે દીઠુ રે,
કેવું કીધું નિર્લજ કાજ બોલે શું મુખથી મીઠુ રે.
અન્ન ખાઇને થયો છે હરામ કેવું મેં નજરે દીઠુ રે,
ધીક, લુચા મુકી તેં માથ, બોલેશું મુખથી મીઠુ રે.

મુજ માત સમાન આ નાર, કેવું મે નજરે દીઠુ રે;
ક્રૂર પાપી નીર્લજ જાન, બોલે શું મુખથી મીઠુ રે
કર્યું પાપ અમાપ તે આજ, કેવુ મે નજરે દીઠુ રે,
વળી જુઠું વદે તે કાજ, બોલે શું મુખથી મીઠુ રે
શું ઉભો બેવકુફ મુરખ, કેવુ મે નજરે દીઠુ રે.
જા જા ગદ્ધા તુ ધુર્ત બોલે શુ મુખથી મીઠુ રે,

જા જા અહીયાંથી દુષ્ટ તારૂ કાળુ મોં મને હવેથી કદી બતાવીશ નહી (એમ કહી લાત મારી કાહાડી મુકે છે)

રાણી—(એક તરફ ઉભી રહી ધ્રુજતી હતી તે ઘણેજ ધીમે સ્વરે કહે છે) પ્રીયપતિ પ્રાણનાથ ! શિર છત્ર ! અમે બન્ને અરેજ નિર્દોષ છઇએ (હાથ જોડીને)

રાગ—ભેળવી તાલ ગજલ

(ચંદ્રમુખીને એકલી છોડીને આવ્યો અહી) એ ઢબ
ક્ષમા કરોને ભૂપ હો દારૂમા એ હાલ થઈ,
રહી ન શુદ્ધ દેહની બેકામ થઈ પડી અહ ટેક
કરીને મદ્યપાન હુ ગુતી હતી તે ઘડી
તુરતમા ઢળી પડી પલગમા તે ઘડી ૧
દેશળ બીચારો ઉભો તો, નીશામા ચકચુર થઇ
બેશુદ્ધ થઈ તે પડ્યો પુરજોસ ઉરથી ૨
નથી ક્રિયા પ્રિયાની કઇ તે જાણજો રાજન સહી,
તમ પ્રિતનીજ રીતમા ભયભીત આજે હુ થઇ ૩

પ્રાણનાથ ! એમાં એનો કાંઈ પણ વાક નથી, મદ્ય ઘણો જલદ હોવાથી મને ઘણો નીસો ચડ્યો તેથી બે ભાન થઈ ગઈ અને તેને પણ તેવી રીતે થયુ છે, માટે કૃપા કરી અમને બન્નેને ક્ષમા કરો.

(નમે છે)

શાહ—(હસ્તે ચહેરે) એમાં તમારો કાંઈજ વાંક નથી,
(તેરા ફરમાન એ શાહ મે બજાકે આતી હુ એ ઢબ)
નથી વાંક તુજ પ્રિયા શાને દીલગીરી કરે,
વાંક આવ્યો છે દેશળ કેરો નજરે ૧
આવો પ્રાણ પ્રિયા તમે બેસો પાસ મારી સહી,
રાખો દીલગીરી તો મારાજ સોગન છે અહી. ૨

પ્રાણપ્રિયા ! તમે શા માટે શોકાતુર થાઓ છો ! એમાં તમારો બીલકુલ દોષ નથી. એ દુષ્ટ દેશળે તમને વધારે મધ પાઇ જાણી જોઇનેજ બેશુદ્ધ કરેલ છે.

રાણી—સ્વામીનાથ! આપના પ્રેમને હું આધીન છું, મારા ઉપર આપનો દ્રઢ સ્નેહ એટલો બધો છે કે તે કહેવા હું શક્તિમાન નથી. પરંતુ પ્રિય પતી! હું અનુમાન કરૂં છું કે દેશળજી પણ નિ-દોષ છે. પ્રાણાધાર! તે ગમે તેમ હોય પણ મહારૂ ચિત્ત હાલ ઘણુંજ વિહ્વળ રહે છે. દીનદયાળ આપણા ઉપર કેમ દયા નથી કરતો, અને આપણા ઉપર ટંગાઈ રહેલું દુખનુ વાદળુ કેમ નથી વિખેરી નાંખતો! મ્હારા રમણીય કાન્ત! આવા બારીક વખતે એક નિમિષ માત્ર પણ આપથી દુર રહેવા મ્હારૂં અંતકરણ ચોખી ના પાડે છે અને મને ઘણુ ખેદ પામે છે.

રાગ સારંગ તાલ ગજલ.

(બતઝદા કયા ખ્વાબ દીખાય મેરે અલ્લા, એ ઢબ)
આપથી જુદુ હવે મુજથી ના રહેવાય.
આપની જુદાઇથી સુખ સર્વ જાય ટેક.
વિયોગ આપનો પિયુ જે ઘડીથી થાય,
વારી વિનાની વેલ જેમ, તેમ મુજ દીલ સુકાય. ૧
જાવુ ને લડયા કદી કરોને ઉપાય,
પ્રાણુથી જુદી હવે પ્યારી નહી થાય ૨
પ્રિતમ પ્રેમ આપનો દીલ ન સમાય,
તેનીજ ખાતર પ્યારા હુ જાવા નૈ દઉ કયાય ૩
અર્જ દીન દાસી કેરી લેજો લક્ષ માંય
દુખી કરો નહી મુંજને, કહુ પડી તમ પાય ૪
દુખ જુદાઇનુ કદી મુજથી ના સહેવાય,
પડશો વિખુટા જો તમે પાડીશ મ્હારી કાય ૫
વિખુટા પડો નહી ચીત્ત એમ ચાહાય,
મારા સમ સાચુ કહો, દીલ બહુ ગભરાય ૬

પ્રાણનાથ—! લડવા જશો તો ત્યા, કીચારીમાં જશો તો ત્યાં મતલબ જ્યાં જ્યા આપ પધારશો ત્યાં ત્યાં હુ આપનીજ સાથે યોગ્ય પોશાક પેહેરી રહીશ પણ આપથી કદી જુદી નહી પડુ માટે વાહાલા નાથ! ગમે તેમ કરી એ દુષ્ટને સમજાવો અને આ આફત દુર કરો.

રાહખેંગાર—પ્રીયા! ધીરી થા, શા માટે અધીરી બને છે સાંભળ.

રાગ બીલાવર તાલ દાદરો.

(ચેનના પડે દર્શ પીયુ વીના રે. ઢબ.)

શાન્ત શાન્ત તું શાન્ત રાણી રે, શાને શોક, કરે અશોક;

...શોક, મનને શોક; કાહી છે તું રાણીરે. શાન્ત.
નમન કરીયે અરીને સતીરે, લાજ જાય, ક્ષત્રી માંય,
દુખી થાય, દીલ ત્યાંય લાજે મા નકીરે. નમન.
હીંમત હારવી નહી ઘટે જરીરે, બનવુ વીર, ધરીને ધીર.
મારીને તીર, મારવા મીર, જાય નાસી અરીરે હીંમત.
પ્રેમ તાહરો પુર્ણ છે પ્રિયારે, તુજ જુદાઇ ના સહેવાય
દીલ દુખાય, સુખ હરાય, કરીશ કાંઈ ક્રિયારે. પ્રેમ
નહી તજુ તુને પ્રાણ માહારીરે, તુજ તન, તુજ ધન.
તુજ મન, તુજ રતન. આ દેહ તાહરી રે, નહી.

પ્રિયા ! દુસ્મનો સાથે નમી સલાહ કરવી જોઇએ તેમા ક્ષત્રી જાતને મ્હોટી ખોડ છે જો એમ કરીએ તો જનુની લાજે, સ્વચ્છ પ્યારની ખાતર ક્ષત્રીવટ તજવી એ અનુચિતાં કહેવાય તુ જાણે છે તેવી રીતે ધણા વરસ થતાં તેઓ હેરાન થાય છે અને હજી થશે તો પણ તે કદી ફાવવાના નથી એમ તુ ખાત્રીથી માન હુ તને છોડીને કદી પણ જનાર નથી માટે શોક ન કરવો. તુ પણ ક્ષત્રી રાજપુત્રી છે તેથી તારે પણ હીમત રાખવીજ જોઇએ કાયર થઇ આધીન થવુ એ અકૃત્ય શીવાય બીજુ કયુ વધારે કલકવાળુ છે ? નિર્મળ પ્રેમનાં ઝરણુમાથી અમૃતપાન કરનાર પ્રાણીઓને બીજા કશાની દરકાર રહેતી નથી, પરતુ છેવટે તે હાનીકારક છે સુવદને ! હુ તમને વચન આપુ છઉ કે જ્યા સુધી આ દેહમા પ્રાણ છે ત્યાં સુધી તો તમને કદી પણ મારાથી વિખુટા કરવાનો નથી માટે નચીત થાઓ.

રાણીક—સુખ કર ! સોભાગ્ય રક્ષક ! આપનાં પ્રિયમય વચનો સાંભળી મ્હારૂ હ્રદય શોકહર્ષ નિશ્ચીત થયુ છે, પરતુ રજની ઘણી વિતી છે માટે આપ આ સુખાસન ઉપર આરામ કરો, હું શેવા કરૂં.

રાહખેં—નહી નહી પુર્ણ ચદ્રકળા ! તમે પણ સુખે નીંદ્રાવશ થાઓ.

રાણીક—વિલાસી કાન્ત ! એવું નહી કહો, હું આપની શેવા કર્યાં શીવાય કદી પણ સુવાની નથી.

રાહખેં—પ્રિયા, તમારી મરજી ઉલઘન કરવા હું જરા પણ રાજી નથી, જો તમે એમજ રાજી છો, તો તેમ કરો.

(રાહખેંગાર પલંગ ઉપર આરામ કરે છે.)

રાણીક—(રાહખેંગારના પગ પોતાના ખોળામાં લઈ ચાંપે છે અને ગાય છે.

રાગ સોરઠ તાલ પંજાબી ઠેકો.

સુખ સજ્જામાં આજ, સુખથી પોઢો મારા નાથ.
શર્ણું રહી કરૂ ચરણુની શેવા, કર પપણુ નાથ, ૧
શ્રમિત થયા હશો સ્વામી મારા, કરી રાજનાં કાજ. ૨
ફિકરી ડરથી કાય દૂબાવે, સુખ નિદ્રા લ્યો રાજ ૩
શીત સુગંધિ વાયુ આવે. મીશ્રિત વાસ, ગુલાબ, ૪
નિશ્ચત મનને કરજો વાલા, છોડી આળ પપાળુ ૫
દુ ખ સ્વપ્નાં નહી આપણે આવે, જુઠી જગત જંજાળ ૬
હાસી ઉદાસી તજીને બેઠી છચ્છે રહેવા સાથ ૭

ઉપર પ્રમાણે ગાતા રાહખેંગાર નિદ્રાવશ થાય છે અને છેલી કડી ગાતાં રાણકદેવી રાહખેંગારના ડટી ભાગ ઉપર સુઈ જાય છે અને પડદાનો ઓટ આવે છે, જાગીને બારીમાથી જુવે છે તો તંબુ જોઇને બોલી

सारठो.

मारा गढ हेठ, कोणे तंबु ताणीया;
सघरो मोटो शेठ, बीजा वरतातु वाणीया.

પ્રવેશ ૨૨ મો.

સ્થળ—મીનળદેવીનું ઘર (મેહેલ.)

મીનળ—રાહખેગારની બેન, સીધ્ધરાજની ભાભી,

વીશળ—તેનો પુત્ર

દેશળ—વીશળજીનો ભાઇ

વીશળ—માતુશ્રી શેહેરના પશ્ચિમ ભાગમા બનાવેલી મોટી વાવ તમે બરાબર જોઇ !

મીનળ—પુત્ર ! વાવ પુરેપુરી મે જોઈ. અંદરનું પાણી નિર્મળ ને મીઠુ છે લોકોને જે ઉપકારનુ કામ તે કર્યું છે તે ઇશ્વર તારા પર હમેશા રાજી રેહેશે અને શેહરના તેમજ બાહારના આવતા મુસાફર લોકો પાણી પી તુને આશીરવાદ દેશે પણ પ્રિય પુત્ર ! તારા કાકાના લશ્કરનુ શુ થયુ ! તેઓ ગીરનારની પવિત્ર

જગા છોડી ગયા કે નહિ ?

વીશળ—માતુશ્રી ? હજી સુધી તેઓ ગયા નથી તેમ જાય તેમ લાગતું નથી, ગઇ કાલે એક નહી સરખુ યુદ્ધ થયું કાકાનાં ઘણાં માણસ મરાયાં તો પણ તે પોતાની હઠ મુકતો નથી. અને મને લાગે છે કે કાલની ખુનરેજીથી તેની આશા નિષ્ફળ થઇ હશેજ અને તેથી તે પોતાનો વિચાર બિદલે તો તાજુબી નથી આ પવિત્ર ક્ષેત્રના શિરોમણી રાજાને હરાવી કાકા પાટણ જાય એમ મને લાગતું નથી પછી તો જે ગીરનારી કરે તે સત્ય તે પણ સામેથી મારો ભાઇ આવે છે મને લાગે છે કે તે કચેરીમાર્થજ આવતો હશે એટલે વધારે વીગતથી જે સમાચાર હશે તે તે કહેશે

(દેશળજી દાખલ થઈ માતુશ્રીને વદન કરતા અસ્રુપાત કરે છે)

(સમાલ તેગ અદાકો જશ સુનાતો સહી એ રાગ)

મીનળ—મુખનિસ્તેજ કરી કમ પુત્ર આવ્યો અહી.
કહેને કારણ મુજને પુત્ર કામ બનીયુ તહી
કરયુ અપમાન પુત્ર કોઇએ તારૂ આજ કેની,
કરવુ શિરછેદ આજ તેનો મને ભેદ દેની,
લડાઈ થઇને શુ દુશ્મનોનો જય થયો.
ભ્રાત મારો શુ ઇશ્વર તણે ધામ ગયો
દીલ મારે ધાય બહુ કુવિચાર મને
જલદીથી કેને કારણ પુત્ર મારૂં દુખ સમે

પ્રિય પુત્ર ! તારૂ નિસ્તેજ મુખ કેમ થયુ ? તારૂ હરખીત મુખ જોઇ મારૂં દીલ હમેશાં પ્રફુલિત રહે છે તુ મારી પાસે હમેશાં યુદ્ધની ખબર દઈ મારૂ દીલ રંજન કરતો તે આજ એકાએક આવી મારી સમક્ષ વગર બોલે અશરૂપાત કરે છે તેથી મને વધારેને વધારે દુઃખ થાય છે મને ઘણા કુતર્કો થાય છે વાસ્તે જે બનો બનાવ હોય તે મને યથાસ્થિત કહે

દેશ—માતુશ્રી !

રાગ ધનાશ્રી તાલ ગજલ

દશા હું કહુ શું મારી, માતા હવે છુ લાચારી,
જીંદગીની આવી વારી,
મધ આજે આવ્યો સારો પીધો બહુ અમે હોશ ધરી,
આવ્યો તો ગુપ્ત બારી.
મા મુજને હુકમ કીધો દારૂ પાવા મામી મારી

જીંદગીની આવી વારી.
મામીને મે દારૂ આપ્યો, પીધા તેણે હોંશ ધરી,
પછી બેભાને પડી.
દારૂએ બેભાન પડ્યો હું સુતી છે જ્યાં મામી મારી,
જીંદગીની આવી વારી.
નીશામાં હુ જાણ્યુ નહીં, ચડ્યું મને ઘેન ભારી,
મામાની આવી સ્વારી
મારી માર કહી કુવચનો કાઢ્યો, માડી મુજને બારી,
જીંદગીની આવી વારી
જાવ શેહેર બાહાર મુજને, હુકમ કીધા પાપી ધારી,
નથી ચુકતા માત મારી
મુઝે નહીં કઈ રસ્તો, ગોતવી હવે કહી બારી,
જીંદગીની આવી વારી

માતુશ્રી ! હુ શુ કરૂ ! આજરોજ ગુમ રસ્તેથી દારૂ આવેલ તે અતિશય જલદ હોવાથી મે તથા મારા મામાએ ખુબ પીધા

અતિશય સરસ દારૂ ધારી મારા મામાએ મને મારી મામીને પાવા જવા આગ્ના કરી મે બહુએ ના કહી પરતુ તેના દીલમા ન આવતા મને જોરાવરીએ મોકલ્યો મામીએ દારૂ પીધા અને તેના અગણીત નીશાથી બેભાની અવસ્થામા પલગ ઉપર પડયા માતુશ્રી હુ સત્ય પ્રતિગ્નાથી કહુ છઉ કે, આ વખત મારૂ મગજ બીલકુલ ઠેકાણે ન હોવાથી અને એકાએક મગજમા ચક્કર આવવાથી હું મારી મામી પર પડ્યો ફરીથી ઉઠવાની માગમા સતા ન રહી તેટલામા એકાએક મામાની સ્વારી ત્યા આગળ આવી, મને મારી મામી સાથે સુતેલો જોઇ એક લાત જોરથી મારી સાવધ કર્યો મે ઘણી ક્ષમા માગી પરતુ તે લક્ષમા ન લેતા મને એકદમ શેહેર છોડવા આગ્ના કરી છે

મીનળ—પ્રીય પુત્ર, તારા મામાની મરજી અત્યારે એમ થઈ વાસ્તે જ્યારે આવો ખરાબ વિચાર તેના દીલમા ઠર્યો ત્યારે તારે લાજીમ છે કે થોડા દહાડા બાહાર ગામ જઈ આવવુ

વીસળ—(એકાએક) વાનમા

રાગ પીલુ તાલ કેરવો.

શુ બોલે મામો વેણ, પેરી શું ! અમે ચોળીરિ;
કેમ સાંખીએ વીપરીત કેણ, પેરી શું અમે ચોળીરિ;

જ્યારે કહી વીચાર્યાં વણુ વાત પેરી શુ ! અમે ચોળીરે;
ત્યારે કરવી તેની ઘાત, પેરી શું ? અમે ચોળીરે;
લડવું સામા થઈ એકવાર, પેરી શું ! અમે ચોળીરે.
જુવે મામો મારી તલવાર, પેરી શુ ! અમે ચોળીરે !
શ્રીકૃષ્નને કંસનુ જેમ, પેરી શુ ! અમે ચોળીરે;
કરશે ભાણેજ મામાનુ તેમ, પેરી શુ ! અમે ચોળીરે.

(અતી ગુસ્સાથી) માતુશ્રી ! તમે એમ કેમ બોલોછો શુ તેના શેહેરમા આપણે રહ્યા એટલે શુ આપણને દબાવી મારશે ! શુ ! સૌરાષ્ટનો મોટા મુલકનો તે ધણી છે, અને આપણે એથી કાચા છ-ઇએ ! આખો ગુજરાત આપણે ઘેર છે જ્યા એ રાજા થઈ પુગે. તપાસ કર્યા વગર મારા ભાઇને એવા વીપરીત વેણ બોલવાને શુ તે યોગ્ય છે ! ના, ના, કદી નહી એની મોટી સત્તાથી આપણે ડરીજવુ એ કદી બનાવાનુ નથીજ જ્યારે તેજ આપણાથી દગો કરશે ત્યારે શુ આપણે તેને આપણા હાથ ન દેખાડવા ! પ્રીય ભાઇ દેશળજી તારી દીલગીરી તુ દર કર અને મારી સાથે ચાલ, તુ નક્કી માન કે આપણે એ મામાને ભાણેજવટ દેખાડશુજ, અને તેમ કરવામા કાઇ અડચણ નથીજ જુનો તે પણ પ્રસિદ્ધ દાખલો આપણે નવો કરી તેને ઓપ દેવો તે એકે, શ્રીકૃષ્ન ભગવાને પોતાના મામાનો અન્યાય જોયો ત્યારે તેનો ઘાત કરવામા જરા પણ વાર ન લગાડી માટે આપણે પણ તેજ દાખલો રહયે લેવો જોઇએ આપણે ક્ષત્રી પુત્ર છઇએ, નથી વાણીયા કે બીજે બની જઉ ! એમ કેમ થાય ચાલ સત્વર કર આપણે આપણા કાકા સીધરાજ બહાદુરને મળીએ અને તેની યોગ્ય ગોઠવણ કરીયે, સીધરાજ આપણો કાકા છે ગમે તેમ છે તોપણ એક લોહી છે અને આપણે જ્યારે તેને મળશુ ત્યારે બેશક તે તેનુ ધારેલુ કામ પાર પડશેજ અને હાલ તેને આપણુ કામ છે વાસ્તે માન સહિત જવુ એ વધારે સુખદાય છે

મીનળ—પુત્રો તમારૂ કહેવુ મને પણ ખરૂ લાગે છે બેમાં કાળીઓને માથે માર એ ઠીક નહી ખચીત તમારો કાકો તમને મદદ દેશેજ વાસ્તે તાદીદે તમે તેને મળો અને ગુપ્ત રીતે શહેરમાં આવો ભાઈના મનમાં ભરમ આવ્યો અને તેની દ્રષ્ટી ખોટી થઈ પોતાના બાળકસમ જે બાળકને રાખતો તેને માથે તેણે જુઠો આરોપ મુક્યો તે ઉપરથીજ મને માલુમ થાય છે કે, ભાઈની બુદ્ધિ ભ્રષ્ટ થઇ અને તેને માટે અમી દ્રષ્ટી કરનાર દેવી અબીકા અને ગુરૂદત્તાત્રીની

પુર્ણ કૃપા હવે તુટી વાસ્તે પુત્રો તમે જાઓ મારી આજ્ઞા છે.

सोरठो.

वाणीआना वेपार, जाते दाडे जाणसो;
मारसुं रा'खेंगार, ऊतारुं राणीकदेवीने.

બન્ને પુત્રો—તમારો આશીરવાદ શીરપર ચડાવી અમે જ-ઇએ છઇએ.

પ્રવેશ ૨૩ મો

સ્થળ—રસ્તો

પાત્ર—

દેશળજી—તથા વીશળજી, દુદો તથા હમીર

દેશળજી—(જુનાગઢ) કીલ્લા નજીક જતો મન સાથે વિચાર કરતો ચાલ્યો જાય છે,

અહાહાહા ! ! હે ઇશ્વર ! તારી ગહનગતિ છે, આજ દિવસ સુધી જે ઉમંગ મારા મનમાં હતો, તે બધો જાણે ક્યાંએ જતો રહયો ! હું જે તદન નીર અપરાધી છઉં, તેને માથે આજે કેવડો મ્હોટો ગુનો આવી પડયો છે ! મામાએ મારૂં અપમાન કર્યું એટલું-જ નહિ પણ મને શહેર છોડવા સખત આજ્ઞા કરી છે અરે જીવ ! શું કરૂં ! પીતાતુલ્ય પવિત્ર મામાને છોડી જવા અરે ! એટલું નહી પણ ભાઇની માતુશ્રી સલાહ પ્રમાણે તેને પાયપત કરાવવા યોજના કરવી ! ધીકાર ! ધીકાર ! ! આ જીંદગીને એ પણ કદી જો આમ ન કરૂં, અને અપમાન સહન કરતો ક્ષત્રીને ખોટ ત્યારે શું આમ વિસ્વાસઘાત કરવામાં નહી ! અરે પ્રભુ ! હું મ્હોટી મુશીબતમાં આવી પડયો, શું કરવું તે મને સુઝતું નથી, ચાલ જીવ જે થવાનું હશે તે થશે, પણ હાલ તો ભાઇની સલાહ પ્રમાણેજ કરૂં, અરે ! જે રાણકદેવી માટે હું જારો મુસીબતો સહન કરી જય મેળવ્યો, તેજ આ વખતે દુખનું કારણ રૂપ થઇ પડી, જેની સામે હું ખરી શુરવીરતાથી લડતો, અને જેને મે પાયમાલ કરી નાંખ્યો તેનેજ શરણે જઇ માથું નમાવવું ! હાય ! નસીબ ! અરે જ્યારે કપટથી શહેરમાં સિધરાજને દાખલ કરીશ ત્યારે હાહાકાર વરતશે, સૌરાષ્ટનો સુર્ય અસ્ત થશે, દેશ પાયમાલ થશે, શહેરમાં કેર વર્તશે, નિર્દોષ બાળક રક્ષક વિનાનાં રઝળશે, નિરાધાર અબળાઓ

ધણી વગરની રખડશે, વૃદ્ધ વિધવાઓ પોષણ કરનાર ભોળી પુત્રો ખોશે, જીવથી વહાલા વસ્તુઓનો પરદેશીઓ છુટથી ઉપભોગ લેશે, અને આ સુશોભિત સૌરાષ્ટ્ર બાગ વૈર રૂપી દાવાનળથી બળી જળી ખાખ થશે. આ તમામનો કર્તા કોણ ? હુ, અને મને આવી સ્થિતિમા લાવનાર કોણ ? દારૂ. આ બધા વિચાર કરૂ છઉ પણ મન સ્થિર રહેતું નથી અપમાનના અસલ રૂપથી પેદા થએલા વૈરા ઝુનુની ભુત, પોતાનુ કામ પાર પડશે ત્યારેજ શાન્ત થશે (જુસ્સો) અને તેમ થવુ જોઇએ. મરવુ એક વખતે છેજ દબાએલા રહેવાથી શુ ફાયદો ? દાસપણાની માફક અપમાનના બહોળા વર્તમમા જીદગી ગુજારવી એ શુ ઉચિત છે ? કદીજ નહી ચાલો હવે એ સંકલ્પ વીકલ્પ છોડી દ્યો દરવાજે આવ્યો માટે સ્વકાર્ય સાધ્ય બન્યુ (દુદા તથા હમીર પાસે જઇને)

કેમ દુધા ભાઈ ! આજ તો કાંઇ દુસ્મનોનો ઉપદ્રવ તો કે નથી કે ?

દુદો—નારે ભાઇ ! એ શુ બોલોછો પેલે દી ઝમમન્યુ તુ, આ તેદી કેડ કોઇએ ચે કે ચુ કર્યું નથી

હમીર—કો વળી કરે તે કેમ ! તે દી કેટલાની લોથુ લઇ ગયા સે પાવળીયા માડવા પાણા પણ નકી જડ ભાઇ આપણે કેનો હાથ સે ને ? એમ કોઇના ખાધા બાધા જાયે તેમ નથી હો.

દુદો—એતો બધા એનોજ પરતાપ સેને નીકર વળી આજ અગીયાર વરસ થયાં તો પણ એક કાકરી પણ ખરી નથી ને આપણા જુવાનોમાંથી કોઇને પણ છોઇબટ થયો નથી દેહળજીભાઇ ! એનો માહારાજાને તમે હુરવીર સો નીતર કોની માએ શેર હુઠ ખાધી સે, જે આ દમ ખમે ?

દેશળજી—દુદાભાઇ ! તમે બધા સારા માણુસ છો તે એમજ બોલો, એને તમને ઘટે ઘણુ એજ, બાકી કાંઇ એક હાથે થાય છે ? તમે બધા બહાદુર છો અને રાત દીવસ બહુજ મહેનતથી સાચવી શકો બીજાનોતો વિશ્વાસજ ન આવે

દુદો—હા બા હા હાચુ કહ્યુ અમે જેનુ નિમખ ખાઇએ સઇએ તેનાજ સઇએ ને નિમક હરામી થઇએ લો જીવડા પડે ને !

દેશળજી—બરોબર છે મામા તમારાં બહુ વખાણુ કર્યાં કરે છે તેમ મને વખતો વખત કહે છે કે "દુદાભાઇને હમીરભાઇને અફીણુ વગેરે તમામ બાબતથી ખુશી રાખજે" (પણુ જરા હસીને) તમે જાણો છો ને, કે કામની બહુજ વ્યવસાઇ એટલે ભુલી જવાય આજ તો આ

દરવાજે જરૂરનું કામ છે એટલે અવાણું, નહી તો આખો દિવસ અને રાત હજુરમાં અને કિલ્લેબંધી કરવામાં રોકાવું પડે છે. જરા પણ ફુરસદ મળતી નથી.

દુદો—હાવ્યુ બા હાવ્યુ ! ફુરસદ તે ક્યાંથી મળે ! બધુ કમઠાણુ તમારા ઉપર રહ્યુ ને,

હમીર—તે વળી ગ મહારાજને ઘડી પણ ભાઇ વગર રહે નહી હે !

દુદો—દેશળભાઇ ! રાની તમારા ઉપર બહુ મેહેરબાનીમે હો ! ને અમારા ઉપર રાની અને તમારી બેની કીરપાએ,, તો મોજુ કરીએ સઇએ, ને તમને દુવા દઇએ સઇએ દશમનોના ભાર નથી કે, આંગળી સીધી હકે, ભલેને અગીયાર હો વરસ લગણુ લડે

દેશળજી—એ તો તમારી ખાત્રી છે પરંતુ મામા માટે અને તમારે સઉને માટે જે ઉમદુ અફીણુ મગાવ્યુ હતુ તે આજ માળવેથી આવવાનુ છે, તેને દુશમન લોકો હરકત ન કરે તેમ ગુમ લઇ આવવા મામાનો હુકમ છે, તેથી હુ બાહાર જાઉ છઉ તે રાત્રીને વખતે લાવી શુ મોડા વેલા આવુ તો બાર તરત ઉઘાડજે

દુદો—એ હુ બોલ્યા બાપજી ! કાળી રાતે જે વખતે કહો તે વખતે ઉઘાડશુ અમે તો આખી રાત દુધા તકાવીને બેઠા સઇએ, પણ દેહળજીભાઇ ! પાસ બદાણુકી અફણુ આવ્યુ છતો પેલી ગુમ બારીએથી આવ્યુ ને આજુ બેલ આની મગ કેમ આવ્યુ ભલા !

દેશળજી—દુદાભાઇ ! પાચ છ વખત જે અફીણુ આવ્યું તે થોડુ થોડ આવ્યુ, અને તેથી વારવાર મગાવવાની તડખડ પડે છે ને વળી દુશ્મનોનો હગામ છે તે વખતે પડાવે, ને આપણી પાસે સીલીકમા ન હોય તો હેરાન થાવુ પડે, આ વખતે મામાએ વિચાર કરીને સામટી પોઠો મગાવી છે આટેજ આ દરવાજે આવશે

દુદો—હા બા હા. અફણુ વગર તો એ ઘડી પણ ન સાલે મરી જાએ

હમીર—દેશળજીભાઇ ! ભેગો આવુ ! બાહારનો મામલો સે.

દેશ—નાના કાંઇ જરૂર નથી ગુમ લાવવુ છે તેથી ઘણા જણનું કામ નહી અમે બન્ને ભાઇઓ બસ છઇએ પોઠા બાહાર આવી છે તેને રાત્રીને વખતે ફેરવી કોઇ નહી જાણે એમ લઇ આવીશ.

દુદો—એમ ભાઇ બહુ ખબરદાર સે કેવુ પડે તેમ નથી તો પણ ભાઇ સભારજો હો !

દેશ—કાંઇ ફીકર નહી, લ્યો ત્યારે હું જાઉં છઉં સઉ હુશિયારીથી રહેજો.

કુંદો—બહુ સારૂં બા,

(દેશળજી જાય છે અને દરવાણી દરવાજો બંધ કરી બેસે છે.)

अंक बीजो.

પ્રવેશ ૧ લો.

સ્થળ—સિધરાજની છાવણી.

પાત્ર—સિદ્ધરાજ, દેશળજી, સીપાઇ

સીપાઇ—ઇસ રાતકી બખત કોન કમબખત શેહેરમેસે અકીલા ઇસિ તરફ આતા હે? માલમ નહી હે કે યહ સિદ્ધરાજ બાહાદુરકા તંબુ હે જલદીસે જવાબ દેના ચાહીયે નહીતર ગોલીસે આદર કરનેકી ફરજ હોગી કોન હે તુમ? જલદી બોલો

દેશળજી—ઇતના જાસ્તી બોલનેકા ઓર ખાલી મગજ ફીરનેકા જરૂર નહી હે, મે ઇદિર ઠેરતા હુ બેહેતર હે કે અંદર જાકે મહારાજાસેં બોલો કે આપકા ભત્રીજા દેશળજી અકીલાઈ આનેકુ મંગતા હે, ઓર બહુત જરૂરકા કામ હે.

સિપાઈ—(સીપાઇ બીજા સિપાઇને ભલામણ કરી જાય છે અને સિદ્ધરાજ પાસે આવીને) મહારાજા! હુકમ હોય તો અરજ કરૂં.

સિદ્ધરાજ—બા ખુશીસે

સિપાઇ—હજુર તબુકા તીસરે કોઈ દેશળજી કરકે આયા હે ઓર બોલતા હે કે મે માહારાજાકા બત્રીજા હુ ઓર બહુત જરૂરકા કામહે હુકમ હોવે તો આને દઉ

સિદ્ધરાજ—(વીચાર કરીને) બેહેતર હે કે ઉસકુ આનેદો. લેકીન સમાલના કે કુછ બી હથીયાર સાથ રખનેકુ નહીં પાવે

સિપાઈ—કુછ ફીકર નહી હજુર! (દેશળજી પાસ આવીને) દેખો દેશળજી! તુમકુ અંદર જાનેકા હુકમ તો હો ગયા હે લેકીન તુમારે સબ હથીઆર ઇદિર રખનેકા હજુરકા ખાસ હુકમ હે સોતુમ ઇધર રખદો.

દેશળજી—હથીઆર સબરેસે કુછ હરકત નહી હે તોબી જૈસા હજુરકા હુકમકા મેં બી સીર સાબેત કરતા હુ (હથીયાર છોડીને) લો યે સબ હથીઆર તુમ સમાલનાં. (એમ કહી સિદ્ધરાજ પાસે

જઇ માથુ નીચુ નમાવી ઉભો રહે છે)

સિદ્ધરાજ—કેમ દેશળજીભાઇ ! આજતો ઘણે વરસે કાકાની સભાળ લીધી ! જુવાન છો ભાઇ ? અમારી વૃદ્ધની શેની સભાળ લ્યો દીલગીર શા માટે થાઓ છો ! એતો હોય, એમાં શુ ! વિયોગ તો વેઠવો પડે, ઘણે દિવસે ભેગા થઇએ તે હરખના આંસુ આવે એમ રીત છે (જવાબ દેઇને દેશળજી નથી બોલતો તેથી) ભાઇ ! ખરી હકીકત કહેતાં શા માટે સકોચાય છે ! કોઇ વાતનો મનમાં અદેશો ન લાવવો જેમ તુ કહીશ તેમ કરવા તયાર છુ તુ જાણે છે તેમ મારે તો સર્વ તુજ છે અને જે કરૂ છઉ તે તારેજ માટે કરૂ છઉં મ્હારી હયાતીમા અને પછી ગાદીને વારસ તુ શીવાય છેજ નહી ત્યારે શરમ શી રાખવી ! જે દુખ હોય તે તુરત કહી નાખો કે તેનો સત્વર ઉપાય કરીએ

દેશળજી—(રડતો રડતો)

કહુ વાત મારી ગુ આજ કર્મની કહાણી
થઇ શુદ્ધ બુદ્ધ સરવે લોપ મન મુઝાણી,
કરી ઘણા વર્ષ મે સેવ મામાની પ્રીતે,
લડ્યો આપ સાથ હુ ખરે વેરીની રીતે ૧
એમ સર્વ ગયુ મુજ કોટ રીસ થઇ ગાઢી
એહ મહજ બાબતમા મામે મુકયો છે કાઢી,
નવ પુછ્યુ ગાછ્યુ નવ કર્યો કાઇ તપાસ
કર્યો વચન બાણથી ખરે મને નીરાશ ૨
મન ક્રમ વચનેથી મામી જાણુ માત
તે કારણ મામે મારી જોરથી લાત
મે કરી વિનતી તે નવ લીધી ધ્યાન
કરગરતા મારૂ કર્યુ તેણે અપમાન ૩
એમ સર્વ દુખથી આવ્યો છઉ હુ આહી,
હવે વેર લેવાની થઇ છે બહુ અધીરાઇ,
છો આપ મુરબ્બી એમ સર્વ તો ભાખે
કહી છોરૂ કછોરૂ થાય વડીલ તે સાખે
હવે રાખી આપને શરણ દુખતો ટાળો,
" શરણાગત નિર્ભય " ધર્મ આપનો પાળો. ૪

વડીલથી ! આજ દિવસ સુધી આપથી અનુચિત રહી મે

મારા મામાની જે સેવા કરી છે તેથી આપ તદન વાકેફ છો, તેના બદલામાં અને આપ બુરી દશાએ પહોંચેલો જુઓ છો ઇત્તિફાક એવો બન્યો કે, ગઈ કાલ રાત્રિયે દેશાવરથી ઘણોજ સરસ મદ્ય આવેલ તે અમે સર્વ પુરૂષ વર્ગે ખુશી ગુજારવા પીધો બાદ મારા મામાએ મને આજ્ઞા કરી કે "આ સુદર મદ્ય તારી મામીને પાઇ આવ" આ વખતે હુ નીશાળમા પુર ઘેરાએલો હતો તે એટલી હદ સુધી કે મારી દેહનુ પણ મને ભાન નહી, અને તેથી કરી મે તેમ કરવા ઘણી આનાકાની કરી તોપણ મામાએ તે લક્ષમા ન લેતા મને ત્યાં જવા સખત આજ્ઞા કરી મારે લાચારીયે તે હુકમને તાબે થવુ પડયું. શયન ગૃહમા જઇ તે મદ્ય મારી મામીને આપ્યો એ પણ મને સ્વપ્ના સરખુ સાભળે છે ત્યારબાદ અમને બનેને એક પલગ ઉપરજ પડેલા જોઇ, મારા મામાએ તરવારનો સખત ઝટકો કે જે સારા નશીબે પલગના પાયાને વાગી પાયો ભાગી પલગથી જુદો પડયો તેથીજ અમે બને ભયભીત થઇ જાગી ઉઠયા એજ માલમ પડયુ પલગમા અમે બને કેવી રીતે આવી પડયા તેની બીલકુલ મને ખબર નથી, એમ હુ આપને ચર્ણે હાથ મુકી કહુ છઉ ઉપરના શક પડતા દેખાવ ઉપરથી મારા મામાએ કાઇ પણ તપાસ ન કરતા મારૂ બેહદ અપમાન કર્યું તે સાથે મને સખત શીક્ષા કરી નિર્ધન કરતા જ્યારે આવી હાલતમા આવી પડયો ત્યારે મારી માતુશ્રી અને ભાઈની સલાહથી તે મદાંધનો મદ ઉતારવા આપનુ શરણ લેવુ પડયુ, મને આશા છે કે આપના કામમા મદદ કરી તે હુ પાર ઉતરીશ અને તેના બદલામાં આપ મારૂ પુત્ર તુલ્ય રક્ષણ કરશો (નીચુ ઘાલી બેસ છે)

સીદ્ધરાજ—(સ્વગત) હવે શી રીતે કરવુ ! આવા વિશ્વાસઘાતી મનુષ્યને પાસે રાખી આશ્રય આપવો એ પરિણામે અશુભ છે, પરતુ આને આશ્રય આપવામા મારૂં પણ શ્રેય મને યાદ છે કે—

यस्माञ्च प्रिय मिच्छेत तस्य हयात् सदा प्रियम् ॥
व्याधो मृगयावधार्थिं तु गीत गायति सुस्वम् ॥ १ ॥

ત્યારે માહારૂ કાર્ય સિદ્ધ કરવાને હાલ તો તેને દિલાસો દેઈ પાસે રાખુ આગળ ઉપર જેમ યોગ્ય લાગશે તેમ કરીશ (ચાસન) ભાઇ દેશળજી ! તુ કાંઈ પણ અદેશો રાખીશ નહી, મે તુને પ્રથમ કહેલુ છે કે આ સરવ તારૂજ એમ તુ સમજ, તારે મનમાં જરા પણ સકોચાવવું નહી, કારણ આજસુધી તુ બાળક હતો તેથી મોસાળ રહ્યો અને તેથી તુને સ્વભાવિક રીતે મોસાળ ઉપર પ્રિતી

હોમજ; એમાં મને કાંઇ પણ માઠું લાગવાનું નથી અને લાગ્યું પણ નથી. મેં પેહેલેથીજ વિચાર કરી રાખ્યો હતો કે જ્યારે સૈરાષ્ટ્ર સર કરીશ ત્યારે ત્યાની ગાદી દેશળને સોપીશ, કારણ મારાથી તો ગુજરાતનુ મોટુ રાજ્ય છોડુ મુકી આંઘી રેહેવાય નહી. ત્યાં આ સોરઠ જેવો પહાડી મુલક પણ તુ શીવાય કાઇ સાચવવાને લાયક હોય એમ પણ મને લાગતુ નહી, તેથી મે એજ વિચાર સિદ્ધ કરી રાખ્યો હતો હવે ઠીક થયુ કે તુ મળ્યો સવારે સર્વ લશ્કરને તારે સ્વાધીન કરી હું હવે નીરાંતે આરામ લઇશ તું જ્યાં ફતેહ કરી ગીરનારની ગાદી ઉપર બેસી વિજયની ધ્વજા ચડાવીશ તે જોઇ હર્ષિત થઇ તને પોશાક આપી અમીર થઇ દેશમાં જઇશ

દેશળજી—વાહ ! એમ આપ તન મન ધન વારી નાખો અને તમામ લશ્કર મને સોપી આપો તેમા આપણે કદી પણ ફતેહ પામીએ નહીં, હું આપને કેટલીક યુક્તિઓ બતાવીશ, અને તે પાર પાડવા માટે આપે છેવટ સુધી મદદ કરવી જોઇએ

સિદ્ધ—તો તેમ કરવા આપણી ના નથી, પણ ભાઇ દેશળજી તે યુક્તિ શુ !

દેશળ—યુક્તિ એટલી જ કે, હું દરવાજે વાત કરી આવ્યો છું કે, હુ અફીણની પોઠો લેવાને જાઉં છુ તે જે વખતે પોઠો લઇ આવુ તે વખતે ઉઘાડજે તેથી આપણે આશરે સો પોઠો તૈયાર કરાવી તેમા બે આદમીઓને હથિયાર બંધ ગોઠવી દેવાં અને દરવાજા અંદર જઇ તમામ જણાએ નીચે ઉતરી પડીને અને દરવાજા પાસે જે જુજ લશ્કર છે તેને કતલ કરી નાખવુ, એટલામા પાછળથી તમામ લશ્કર આવી પહોચે એવો બંદોબસ્ત કરો, એટલે તમામ મલી ખેંગારનો મેહેલ કબજે કરી લઇશુ મને ખાત્રી છે કે રા ભાગી નાશી જાય તો નહી તે ચોકસ નીચે આવી લડશે અને તેમા તે મરાશે કારણ કે કીલ્લાની અંદર ઝાઝુ લશ્કર નથી, અને એટલા તે આપણા બહોળા સૈન્ય સાથે ક્યા સુધી ટકશે જો આપણે આ પોઠાની યુક્તિ ન કરીએ અને કદી દરવાનીઓને ખબર પડી જાય ને તેઓ દરવાજા ન ઉઘાડે તો એકડો વર્ષ સુધી પણ આપણુ કાર્ય ન વળે.

સિદ્ધ—વાહ વાહ ! ધન્ય છે ! ભાઇ દેશળજી ! ત્યારે તો આપણે કાલ રાત્રીએજ જઇશુ હુ સવારે ઉઠી સર્વ બંદોબસ્ત કરીશ. તુ હવે આ મારી પાસેના પલગ ઉપર આરામ લે.

(સૌ સુઈ જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ઉપર કોટનો દરવાજો.

પાત્ર—

દેશળજી, દુદો. હમીર, નુરખાં તથા માણસો લાદેલા પોઠીયા અને પાછળથી રિદ્ધગાજ વગેરે લસ્કર

દેશ—(દરવાજા પાસે આવીને) દુદાભાઇ ! એ દુદાભાઇ દરવાજો ઉઘાડો.

દુદો—કોણ ભાઈ દેશળજી કે ?

દેશ—હાઅતો હું દેશળજી અફીણના પોઠીયા લઈ આવ્યો છું.

દુદો—અને ભલે આ લ્યો ઉઘાડીઓ, (એમ કહી દરવાજો ઉઘાડે છે અને એક પછી એક સર્વે પોઠીયા અંદર દાખલા થાય છે)

હમીર—દેશળજીભાઈ ! આજુ એલે તો પોઠીયા પણ મોટા જણાયસેને, માંય એકણના ગોટા પણ માણહના માથા જેવા લાગેસે.

દેશ—બરોબર આ વખતનું અફીણ ઘણું ઉમદુ છે, ને છે પણ વધારે લ્યો હું જરા આગળ જઇ પોઠીયાને કોઠારને રસ્તે હકરાવું

(એમ કહી આગળ જાય છે.)

નુરખાં—અએ અફીણગીર ! ઇશમે કુછ શક લગતા હે કયું કે યે છાંટમે કુછ હલતા હે દેખોતો સહી.

હમીર—હવે એમાં શક તે હાગ ! લેને જરા તકાડી જોઉ (એમ કહી એક છાંટમા ભાલુ મારે છે કે તુરત લોહીની ધાર થાય છે તેથી ચમકીને) દુ ા ! દગો-દગો-દગો

નુરખાં—દગા દગા ક્યા પુકારતે હો, આગુ તો લસ્કર નીકલ પડા, અબલ દેખનેહો કયા ?

દેશળ—(મુન્લી તરવાર નકડક આવીને) આવી જાઓ એટાજી હવે શુ જુઓ છો ? ઘણા દિવસ સુધી એઠાં એઠા ખીચડી ખાધી, પણ આજ તમારૂ અને તમારા હીમાઇની બન્નેનુ માથુ કાલીશ

પ્રવેશ ૩ જો

સ્થળ—જુનાગઢ મધ્યેનો એક વિશાળ ચોક અને ખેંગારનું શયન ગ્રહ.

(એકાએક શોર બકોર સાંભળી રાહખેંગાર પોતાના મેહેલની અંદર નીંદ્રામાં હતો તે એકાએક જાગી ઉઠે છે અને પોતાની પ્રીયા પ્રત્યે કહે છે.)

રાહુખેં—અરે ! આટલું બધું તોફાનથું ! દુશ્મનો કિલ્લાની અં-દર દાખલ થયા પ્રીયા !

રાગ—કામણ દીસે છે અલબેલા તારી આંખમારે.

પ્રીયા દીસો રજા ક્ષત્રી રીતી ધારીનેરે. વાત વીચરીનેરે. ટેક.
ગુર્જરના મહીપતીએ આવી, વગર લડે તે ગયા છે ફાવી,
ફળ લાવીને ઘેરી તેણે બારીનેરે. પ્રીયા વાત. ૧
નગર કોટ ઘેર્યા છે તેણે, ચાલુ કીધી તોપો એણે,
દીઓ રજા હું આવીશ જલદી મારીનેરે પ્રીયા વાત ૨
વગીને પોકડે ગજે, નથી રાખતો કોઇની માજા;
જાઉં હું પ્રીયા હું વરતી, દુખ દીલ ધારીનેરે. પ્રીયા વાત. ૩
ફોજ મેળવી જલદી આવુ, મારક સાથે ગર્જે લાવુ,
લાજ આપણી હાથ ગુરૂ ગીરનારીનેરે પ્રીયા વાત ૪
કદી પડયો હું રણમા નીશ્ચે, સ્વર્ગમા જવુ છે મારે પ્રીતે,
સાચવજે બે પુત્રો, પ્રાણ ધારીનેરે, પ્રીયા વાત. ૫

રાણી—પ્રાણનાથ !

હુમકું છોડ ચલે બન માધું એ રાગ.

નહીંરે જાવા દઉં નાથ અહીયાથી, મુજથી વીખુટા ન પડવા દઉંરે
સૈન્ય નથી કંઇ બળીયું આપણુ, દુસ્મન તો નહીં ફાવવા દેરે;
વણરે મોતે નહીં મરીએ નાથજી, પ્રથમ મુજને મરવા દીયોરે. ૨
સત્વર અહીંથી નાશીને જઇએ, ગુરૂ ગિરનારની ગુફામારે,
ફળતરૂ જળનો અહાર કરીને, મુજ બાળકને જાળવવારે. ૩
રાજપાટ જો જાએ ભલે તમને પણ, હું નહીં દઉં જાવારે,
પ્રીતની રીતમાં કીમત એની, નથી કંઇ પ્રીતમ મુજ મનમારે. ૪

પ્રાણનાથ બળીષ્ટ દુશ્મનોની સાથે હરીફાઈ કરવામા બીલકુલ ફાયદો છે નહીં, આપણું રાજ્ય ક્યાં ! અને તેનુ રાજ્ય ક્યા ! દુશ્મનનુ લશ્કર એટલું બધુ છે કે તેની સામુ આપણુ સૈન્ય એક ઘડી ભર પણ ટકવાનુ નથી. જ્યા સુધી આપણા કીલ્લાની આડય હતી અને દુશ્મનનુ સૈન્ય કીલ્લાની બહાર હતું ત્યાં સુધી આપને તેને ફાવવા દેતા નહી પણ હવે તે દુટો મોહેલની લગભગ આવી પુગ્યા છે અને ગજાવર તોપોના માર શરૂ કર્યા છે એટલુજ નહી પણ આપણી સૈન્યજીન લીલમ અને કડા નાળ પણ તેઓના હાથમાં ગઇછે માટે હે પ્રાણ રક્ષક કૃપા કરીને આ ગરીબ દાસીની વિનતી ધ્યાન લઇ યુદ્ધ કરવા ન જાઓ તો સારૂં. પ્રાણનાથ! (રૂદન કરેછે) અને તેમ છતા આપને યુધ કરવાનો અતીશય આગ્રહ હોય તો

આ દાસીને પણ સાથે લઈ જશો કે આપની અર્ધાંગના આપના દારૂણ યુદ્ધમાં અરધ ભાગે રહી દુશ્મનને મારા હાથ બતાવી યુધમાં અમર કીર્તી મેળવી મારી જનુનીને જેમ આપ નીપું, પરતુ જ્યાં સુધી આમ બેમાનું એક કબુલ નહી કરો ત્યાં સુધી હુ આપને અહીથી આગળ જવા નહી દઉ ! નાથ

રાહખેંગાર—પ્યારી સુવદના શશીવદની, આવા બારીક સમામાં સુરાને સુર દેવાને બદલે આવા ભીરૂ જેવા શબ્દ કાઢી મને શા માટે બાળે છે, શું તેને તુ લાઝીમ છે, તે સાભળ્યુજ હશેજ કે, પ્રિયા કે આગળની ક્ષત્રાણીઓ પોતાના પ્રિયતમને રણક્ષેત્રમાં જવા કેટલા આનદથી રજા દેતી, વળી તને યાદ હોવુજ જોઇએ વાહાલી બાળદગ્ધા, કે જે દાખલો પ્રાચીન વખતથી ચાલ્યો આવે છે કે જે—

દુહો—જનની જણતો ભક્ત જણ, કા દાતા કાં સુર,
નહીતર રે'જે વાઝણી, પણ ન ગુમાવીશ નુર

માટે દુશ્મન સાથે યુદ્ધ કરવા તેને મારા પુરેપુરા હાથ દેખાડવા મને તાકીદથી અને સહ આનદીત મુખડે રજા દે, જો કે અગીઆર વરસના લાંબા અરસામા મારે અને તેને પ્રાચીત વખતે લડાઇ થાય પણ તે નહી જેવીજ, આજનો વખત જુદોજ છે તેનુ બળવાન સૈન્ય આપણને શુ કરવાનુ છે શુ એક કીડી મોટા બળવાન હાથીનો નાશ ક્ષણવારમા નહી કરે ? મોટી ગજાવર ગજી સળગાવવા ફકત એક અગ્નિના તણખાનુજ કામ છે તેમજ રીધરાજના મોટા સૈન્યનો ધાણ વાળવામાં એક ફક્ત હુજ બસ છુ પ્રીયા તારૂ પણ તેમાં કામ નહી અવસ્ય કદાપી તુને પણ સાથે લઇ જવા હું વીચારૂ પણ તેમાં એક બાબતનો વાંધો આવે છે અને તે એ કે કદાપી દૈવ્ય કોપથી મારી હાર થાય અને આ નાશવંત દેહ પોતાની ફરજ અદા કરવામાં પેદા કરનારની પાસે જાય તો વાસેથી આપણા બને વહાલા પુત્રોનુ રક્ષણ કરી યોગ્ય પ્રસગે વેર લેવાનું જો તમે અહી રહો તોજ બને; માટે પ્રિયા તમારા ધર્મ પ્રમાણે કદાચને છેવટનુ મારૂ વચન માન્ય કરવાની તમારી ફરજ અને ભુષણ છે જેથી સાથે લઇ જવા મારૂ મન કબુલ કરતું નથી.

(આમ છતાં પણ રાણકદેવી પોતાની પતીનો પાલવ ઝાલી ઉભી રહે છે અને કહે છે.)

રાગ સારંગ—તાલ દીપચંદી.

(છોડો છોડો રાય કેસનેરે દાસી જાણે તે આપ)

રાણીક—(હાથ જોડીને) સ્વામી મારારે સુલક્ષણા, જોડું આપને હાથ,
કરગરી કહું હું નાથજી, લોને મુજને સાથ. સ્વામી.
રાહુ—પ્યારી રહો ધૈર્ય ધારીને, રટો ઇશનુ નામ,
જેર કરીશ હું વેરીને, કરશુ આપણુ કામ પ્યારી.
રાણીક—સાથે રહી લડુ હોશથીરે, નહી જીવની આશ,
સીહ પેઠે હુ પડુ સૈન્યમાં, કરૂ દુસ્મન નાશ સ્વામી.
રાહુ—સાચું કહ્યુ તમે પ્રેમદા, ધન્ય ધન્ય છે આજ,
રૂડા શોભાવી પ્રીયા માહરી, ગણી જનુનીની લાજ પ્યારી.
રાણીક—નાથ ચાલો જઇએ સાથમારે, લઇ ઇશનુ નામ,
ક્ષત્રીની કુખ શોભાવીએ, કરીએ સીધ કામ, સ્વામી.
રાહુ—ધન્ય હીમત પ્યારી તારીરે, હવે જોને આહી,
સાથે નથી તમ કામ તો, લડવુ એકલા ત્યાહી પ્યારી
રાણી—એમ શુ બોલો પ્રાણ માહરા, ક્યા ગઇ ક્યા આવાર,
ક્રજશો જુદી જો આપથી, મર ખાઉ કટાર સ્વામી.
(રાણકદેવી કટાર લઇ પોતાના ગળાપર મારવા તત્પર થાય છે.
રાહ ખેંગાર તેનો હાથ ઝાલી તેમ કરવા સમજુતી દેતો બોલે છે)

રાગ બનઝારા.

રાહુ—મુજને જાવા દોને પ્યારી.
રાણી—નહી નહી વાત થનારી!
રાહુ—કર લડાઇનીજ તઇયારી, ઘેરી દુસ્મને મેહેલની બારી,
મારૂં દીલડને ઘા કારી, મુજને જાવા દ્યોને પ્યારી.
રાણી—કદી એવુ નહી જો બનશે, સૈન્ય આપણનાને હણશે
નહી કરો મને દુખીયારી, નહી નહી એ વાત થનારી,
રાહુ—ખરો ક્ષત્રીનો બચ્ચો જેહ, કેમ મેહેલમા રહી રહે તેહ,
કરે દુસ્મનની ખુવારી, મુજને જાવા દ્યોને પ્યારી
રાણી—ભલે રાજ્ય જો સઘળુ જાએ, કદી વનમા વાસો થાએ,
ફળ ખાઇને દીન ગુજારી, નહી નહી એ વાત થનારી,
રાહુ—નહી કર તું મનેરે નીરાશ, પુર મારા દીલની આશ;
દે રજા ખુશીથી સારી, મુજને જાવા દ્યોને પ્યારી,
રાણી—નહી નાથ એ વાતજ કરશો, દયા દાસીની દીલમા ધરશો,
કરો આ જીંદગી આ સુખીઆરી, નહી નહી એ. વાત થનારી,
રાહુ—એવા બીકના બોલ ન કહીએ લડવા તણી હીમત દઇએ;
ખરે ક્ષત્રીનો ધર્મ જાણી, મુજને જાવા દ્યોને પ્યારી.
રાણી—તમ વિના હું એકલી નાથ, કહો રહુ હું કેની સાથ,

ચાલો જઈએ જંગલમાં નાશી, નહી નહી એ વાત થનારી
રાહ—નાસવાથી પ્રતિષ્ટા જાએ, દુનિયામાં બે આબરૂ થાએ,
કરો વાત ન એવી નઠારી, મુજને જાવા દોને પ્યારી
રાણી—તમપ્રીતીનું પાનજેહ, કરૂ કોની સાથે હું તેહ,
દુખ ઝાળને નાખો નીવારી, નહી નહી એ વાત થનારી;
રાહ—ખોઉં છત્રીવટ હું આજે, તો તો માતા મારી લાજે,
આખર પ્રીતી છે દુખીઆરી, મુજને જાવા દોને પ્યારી,
રાણી—જળ વીનાનું મીન જેવું, વીના આપના તન છે તેવું;
ખરે થઈ હવે દુખીયારી નહી નહી એ વાત થનારી
રાહ—અમ પ્યારી તું ... ન ... લડવા જાવું મારે ...,
હતે પ્રમાણ પ્યારી મારી, મુજને જાવા દોને પ્યારી
(રાહખેંગાર યુદ્ધ કરવા ચાલ્યો જાય છે)
રાણકદેવી બોલે છે

सोरठो.

नथी रे घाडा गुडीआ, नथी भाळ्या भंडार;
नथी माणी राणकदेवने, केम ओळंभा दे खेंगार.

પ્રવેશ ૪ થો.

સ્થળ—જીર્ણદુર્ગની બજાર.

પાત્ર—સીધરાજ તથા રાહખેંગારનું લશ્કર

(રાહખેંગાર પોતાના મેહેલ ઉપરથી નીચે ઉતરતા ગીરનારની પવીત્ર પર્વતમાંથી ચંદ્રોદય થતા તેના શીતળ કીરણ ખેંગારના મુખ ચંદ્રપર પડતા વાર સીધરાજની દ્રષ્ટીએ ખેંગાર પડતાં તેને ઝેરી તીર મારી રાહખેંગારના આત્માને પરમાત્માની હજુર પહોંચાડી દીધા બાદ લડાઈ બંધ કરી)

પ્રવેશ ૫ મો.

સ્થળ—જંગભુમી.

પાત્ર—સીધરાજ, દેશળજી, વીશળજી અને બીજા લડવૈયા.

સીધરાજ—વીશળજી આ તમારા મામાનું મુડદું સાચવેલા આપણી છાવણીમાં પુગાડો અને હું રાણકદેવીના મેહેલમાં જઈ તેને મારા સ્વાધીનમાં લઉં કારણ કે જો તેને આ વાતની ખબર

તેમ થશે તો તે આત્મહત્યા કર્યા વગર રેહેશેજ નહીં અને જ્યારે બને ત્યારે બાર વર્ષની અથાગ મહેનત ઉપર પાણી ફરેજ.

વીશળ—હા કાકા, આપનુ કહેવુ યથાર્થ છે પરંતુ મારી વીનતી આપ ધ્યાનમા લ્યો તો હુ અરજ કરૂછુ કે આપ આર્પનું પાટણ છોડી આંહી આવી રહે આજે ૧૨ વરસ થયાં તોપણ જુનાગઢના કીલ્લામા આપ દાખલ થઇ શકેલ નથી તે મુજબ આ રાણીકદેવી ॥ મેહેલમા દાખલ થવાને આપને પુરેપુરાં બીજા ૨૪ વશ જોઇશે; માટે તે નાકાદથી આપે તેના મેહેલમા દાખલ થવુ હોય તો દેશળજીને સાથે લઇ જાઓ કે તે કઇ પણ યુકતી કરી બાર ઉઘડાવશે.

દેશળ—હા ? કાકા, વીશળજીનુ કેહેવુ ખરૂ છે, હુ આપની સાથે રહી કઇપણ યુક્તીથી રાણીકદેવીનો મેહેલ ઉઘડાવી દઇશ પરતુ ત્યાં આપે યાદ રાખવાનુ છે કે રાહખેગાર મરી ગયેલ છે એ વાત ત્યા કેહેવી નહી પરતુ તેને જીવતા કેદ કરેલ છે એવુજ જણાવવું, નહી તો રાણીકદેવી સતી છે તે એકાએક શ્રાપ દઇ આપણને ખાખ કરી દે

સીધરાજ—બરાબર દેશળજી તમારી યુક્તી ઉચીત છે માટે ચાલો તેમજ કરીએ

પ્રવેશ ૬ ઠો.

સ્થળ રાણકદેવીનો મેહેલ.

પાત્ર—રાણકદેવી પછીથી સીધરાજ, દેશળજી અને પછીથી રાહખેગારનો પુત્ર.

રાણી—રાહખેગાર તીરસ્કાર કરી ગયા બાદ રાણીકદેવી તેની જીદગી માટે પ્રભુ પ્રાર્થના કરે છે

રાગ દીંડી.

કરો રક્ષા પ્રભુ દુસ્મનોને મારી, મેહેર આણી મુજ નાથ દો ઉગારી;
મેહેર કર પ્રભુ પુત્ર તુજ પ્યારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૧
દયા આણુ પ્રભુ બાળકી હુ તારી, સ્તુતી શુ કરૂ હુ અલ્પમતી નારી;
રણે થઇ દશ મમ પતીનો વારી, વીજયશાળી નાથ મોકલો મોરારી.૨
અસહ સકટેથી પાડવોને તાર્યા, થઇ સારથી તે કૌરવો સહાર્યા,
પળમાહી પ્રભુ દુખડો નીવારી, વિજયશાળી નાથ મોકલો મોરારી. ૩
કરૂં સ્તુતિ પ્રભુ ધ્યાન જરા દેજે, અલ્પ સ્તુતિ ઘણી માની હરી લેજે;
જીર્ણદુર્ગ મધ્ય વીજય દે પુકારી, વીજયશાળી નાથ મોકલો મોરારી. ૪

(નીચે કઇ અવાજ થતો સાંભળી બોલે છે.)

सोरठो.

कमण [illegible] कंमाण मढी छे राणीकदेवीनी,
जो जाणशे राखेंगा , अटक कानज ओडशे.

દેશ—મામી એ મામી, બાર ઉઘાડો હુ તથા મારો મામો—દુશ્મનોને મારી જીત મેળવી આવ્યા છઇએ.

રાણી—કોણ દેશળજીકે મે સાંભળ્યુ હતુ કે તમો દુશ્મનોને મળી ગયા છો ? અને રખેને ફરેબથી મને ફસાવવા ધારતા હો માટે જો મારા પ્રાણનાથ મને બોલાવશે તોજ હુ ઉઘાડીશ !

દેશ—મામી તમારૂ કહેવુ ખરૂ છે હુ દુશ્મનોને મળી ગએલ; પરતુ તે એટલા માટે કે જો તેમ ન કરત તો દુશ્મનો મરાત નહી અને ઘણા દીવસ સુધી આપણને અને આપણી વસ્તીને હેરાની ભોગવવી પડત. વળી મામા મારી સાથે છે પરતુ તેને સીધરાજના હાથનો એક સખ્ત જખમ વાગવાથી આ વખત તે બેભાની અવસ્થામાં છે માટે તુરત બાર ઉઘાડા કે મામાની સારવાર થાએ.

રાણી—એમ છે ત્યારે લો ઉઘાડુ

મેહેલનું બારણું ઉઘાડે છે ત્યા રાહખેગાર નહી પણ સીધરાજ મેહેલમાં દાખલ થઈ રાણીકદેવીને કહાલીગન દેવા જાએ છે ત્યા સીધરાજને જોઇ રાણીકદેવી મુર્છાગત થઇ પડે છે તેને—

સિધ—પ્રિયા

રાણી—(પ્રિયા શબ્દ કરણે પડતા સીહણીની માફક કુદીને) પ્રીયા કેહેનાર પાપી ખશ દુર અહીંથી.

સિધ—હે કોમળાગી, હે કામકદળી, હે સુવદના. શા માટે ગભરાય છે સોરઠ જેવા મોળ ભાગની પટરાણી કરનારે અને તારી સાથે પ્રથમથી સગાઈ થઈ હતી તેજ હુ સીધરાજ

મુક પૂળો તારા રાજમા અને પાટમાં

રાણી—અરે દુષ્ટ આવુ બોલતા તારી જીભ કેમ નથી કપાતી. દેશળજીને કહે છે—

ગુરૂ ગોવિંદના મહિનાનો રાગ.

દુષ્ટ દેશળ વીર કહુછુ તુજનેરે,
કર્યાં ભુડા મારા હાલ, ફટ છે તુજનેરે,
તારા મામાના લીધા પ્રાણ, કુલ લજાવ્યુરે,
મળી કાકાને આજ, વેર વળાવ્યુરે;
માર્યાં દુદો ને હમીર, દગો દઇનેરે,
[illegible]ઘડાવ્યા દ્વાર, ખોટુ કહીનેરે.

સિધ્ધ—તારે આટલું બધું બળ બનાવવાનુ નથી યાદ રાખ કે તારા ધણીને મે કેદ પકડ્યા છે જો તું મારા સ્વાધીન થઇશ તો હું તેને છોડી દઇશ નહીતો કટકે કટકા કરી નાખીશ ને પાછુ મારે છે.

રાણી— **सोरठो.**

फडवानी पाडुमां मार, खंगारना खाधेल नहो;
तने गोजडीओना हार, सिधराज तारा शोभे नहो.

રાણી—ભલે દુધ પૃથ્વી કેમ રસાતાળ નથી જતી, સુર્ય કેમ આથમતો નથી ઉગતો પણ હું હવે એક વખત રાહખેંગારની કેહેવાઇ તે ફરી તારે સ્વાધીન થવાની નથી તું ભલે મારા આજ વખતે કટકા કરી નાંખ પણ મારા પ્રાણનાથને ઉગાર એટલી મારી વિનતી છે.

છોકરા—મા મા આ કોણ છે ? તું કેમ રુએ છે કેમ બોલતી નથી, બાળકભાઇ મારા દાદા ક્યા છે અને આ અજાણ્યો માણસ કોણ છે

સિધ્ધ—(ગુસ્સામાં) સીપાઇ આ છોકરાને અહીંથી લઇ જાઓ (રાણીકને) કેમ માને છે કે નહીં નહી તો તારા છોકરાનો નાશ કરીશ.

રાણીક—છોકરાના તો શું પણ આખી પૃથ્વીના બલકે મારા પ્રાણનાથના નાશ કરો તોપણ હુ મારૂ સતીત્વ છોડનાર નથી

સિદ્ધ—ઠીક છે ત્યારે, (સીપાઇના હાથમાથી કુવરને પડાવી તરવારથી તેના બે ટુકડા કરી નાખે છે ને કેહેછે)

રાણીક—(અતીશય આક્રંદથી) અરે ઘાતકી સિધરાજ.

(અતીસ્ય રુદન કરી)

(રાગ) મારી વાલી તું થાને શાંત.

દુખદરીયામા નાખી એ નાથ, મારથી કેમ જીવાએ.
રોઇ રાઇને રેવું આડી, વીના મોતે કેમ મરાય.
આપ જાશે અવની વીશે, પડુ અંધારૂ ઘોર,
તુજ ભ્રાતા બહુ વલવલે, કરે મળવાને બહુ શોર મારાથી,
પ્રેમ અતીશય રાખતો, દીકરો પુત્ર દયાળ,
ચીંતા મારી રાખતા, હવે લેશે કો સભાળ. મારાથી.
સોરઠ પ્રજાના હાથથી, ગુમ થયુ છે રતન,
બીન્ન ભાવ નહી લાવતા, કરે કેનુ હુ તો જતન મારાથી.

સીદ્ધ—વધારે રડવુ છોડી દે તુ જાણતી હઇશ કે તારો પતી મારી રૂબરૂ કેદ છે પણ નહી તેનો પાપી આત્મા ઘણો વખત

થઈ જગકર્ત્તાની હજુર પોહોંચી ગયો છે. માટે જો તું મારે સ્વાધીન થઈશ તો તારા મોટા પુત્રને હાથે તેની ક્રીયા કરવા આજ્ઞા દઈશ અને આ સૌરાષ્ટ્રની ગાદી પણ તેનેજ આર્પીશ, માટે હજી માન.

રાણીઃ—હર હર વીશ્વરા!!!

(રાગ ઓધવજીનો સંદેશો)

કઈ રીતે પ્રભુ ધીરજ ધરી બેસું હું,
ભડ ભડ દીલમાં ભડકા દુખના થાયજો,
કેર થયો છે અનીશે આ અવની વિશે
ફેલી છે આ દુખની મોટી વેલજો,
પ્રાણ તણો પ્રાણ છોડીને ક્યાં ગયા
દયા ન આવી મુજને કરતા નીરાશજો,
કોનેરે આધાર રહીશ હું નાથજી
શાન્તી કેવી રીતે દીલની થાયજો.
પ્રજા બધી તલફે આપ વિયોગથી,
વિના પાણીનું બનીયા જેવું મીનજો
કેમ કરી આ જીંદગી પુરી તો થશે,
દુખ તણી તો રાખી નહી કશી સીમજો.

હે દયાળુ પ્રભુ હે જગતકર્તા જગદીશ્વરા ઓરરે! કેટો મેં તારો શો અપરાધ કર્યો છે? અરે પતી અને પુત્ર મારા દુખના વીસામા! મારા નોધારના આધાર! મારી જીવન દોરી! તુ પણ તારા પોતાની સભાળ લેવા તારી નાની માનાને મુકી ચાલ્યો ગયો હાય! હાય! હાય.

રાગ રસીલી તારી સુરત.

પુત્ર રતન તો પ્રાણથી પ્યારુ, તે પણ જીવનું છેજ આધારૂ,
સુખડુ સર્વ ગયું છે મ્હારૂ, સંસાર દુખ લાગે છે ખરૂ.
માતુ માતુ કરી કોણ હવે આવે, જનુની કેરા જખમ રૂઝાવે,
નાથ અને પ્રીય પુત્રજ જાવે, અન્યોદક શી રીતે ભાવે,
વૈરીનો કરશે એ નાશ, દીલમાં હતી એવી આશ,
હવે થઈ છુ તદ્દન ઉદાસ, કે'વુ મ્હારે કોની પાસ.

(સાહીયર દુખ શું દાખવું—રાગ.)

કરમ ફુટયુંરે મ્હારૂ આજથી, ખોયા રાયને રાજ;
ગઢરે જુનો સુનો થયો, જાતા કરી હાસ્ય રાહખેંગાર. ૧
મંદ મુખથી બોલતા, કરી હાસ્ય વિનોદ,
એ સઘળું તે એળે ગયું ગઇ દુસ્મન હાથ. ૨

સુંના મંદિરમાં પોઢતાં, લઇ પ્યારીને પાસ;
એ ઘડ કયાં હવે રડવડે, ખરે થઇછું નિરાશ.
એક જોંતાં એકવીસ મળે, ધરે જુમી ન ભાર,
એ ધડ કયાં હવે રડવડે, દુખનો નહી પાર,
જે નારી કો નીરખે નહી, નખ કો ન પામેલ ૪
તેરે દુશ્મન હાથે ચડી, કર્મ થયુ છે સામેલ,
ઓ નાથરે આવી મળો, દો દરશનનો લાભ
દાસી તમારી રોઇ મરે, ધીક ધીક અવતાર ૫

સિધ—કેમ સ્વાધીન થાય છે કે નહિ, હા હજી વધારે દુ:ખ વેઠવું છે ! માટે કોમળાંગી ચાલ મારા કમળ મેહેલમાં ને કર મઝા.

રાણીક—અરે ધાતકી ચંડાલ ! ! ! (મુર્છા ખાઇને પડે છે તે ઉઠતા ઉઠતા)

ફેર વગતાયો બાંડુ નળીરે (૨)
કોટી કોટી ગુનામા પડ્યો છે તુ આજ. દુષ્ટ તુ દુર

સાખી.

દયા હીંણુ દયાળ, જાવુ મારે ક્યાંહ,
દુખ દરીઆની માય ઉભી છઉ,
ફર સાય પતી માગ, ખેંગાર પરણ્યા છે ત્યાય,
અનગ બળે અંગ માય દુષ્ટની છે છાય દુષ્ટરે.
છોડીન ચાલ્યા ગયા, હશો તમો તે ક્યાય
જે સ્વર સાંભળી માહરો તો દોડી આવો આય
દ્વાર દેખાવુ શામની, જાવુ મારે ક્યાય
નીર્મળ વનુ નીર છે હુ પડુ નેહની માંહ દુષ્ટરે

લલીત.

અરર નાથરે શુ હવે થશે દીવસ માહરા કેમરે જશે.
દીલ ઉદાસ તો કેમરે ઠરી, પરમ પ્રાણરે ક્યા મળુ ફરી,
શયન અહુ આ સુનુંરે થયુ જીવન માહરૂ કેમરે ગયુ.
જઇશ ક્યા હવે બેસવા ફરી, પરમ.
દીલથી પ્યારી તો કો હવે કહે, દુખ બધુ હરી કોણરે લહે;
થઇ અભાગણી દુખની ભરી, પરમ
શયન જોઇને શોકતો થશે, હૈડુ માહરૂ હાથથી જશે.
અરૂ. ધીક છે તારને જરી. પરમ પ્રાણ,
અરર આખથી આસુઓ ખરે, મનડુ માહરૂં હાથ ન રહે;

મરીશ હુ હવે આ હરી હરી, પરમ પ્રાણને કયાં મળુ ફરી.

અરે દુષ્ટ તું મને ના અટક, હાય ક્રૂર ઘાત, દેશળ તુ તારૂ મો મને ના બતાવ અરેરે તને આ તારા નાના ભાઇની પણ દયા ન આવી, હાય હાય, ઘાતકી દેશળ તુને કીલ્લા બહાર જતાં કાળોતરો કેમ ન ડસ્યો અને તુ કેમ ન મૂવો અરે જેનુ તે નીમક ખાધુ તેનુજ ખોદયુ અરેરે મે દુધ પાઇને આ વીશધરને ઉછેર્યા તુ તારૂ કાળુ કર અને હજી જો કંઈ શરમ આવતી હોય તો આ દુષ્ટને સમજાવ—પ્રાચીન-કાળનો દાખલો તે પાછો સજીવન કર્યો ભાણેજ થઇ મામાનો પ્રાણ લેતાં ન અચકાયો

સિધ્ધ—(વિચારમા પડીને) હા ખરેખર મારી પ્યારીનુ કહેવુજ યથાર્થ છે આ દુષ્ટે જેવી રીતે એના મામાને દગો દીધો છે તેવીજ રીતે મને પણ દેશે ખરે મારો અર્થ સાધવા મે તેને આશ્રય આપેલ પણ હવે તેને પાસ રાખવામા માલ નથી નીતિશાસ્ત્રમા કહ્યુ છે કે—

श्लोक.

विश्वासः प्रातिबंधनां येनर विश्वासघातिनः
तेनर नरकेयांति यावतचंद्रो दिवाकर ॥

અને તેટલાજ માટે તેનુ આ વખતજ નીકંદન કરી નાખવુ એ વ્યાજબી ને ઉચીત છે પણ તેની બાબતની જો તેને ખબર થઇ તો તે પણ ક્ષત્રી બચ્ચો છે, અને અહી હાલ હુ એકલોજ છુ અને એક સિપાઈ છે તે પણ બહાર છે માટે કંઇપણ ઉપાયથી તેને ફંદ-બમા ફસાવી પકડવોજ એ સલામતી ભર્યું છે માટે (વિચાર કરીને) સીપાઈ

સીપાઈ—જી હજુર

સિદ્ધ—સીપાઈ—મારી પ્યારીના કહેવા મુજબ એ વિશ્વાસ-ઘાતકી દેશળજીને ઉપર કોટની ધકા બારીયેથી ફેંકી દો—ફેંકી દેતાં અ-વલ તેનુ નાક હજામ પાસે કપાવી તેને અવળા ગધેડાપર બેસાડી આખા શેહેરમાં ફેરવવા ચુકવુ નહી અને તેજ મુજબ પેલા નીમક-હરામ વીશળજીનુ પણ કરો એટલે મારી પ્યારીનુ દીલ શાન્ત થાય.

રાણકદેવી—બસ ચંડાલ બસ, હું તને હજાર વખત કહું છું કે તુ મને પ્યારીના ઉપનામથી ન બોલાવ પણ પુત્રીના નામથી બો-

લાવ તું રાજા છે અને આ દેશનો અધીપતિ હવે તુજ છે અને જ્યારે તેમ છે ત્યારે હું હવે તારી પુત્રીછુ માટે પુત્રી પર મેહેર રાખ, હું તને હાથ જોડીને કહુ છુ કે મારા એક છોકરા સાથે જવા દે હું મારો નીરવાહ બીહા માગી ચલાવીશ, અરે, તુ રાજા થઈને અને સર્વનો પિતા ગણાઇ આ તારી ધર્મની બેહેન તરફ રાજા તરીક નારા ફરજદ તરફ કેમ નથી જાતો

અંધ કીલો બાપુ શું છે કામ એ રાગ.

રા—દુર અહીથી થાનેરે બોટી ધરી બેઠા આ શુ હામ,
સી—કેદ તુને કરવા રે, પ્યારી કરવાનુ છે કામ,
રા—દુનીયા દગાબોર પાપી દુષ્ટ, થાવાનુ નહી તારુ કામ દુર
સી—હકજ સઘળા છોડીજ દેની, મને અટકાવા કેની છે હામ કેદ.
રા—મારા પતીથી તુ મેળવ મુજને, એવી રાખીને બેઠીછુ હામ દુર.
સી—તારા પતીને તુ મળીજ ચુકી, એવા દુષ્ટનુ લે નહી નામ કેદ.
રા—પ્યારી તારીની પુરણછે પ્રીતી, તારી બેનીનુ ન લેજે નામ દુર.
સી—રાજ આ સઘળુ સોપુછુ તુજને, રાખી સર્વ તારીછે ગુલામ. કે.
રા—રાજ તારાન શુ કરવુ છે મારે, કાપડુ તો આવે એ કામ દુર
સી—મુજ માટે મારે સ્વાધીન થાને પ્યારી કરવુ ઘટે નહી આમ કે,
રા—મારા પતીને પુર્યા છે કેદમા મુક છુટાને લે મારુ નામ દુર
ત્રીથી પાચો બલાદુરી તારી ધીક આપુછુ તને શાપ દુર

સીધરાજ—ચુપ ચુમ એ બકવા છોડી દે હાલ તુ નહી માને એમ લાગે છે માટે ચાલ હાલ તો તુ પાટણ પછી જોઇશ

(એટલામા દેશળજી તથા વિશળજીને મુનકે ટાટ બાધી મેહેલ નીચેથી લઇ જાય છે તે વખત દેશળજી બોલે છે)

દેશળજી તથા વીશળ—હા ! પરમેશ્વર મેં પ્રથમથી કઇ પણ વિચાર ન કર્યો અરે આ સોરઠની આખી પ્રજાને તેમજ આ ગરીબડી સ્ત્રીને મેજ કરાવી, ધીક છે મારા અવતારને આ કરતા કદી એક પથ્થર થયો હોત તો પ્રજાનું રક્ષણ કરનાર કીલામા સમાઇ લોકોને ઉપયોગી થઇ પડત ! આ બધી ખરાબી કરનાર કોણ ફક્ત દારૂ—દારૂ—દારૂ.

બેત—

' ૮ આ દારૂ દારૂ કેવી તારી ચાલ, મ્હોટા સુરવીરને કરે બે હાલ;
કજીઆ કુસપને કલેશનો વધારનાર, પીયે જે દારૂ તેને છે ધીકાર.

સિંધરાજ—(બારીયેથી) સીપાઇ, એને જલદી ધકેલ બારી-

માંથી ફેંકી આવો કે જેથી દુનીયાં ધડો લેકે નીમકહરામી કરવામાં કેટલો ફાયદો છે, અરે (પોતાની પાસેના સીપાઇને) આ દુષ્ટ હઠીલી સ્ત્રીને રથમાં બેસાડી આપણી છાવણીમાં લાવો અને તુરત છાવણી ઉઠાવો, તેટલામા હુ શેહેરનો યોગ્ય બદોબસ્ત કરૂ છુ

સિપાઈ—ચાલો બાઇ સાહેબ

રાણી—અરે દુષ્ટ દુર રહે, મુક પુળી તારા બાઇ સાહેબના સબોધનમા ચાલ હુ તારી પાછળ ચાલીજ આવુ છુ

રાણકદેવી ગીરનારનો પવીત્ર પર્વત ઉતરતી જાય છે અને હૃદયભેદક વચને વિલાપ કરતી ચાલી જાય છે,)

सोरठो.

ऊतरीय गढ गिरनार तनडुं आव्युं तळाटिये;
वळतां बीजी वार, दामाकुंड नथी देखवो.

(પછી ધારાગર નામની વાડી પાસે આવીને બોલી)

सारठो.

चंपा तुं क्यां गोरियो, थड मेलुं अंगार;
मोहोरे कळियुं माणेरो, मार्यो राहखेंगार.

પછી ગીરનાર પર્વતને જોઇને બોલી—

सोरठो.

ऊंचो घढ गिरनार, वादळीथी वातु करे;
मरतां राहखेंगार, खरेडी खांगो नव थयो;

सोरठो.

गोझारो गिरनार, वलामण वेरीने कियो.
मरतां राहखेंगार, खरेडी खांगो नव थयो. શિખરો પડે છે.

सोरठो.

म पड मारा आधार, चोसलां कोण चडावशे;
गया चडावण हार, जिवतां जातर आवशे.

રાગ આશાવરી જોગીયો.

છોડીને જાઉ એકલી, પ્યારા તુજ પાસ પ્યાર,
છોડીને પ્રીતમ પ્રાણને, સાથે હરી આ વાર,

ધિક ધિક ગિરનાર હો, પડયો નહીં આવાર,
રડાપો રાણકદેવીને, મરતાં રાહખેગાર (શિખરે પડે છે)
પડ ન પડ આધાર તુ, જીવતાં જાવ સાર,
રડાપો રાણકદેવીને, મરતાં રાહખેગાર
દુષ્ટ મયુર તુ શુ કરે, મધુર સ્વર આવાર,
રડાપો રાણકદેવીને, મરતા રાહખેગાર
બાળે છે મુજ મન તુ, બળજો તારી જાત,
રડાપો રાણકદેવીને, મરતા રાહખેગાર
પ્રણામ વાહાલા પાટનને, પ્રણામ છેલી વાર.
રડાપો રાણકદેવીને, મરતા રાહખેગાર
પ્રણામ ગુરૂ દતાત્રી, પ્રણામ અબા માત,
રડાપો રાણકદેવીને, મરતા—રાહખેગાર
પ્રીતમથી મેળાવ પ્યારીને, માતા મારી સાર,
જુગો જુગ જોડલુ, રાણીક રાહખેગાર.

(ઉતરી જાય છે.)

(સોરઠ પ્રજા રાહખેગાર અને રાણકદેવીના ગયાબાદ દીલગીરી કરે છે)

મરસિઆ.

આશો જુલ્મ જુલાણુ પર કર્યાં, રાય રાહને પ્રભુ તેં પરહર્યો રે
હાય હાયરે આશો૦
રૂવે સોરઠી પ્રજા આ તમારી, તેને કેમ દીલે નવ ધારી;
કીધી ચાલતી સ્વર્ગમા સવારી, રે હાય હાયરે, જુલ્મ૦
રાય રાણી રૂવે રણવાસે, દાસ દાસી રૂવે છે અવાસે,
હાથી ઘોડા ઉભા છે ઉદાસે રે હાય હાયરે જુલ્મ૦
પશુ પક્ષી અતીશે રૂવે, મેઘ મડળેથી આસુંઆ ચુવે
પ્રજા સોરઠની સુખે ન સુવેરે, હાય હાયરે, જુલ્મ૦
નાના બાળ એ સામું ન જોયુ. તેણે રોદાને અગવસ્ત્ર ધોયુ.
કેમ શોકનુ ઝાડ રાજ બોયુ, રે હાય હાયરે જુલ્મ૦
કયાથી આવ્યો આ સીધરાજ પાપી, દીધી રાહની ગાદી ઉથાપી.
સુખ સોરઠનુ નાખ્યુ કાપી રે હાય હાયરે જુલ્મ૦
ધરે બાલે પ્રજા દીલગીરી, રાય તારી વાંસે લે ફકીરી,
દીલુ ધારે ન વસ્ત્રો અમીરી, રે હાય હાય હાયરે જુલ્મો૦

પ્રવેશ ૭ મો.

સ્થળ—વઢવાણ નજીક ભોગવા ઉપર સિધરાજની છાવણી.
માંનો રાણકદેવિનો ખાસ તંબુ.

રાણિ—એકલી એક કોચ ઉપર બેઠી બેઠી.

રાગ આશાગોડી.

લાજ રાખો પ્રભુ મારી, સંકટ સમયે લાજ રાખો પ્રભુ મારી;
ગુર્જરના મહીપતીએ આવી, મુજ નાથને નાખ્યા મારા. સંકટ.
મુજને ફસાવી આડી, છુટયાની નથી બારી સંકટ.
તુજ બચાવે તોજ બચ્યુ હું, નહિતર થઇ દુખીઆરી સંકટ.
સત્ય પતીવ્રત રાખજે મારૂ, પ્રભુ હું બાળકી તારી સંકટ.
સતી ધરમને કારણ હુ તો, જીંદગી તજુ હુ મારી. સંકટ.
પ્રાણ પડે કદી મુજ ધર્મ માટે છો પણ જાઉં ન હારી સંકટ.
સાહે થજે તુ સુકૃત્યે મારા, લેજે પ્રભુ તુ ઉગારી, સંકટ.

(સીધરાજ એકદમ પ્રવેશ કરીને)

સીધરાજ દીંડી.

પ્રીયા માન જરા માન કહ્યુ મારૂ, કેમ ખુટયુ છે આયુસ્ય પ્રીયા તારૂ,
નથી કોઇ તુને હવે બચાવનારૂ, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં;
હજી વખત ઘણો છે વિચારી જોને, પછી પ્રીતી કેરૂ પાન મને દેને;
પ્રીયા પ્યાર હજી દીલમા હુ ધારૂ, પ્રીયા માન જરા માન કહ્યુ મારૂં;
વખત નથી હવે અવળુ થયાનો, નથી વખ્ત મારે તુજપરે દયાનો;
હજી માન ધરતુ કાન વાલ વધારૂ, પ્રીયા માન જરા માન કહ્યું મારૂં.
ખુશી કરૂં ખુશીકર બહુ તુને, દીલ ચડાછે આનંદ જુસો હુને,
દઉ દોલત માયાને પીડ સારૂ પ્રિયા માન જરા માન કહ્યું મારૂ

પ્રીયા—ઘણી વખ્ત હું તુને કહી ચુકયો અને ધારૂ હવે તારા સ્વદેશનો જુસ્સો તારા દીલમાં કવચીત રહયે' તુ ખુશીથી મારી સાથે પુનરલમ કર અને ગુજરાત શની પટરાણી થા અને સોરઠ તારા પુત્રને સોંપી'

રાણીક—પાપી

(રાગ પીયુને તજ

શુંરે કહુ દુષ્ટ તુને શરમ
કાયર થઇરે તુને કુળ
પુત્રીવત તારી ?

નફટ નિરલજ જરા મનમાં લહે
પ્યારી કેના જીભ તારી કેમ ના તુટે,
પ્યારી કેનાં આયુશ તારૂ કેમ ન ખુટે,
જીભ તારીમારિ ઉગો કટક સાર,
ધીક ધીક તારો જાન્મે એળે અવતાર
ભલે સુર્યોદમ પશ્ચીમમા થાએ,
ભલે કદી સમુદ્ર માજા મેલીને જાયે,
ભલે કદી નક્ષત્ર સૌ પૃથ્વીમા પડે
ભલે કદી ચંદ્ર સુર્ય પૃથ્વીને અડે,
સતી ક્ષત્રાણીની તણી રાખીશ મા આશ.
એથી થશેજ તારા જીવનો વિનાશ
ધર્મના પીતાજ તુ પુત્રીથી રેજે દુર,
તાત મારા તુલ્ય તુતો થા નહી ક્રુર

પીતા તુલ્ય રાજા હુ પણ તને વિનતી કરીને કહુ છુ કે મને હવે વધારે વાત ન છેડ હુ સતીને એમ ધારે છે કે મને જે જુસો મારા પવિત્ર નગરમા હતો તે આજે નહી હોય, ના ના તે વિચારનો ખ્યાલ તારે સપ્રે પણ નજ લાવવો મારા પતીવ્રત જુઓ મારા મરણ પછી મારી આત્મા પણ બળ બળશે અને તારો અંત આવમા સુધી તારો પીછો લેવા છોડશે નહી

સિદ્ધ—સહનશીલતા રાખ તુ માનીરાજ નહી એન મને ખાત્રી છે કુળ નીકદન કરવાર તેની ચાપજે સ્વાદ, સીપાઇ રાહખેગારના પુત્રને લાવો (સીપાઇ જાય છે)

રાણીક– કસાઈ! તુ મને કુળ નીકદન કરનારની ઉપમા આ-છે? શુ મારા નીર્દોષ પુત્રોના શબો મારી નજર આગળ પડતા જો સતી ધર્મ ચુકુ ના, ના એ તો તુજ મારા કુળ નીકદમ પા અને તેજ પાપે તારૂ કુળ નીકદન થશેજ.

અધીવાનની તોલામા દાખલ થાય છે

—વાહાલી માતા!!! મારા સ્વર્ગવાસી પીતા!!!

ાપક પુત્ર (રાણીકદેવી, પોતાના ગળા સાથે પોતા કે્દે છે અને સ્તનપયથી પોતાના પુત્રને

પોતાની મમતાળુ માતાને કહાલીગન કરી નાખવા જાય છે ત્યા,

રાણીક—(ગળગળે સાદે) એ નીરઅપરાધી પશુને (ડસકાં ખાતી) વધ હત્યારાની પેઠે કરવા (ડસકાં ખાતી જાય છે મારા કટકે કટકા કર પ્રથમ મારા હાથ કાપી જો આખ ફોડી જા, (ડસકા ભરતી) કાન કાપ મારી દરેક આંગળીમાથી જીવતાં નખ છોટ અને મુને રીબાવીને મારી પરીક્ષા લે કે મારો પ્યાર મારા સ્વામી તરફ છે કે ડગે છે)

માણેરા—માતા મારા છેલ્લા પ્રણામ મારી હેતાળુ માતા મારી મમતાળુ મા તે મારા ઉપર કરેલા ઉપકારનો કીચીત માત્ર પણ બદલો ન આપતા અને પીતાજીના વશનો નાશ કરતો હુ મારા પીતાને મળવા જાઉ છુ માતા મારાથી કંઇ માતુ ભક્તિમા ન્યુનતા રહી હોય મારી વીવેકી માતા મારી તરફથી તુને કઇ કડવા વચન કેવાયા હોય તેની ક્ષમા કરજે માતા માતા (બોલવા જાય છે ત્યા)

રાણીક— **ગિતિ.**

પ્રીય પુત્ર માણેરા, ક્ષત્રી જાતિ કદી નહી ડરીયે ?
મરતા છેલી વારે, પણ વીના નહી મા મુખથી કહીયે

રાણીકદેવી—ઓધવજી સંદેશો કહેજો શામને એ રાગ.

માણેરા તુ રો મા પુત્રજ મારા,
કુળમા કાળું લાગે કલંકજો માણે૦

મરતા વાલા માને ન સભારીએ,
એવા આપણા લગ્યા વીધીએ લેખજો,
કામ નથી તારૂ શીખામણ શુ કઉ,
અમર રાખવુ પુત્રજ આપણે નામજો માણેરા૦

તુજ માતાનુ શિયળ આમ સચવાવવા
કુવર ફોટીલા આવો છો ત્યા કામજો,
રોઇ રોઇ રાતી આખડીઆ કા કરે.
છાતી મારી ફાટે છેલી વારજો માણેરા૦

સ્વાધીન થા મુરે મોદે સમશેરને,
નમેરીને દયા ન આવે નક્ષભારજો
બેટા તારા બાપ મને તો સભારે,
નથી રાખવુ અહીયાં એનુ નામજો
શુરવીર થઇ તે ધરમ તેનો સાચ
તુજ પછવાડે મરૂં કાઢી પ્રાણ
હવી નાનો આવ્યો તે કા

તુતો કેમ ગભરાઓ મારા પ્રાણુજી. માણેરા०
એતો એક શબ્દ બોલ્યો નથી;
ભુંડા તુતો એથી મોટા ભાઈજી. માણેરા०

सोरठो.

माणेरा तु भरोय म कर राती आंखडी;
कुळमांय लागे खोड, मरतां मा न संभारीये.
जमणीरे भांगी बांय डाबी न छोडीये;
मरतां राखेंगार जीव जुवे जुवो न जोडीये.

માણેરો—માતુશ્રી હુ મરવાને ડરતો નથી પરતુ આ વાતને સીધરાજ મને બધીવાન કરી મારે છે અરે ! એક જોરાવર સીંહ પાંજરામા પુર્યા પછીથી તેનો નાશ કરે છે સીધરાજ જેવો બળવાન રાજા ફકત મારા એકલા સાથે યુધમા ઉતરી મારા હાથ જોતા અને પછી હુ મરત તો મારૂ દીલ સ્વર્ગમાં પણ સતોષ માનતકીપ સીધરાજ જેવો ચડાલ ગુજરાતનો મદીમની એક બાયલા અને હીચકારાની માફક કૃત્ય કરે છે.

માર માર તરવાર એ—રાગ.

માર માર સીધરાજ ઉભો જુએ છે શુ (૨)જુવે છે જુવે છે જુવે છે શું
શુરે કરૂ બાધ્યો છે મુજને, નહીતર ઉભો જીવેરે શુ, માર.
મારા પીતાને તેજ માર્યા છે માટે તુજને મારૂરે હુ, માર.
દુનીયામા તો એમ કેવાશે, બાધીને માણેરો માર્યોરે શુ. માર.
લઈ અવતારને કામો કર્યા શુ, છેતરી સર્વે માર્યારે શુ. માર.
...સ્યમાં તો એમ ભાખ્યુ છે, કામો ખોટા કરેરે તુ. માર.
...ઈને તુ હમણા જાને, નહીતર તુજને મારૂરે હુ. માર.
... છે આ દેવડીથી, મરજે ભુંડે હાલેરે તુ માર.
... બીવરાવે છે તેમ તારૂં શુરવીર શું. માર.
...જ માર્યો છે, ને વળી મુજને મારેરે તુ. માર.
... તુને નરકે ભુંડા પડીશ તુ. માર.
...થમાં, ને થકી પ્રાણ કાઢુ રે હું. માર.

... ત્યાં સીધરાજ પોતાની તરવાથી તેનું માથું

...રા એક પુત્રની પણ તને ... ન આવી

તે નીરદોશલુા બોલવાથી પગર પળી જાય તો તારી વજર છાતીમાં એક પણુ અંકુર ન ફુટયો (ગુસ્સામાં) પાપી નીચ, મારા બે પુત્રો અને પતીનો નાશ કરી મને એકલી કરી તુ તારી મનોવૃતીમાં સફળ થઇશ ચંડાળ લાવ મારા પવિત્ર પતીનું શબ.

सोरठो.

…यणने परडते, कहो ता कुवा भरावीये;
माणेरो मरते शरीरे संरणा वहे.

(રાણીકદેવી લાલ આંખે અને ધ્રુજતે શરરિ)

રાગ જુઓ જુઓ વીપ્રે ભીડી હામ.

બસ બસ બસ થઇ હવે બહુ, ક્ષત્રાણી સત ચુકે રે,
જગ જોશે દાખલો સહુ, સતી શીર નહી મુકેરે.

તારા કૃત્યમાં નહી કચાશ,	ક્ષત્રાણી.
તુજ નીશફળ સર્વે આસ.	સતી.
લાવ પવિત્ર પતીનુ શબ,	ક્ષત્રાણી.
થાવું સતી જોતાં જગ.	સતી.
નહીતર બાળી હુ કરૂ ખાખ	સતી.
છેવટમા કહુ નીરધાર,	ક્ષત્રાણી.
તું વાંઝીયો મરજે સાર,	સતી.
તુજ રાજ થશે પાયમાલ	ક્ષત્રાણી.
તુ મરજો ભુડે હાલ.	સતી.

દુષ્ટ લાવ મારા પવીત્ર પતીનુ શબ બસ હવે બહુ થઈ મારા શરીરમાં રગે રગ સત ચટયું છે વીમાન મને અને મારા પતીને આવે છે તે જો મારા પ્રીયતમની સાથે જવા દુષ્ટ મને મોકુ ? તારા રોકવાથી હુ રોકાઇશ નહી એમ તુ નીશ્ચે જાણજે, પ્રાણનાથ બોલાવે છે પ્રાણપતી હુ આવી આવી, ચડાલના ?

सोरठो.

वायो वायु सवाय, वाये वेळु परजळे
ऊभो त्यां सीधराज, सत जोवा

सोर…

मारु पाटण देश, पाणी

सरखो सारठ देशे सावजडा सेजळ पीये,

सोरठो.

वाकु पाटण देश, जीसे पठोळा नीपजे,
सरवा सोरठ देश, लाखणी मळे लोवडी.

सोरठो.

वाये फरके मुछडी, रयण जबुके दंत;
जुवो पटोळा वाळीया लोवडी वाळीना कंथ.

सोरठो.

जे सांचे सोरठ घडयो, घडीयो रा'खेंगार;
ते सांचो भागी गयो, जातो रहो लुहार.

सोरठो.

वारु सेहेर वढवाण, भागोळे भोगावो वहे.
भोगवनो खेंगार, भोगव भोगावा धणी.

સિદ્ધ—(હાથ જોડી) ક્ષમા કરો અને ચાલો મારી સાથ.

પ્રવેશ ૮ મો.

સ્થળ—ભોગવાના કાંઠા ઉપરની વિશાળ જગા.

પાત્ર—સિધરાજ ઇત્યાદી સ્ત્રી પુરૂષો

(રાણકદેવી ધોળા વસ્ત્ર પહેરી પીયળ કાઢી કેશ છુટા મુકી)
ચીતા પાસે પોતાના પતીનુ શબ ખોળામા લઈ ગુરૂ ગીર-
નારીની પ્રાર્થના કરે છે

(રાગ દિન જાણિ દયા આણિ)

ને જાણી શરણી સુખ આપોરે,
પો માતા.
ગી છે તારી.
માતા કાપો ઉતાપોરે,
માતા
પાસે.
ચે આપોરે;

કષ્ટ રૂદયના તમે કાપો — માતા
પતીવ્રત કારણુ થાય છે મારણુ,
તારણુ થાઓ તમે માતા હાથ વીર થાપોરે,
કષ્ટ રૂદયના તમે કાપો. — માતા

સિધ—(પગે પડી) હે માતુશ્રી મારા કામાંધપણામાં મારેથી જે કંઇ અવીચારી કૃત્ય થયુ છે તેથી મને ક્ષમા દેશો

રાણિક—જા તારી ગાદી ઘણા વરસ ટકશે તુ મારી યાદગીરી માટે આ જગોએ એક દેવળ બધાવજે અને છેલે તુને એટલો શ્રાપ આપુ છુ કે તે માગ બે બાળકોનો વધ ઘાતકી રીતે કર્યો છે તેથીતુ' અતે પુત્ર વીનાનો મરજે

રાણકદેવી એટલુ બોલી સુર્યનારાયણ સામે હાથ જોડી સ્તુતી કરેછે.

(દયાળુ દેવ કૃપાળુ તું)

(ડસકા ભરતી)

જગતનારે પ્રભુ પ્યારા, પડીછુ હુ શરણ તારા,
કૃપા તારી ઠળે નહી કોઈ, હા હ હા હા હ હો હો — જગ
દીધુ છે દુખ અતીશે આજ હ હા હા હા હ હો હો હો — ૨
કરી અતે તે મારી સાય, હ હા હા હા હ હો હો હો — ૩
હાર્યા બે પુત્ર પ્યારાને, હ હા હા હા હ હો હો હો — ૪
પતી પ્યારાના થયા બે હાલ, હ હા હા હા હ હોહો હો — ૫
કરી બે હાલ મુજને તે, હ હા હા હા હ હો હો હો — ૬
રાખી છે લાજ પ્રભુ તે આજ, હ હા હા હા હ હો હો હો — ૭
માગુછુ હુજ તારી પાસ રાણીને ગણ્ય ગાહુખેગાર — ૮
ભથોભવ અમને રાખજે સાથ હ હા હાં હા હ હો હો હો — ૯

સિધ—સતીત્વરપણાનુ ખરૂ ભુશણુ જે તમો ધારણ કરનો હો નો વગર અગ્નીથી બળો.

(રાણીકદેવીના જમણા પગના અંગુઠામાંથી અગ્નિ પ્રગટ થાય છે અને ક્ષણ વારમાં ચીતા પ્રદિપ્ત થાએ છે.

લોકોના સમુદાય—જય અંબે જય, અંબે અંબે માતકી જય.

(ચીતાના ઝાળ અને જયના પોકાર વચે પડદાનો આટ પડે છે.)

અંક ૨ જો સમાપ્ત

સર્વ પાત્રો સાથે.

રાગ સનમ સખીરી રૂઠા ગયા.

યથા શક્તિ આ ખેલ ભજાવ્યો. અલ્પમતીથી છે રચીયો
જન મનરંજન કરવા આજે, તન મન ધનથી આદરીયો

ચેત.

આ કેળવણી સારી ખરી હીતકારી, હમેશાં મુકાવે, ચાલ તેતો નઠારી
સતી નારી કેરૂ, ચરીત્ર જે પવીત્ર, નજરે જોયું આજે ખરૂ તેજ

ચાલ.

નજરે જોયું નારી ચરીત્ર, સુંદર સારૂ હીતકારી;
વિદ્યાવંત ગુણવંત ભણેલી, હમેશ થાજો સૌનારી.
કુચાલ કેરાં ફળ ભોગવ્યા, સીધરાજ જે મા'રાજા,
દારૂએ તો દાટજ વાળ્યો, કોઇની નવ રાખી માજા.

ચેત.

ભુલા ચુક અમારી નજરે પડીજે
કૃપા કરી ને માફ કરીજે,
હમેશાં આશ્રય આપશો એજ આ,
તસ્દી તમારી માટે માગીએ આજ માફ.

ચાલ.

ભુલ ચુક મનમા નવ આણો, સાગ ગ્રહો સાજન તમે,
હસી ખુશીથી ઘેર પધારો દરશન દેજો આવે સમે,

સમાપ્ત

ઇસ્તેહાર ! ઇસ્તેહાર ! ઇસ્ત[illegible]

મેહરબાનો જહાં હો, આજકલ તવારીખ [illegible] અજુબે [illegible]
જમાનેકી મઝહબકી ચુનીંદા કિતાબે ઔર તુમહારે દીલપસંદ કીસ્સે
ઔર નાટક ઉરદુકી પ્યારી ઝબાનમે ઔર ગુજરાતી હરફોમે છપ-
વાઇ હૈ ઇન [illegible] ખરીદના મનઝુર હો વો કીમત દેકે યા
કાગજ ભેજકે મંગવા લેં ફકત નાટક ઉર્દૂ ઝબાન ઔર ગુજરાતી
હરફોમે

અલીબાબા ઔર ચાલીસ ચોર.	૦—૬—૦
સયદે હવસ.	૦—૬—૦
જહરી સાંપ.	૦—૬—૦
અસીરે હિર્સ.	૦—૬—૦
ખુબસુરત બલા.	૦—૬—૦
સુફેદ ખુન.	૦—૬—૦
અંજામે સખાવત બાદશાહ ખુદાદોસ્ત	૦—૫—૦
ઇંદ્ર સભા (સચીત્ર)	૦—૨—૦

ઔર ઇસી સીવાય બહોત જાતકે કીસ્સે કહાની વીગેરે મીલતેહે

ઠીકાના

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે

[illegible]